હિન્દુ કેલેન્ડરનાં સાત રહસ્યો

દેવદત્ત પટ્ટનાયક

અનુવાદ
રેશ્મા ઉદયન



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

VISIT…

LANZAROTE Caliente.COM

હિન્દુ કેલેન્ડરનાં સાત રહસ્યો

દેવદત્ત પટ્ટનાયક

અનુવાદ

રેખા ઉદયન



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

હિન્દુ કેલેન્ડરનાં સાત રહસ્યો

દેવદત્ત પટ્ટનાયક

અનુવાદ
રેખા [illegible]



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રોયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

Hindu Calenderna Saat Rahasyo
Gujarati Translation of English Bestseller
Seven Secrets from Hindu Calender Art
Written in English by Dr. Devdutt Pattanaik
Translated into Gujarati by Rekha Udayan
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૧૪

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Pattanaik, Devdutt
Hindu Calender na Sat Rahashyo /Devdutt Pattanaik; Trans. : Rekha Udayan
Ahmedabad : **R. R. Sheth & Co. Pvt. Ltd.,** 2014
184 p., 25.00 cm.
ISBN : 978-93-5122-139-5
(1) Religious I. Rekha Udayan II. Title

હિન્દુ કેલેન્ડરનાં સાત રહસ્યો

ડૉ. દેવદત્ત શૈક્ષણિક કારકિર્દીએ તબીબ છે, વ્યાવસાયિક સલાહકાર છે અને પુરાણવિદ્યાનો પૂરી લગનથી અભ્યાસ કરી, તેના તજજ્ઞ બન્યા છે. પુરાણકથાઓમાં આવતાં પૌરાણિક કથાઓ, પ્રતીકો અને ક્રિયાકાંડોનું આધુનિક દષ્ટિકોણથી મૂલ્યાંકન કરતા એમનાં લેખો અને પ્રવચનો વ્યાપક પ્રમાણ ધરાવે છે. હાલમાં ‘વિચાર એવા આચાર’માં વિશ્વાસ ધરાવનાર ‘ફ્યૂચર ગ્રૂપ’ની બધી જ સંસ્થાઓમાં સંસ્કાર-ઘડતર કરાવવા માટે તેઓ ‘ચીફ બિલીફ ઑફિસર’ તરીકે જોડાઈને એમની અમૂલ્ય સેવાનો લાભ આપી રહ્યા છે.

અર્પણ

કૅલેન્ડર આર્ટને સામાન્ય જનસમાજ સુધી સહજ રીતે પહોંચાડનાર સેંકડો કલાકારો અને મુદ્રકોને હું આ પુસ્તક વિનમ્રભાવે વિવેકપૂર્વક અર્પણ કરું છું.

લેખકની કલમે

આ પુસ્તકમાં આપેલાં ચિત્રો મેં ગલીઓના નાકે તથા મંદિરો તેમજ તીર્થસ્થાનોની બહાર બેસતા ફેરિયાઓ પાસેથી ખરીદીને મેળવ્યાં છે. કલા તજજ્ઞોએ આ ચિત્રનાં મૂળ સમજાવ્યાં છે – પરંતુ રાજા રવિ વર્મા જેવા કલાકારો અને ઓગણસીમી સદીની મુદ્રણકળાને કારણે આ ચિત્રો ભારતભરમાં ખૂણે-ખૂણે હિન્દુઓના ઘરો સુધી પહોંચ્યાં છે અને એ ચિત્રોમાં સામાન્ય મનુષ્યોની શ્રદ્ધા મૂર્તિમંત થઈ છે. હાલના સમયમાં વિદેશી પર્યટકો એનાં અલૌકિક કથાવસ્તુ તેમજ ભડકાઉ રંગોથી આકર્ષાયા છે. ફૅશનગુરુઓએ એ ચિત્રોનો ઉપયોગ ફૅશનપરેડમાં આવતા એમના મૉડલના વસ્ત્ર તેમજ એક્સેસરીઝ(ઉપકરણો)માં કરીને ગ્રાહકોનું, સંગ્રાહકોનું તેમજ મીડિયાનું ધ્યાન ખેંચ્યું છે, પણ મોટા ભાગના લોકોએ એ તરફ વિચારવાની તસ્દી જ લીધી નથી. આ બધાં ચિત્રો ક્યાંથી આવ્યાં? એ ચિત્રો શું કહેવા માગે છે? એનો અર્થ શું છે? વગેરે... તેને કારણે અજાણતાં આ પરમપાવન એવી કળા નિર્દોષપણે અવગણના પામીને કાલ્પનિક કલાસૃષ્ટિ બની ગઈ છે, જેના પ્રત્યે કેટલાક લોકો ભાવથી જુએ છે પણ મોટા ભાગના લોકો એને માનભરી દષ્ટિથી જોતાં નથી.

આવાં અસાધારણ ચિત્રોને સાવધાનીથી, યોગ્ય દલીલોથી, આપણી પૌરાણિક કલા પ્રત્યેના સ્વાભિમાનથી એમાં રહેલા વિષયવસ્તુના તર્ક અને અન્ય ધર્મો સાથે તુલનાત્મક અભ્યાસ કરીને સમર્થન આપીને સમજાવવાનો પ્રયત્ન થવો જોઈએ. શ્રદ્ધા ક્યારેય વિજ્ઞાન પર આધારિત ન હોઈ શકે. તદુપરાંત એમાં ‘Sin’ (પાપ) કે ‘પ્રૉફેટ’ (પયગંબર) જેવા શબ્દો હિન્દુ ધર્મજગતને સમજવામાં સહાયભૂત થતા નથી.

હિન્દુ પૌરાણિક કળાને સારી રીતે મૂલવવા માટે નવા દષ્ટાંતો અને નવા દષ્ટિબિંદુથી નવા પરિપ્રેક્ષ્યમાં સમજાવવી જોઈએ. હિન્દુ ધર્મગ્રંથો ગ્રીક, ખ્રિસ્તી અને પૌર્વાત્ય ધર્મગ્રંથો કરતાં તદ્દન ભિન્ન અભિગમ ધરાવે છે. તેથી એને માટે સંપૂર્ણ ચોકસાઈ અને સંભાવનાઓની નવી અર્થછાયા સમજવી જોઈએ. આ પુસ્તક દ્વારા મેં આ નવા રૂપ-નિદર્શનથી વાચકોને માહિતગાર કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તકમાં રંગોના કારણે વાચકો મુખ્ય વિષયવસ્તુથી દોરવાઈ ન જાય તે હેતુથી ચિત્રોને સભાનપણે શ્વેત-શ્યામ જ રાખ્યા છે. અહીં ચિત્રોની ગુણવત્તા પર વધારે ભાર મૂક્યો નથી, કારણ કે આ ચિત્રોને સૌંદર્યદષ્ટિથી નહીં, પણ આપણા પૂર્વજોએ રચેલા અદ્વિતીય દશય શબ્દભંડોળને અન્ય રૂપમાં – ચિત્રો દ્વારા – વ્યક્ત કરવામાં આવ્યું છે.

આ ચિત્રો દોરનાર તમામ કલાકારો તેમજ મુદ્રકોનો હું આભાર માનું છું. જોકે એ તમામને શોધવાનું કાર્ય મારા માટે ખૂબ મુશ્કેલ છે, કારણ કે આ ચિત્રોનું મુદ્રણ વિપુલ પ્રમાણમાં થયું છે અને વિવિધ કલાકારોએ એ ચિત્રોમાં સતત કંઈક નાવીન્ય ઉમેર્યું છે. વળી ઘણી વાર એક જ ચિત્ર જુદા-જુદા મુદ્રકોએ છાપ્યું હોય છે.

અંતે, આ કળાનું અર્થઘટન હિન્દુઓએ ઘણી રીતે કર્યું છે. તેમાંનો એક પ્રયત્ન મેં પણ મારી નજરે આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તક વાંચતી વખતે યાદ રાખજો :

અનંત પુરાણકથાઓમાં શાશ્વત સત્ય સમાયેલું છે.

પણ એ કોણે જોયું છે?

વરુણે જોયું છે, પણ એમનાં સહસ્ર નેત્રોથી,

ઈન્દ્રે એમનાં સો નેત્રોથી

અને મેં-ફક્ત મારાં બે નેત્રોથી...

અનુવાદકની કલમે...

ભારતીય પુરાણવિદ્યા એટલે માત્ર કથા-વાર્તાતત્ત્વ એવું નથી, પરંતુ મોટા ભાગનો સામાન્ય જનસમાજ એમાં રહેલા વાર્તાતત્ત્વને જ પકડી લે છે, એમાં રહેલી દિવ્યતાને જાણી શક્યો નથી. વિખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્મા અને બીજા ચિત્રકારોએ પુરાણશાસ્ત્રોના વિષયને લગતાં અનેક સુંદર ચિત્રો આપ્યાં છે અને એ ચિત્રો કૅલેન્ડરો દ્વારા હિન્દુઓના ઘરેઘરમાં પહોંચી ગયાં છે. જે 'કૅલેન્ડર-આર્ટ' તરીકે ઓળખાય છે. ડૉ. દેવદત્ત પટ્ટનાયક ભારતના ખ્યાતનામ પુરાણવિદ્યા તજજ્ઞ છે અને તેમણે આ ચિત્રોમાં દોરેલાં દેવ-દેવીઓ, એમનાં પ્રતીકો, વાહનો, આયુધો તથા અનેકવિધ પ્રસંગોના સૂચક અર્થો તર્કબદ્ધ રીતે અને સરળશૈલીમાં સમજાવ્યાં છે અને તે દ્વારા પુરાણવિદ્યાના આખા વિશ્વને આપણી સમક્ષ ખુલ્લું કરી આપ્યું છે.

આ પુસ્તકનો અનુવાદ કરતી વખતે ક્યારેક મેં ડૉ. દેવદત્તનો સંપર્ક સાધ્યો છે અને તેમણે ખૂબ સહૃદયતાપૂર્વક મને સહકાર આપ્યો છે, તે માટે હું કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. તદ્ઉપરાંત શ્રી પરમાનંદભાઈ ગાંધીએ પણ અમુક વિષય સમજાવવા માટે મને એમનો કિંમતી સમય ફાળવ્યો છે, તે માટે હું પૂજ્યભાવે એમનો ઋણ સ્વીકાર કરું છું.

આમ જુઓ તો પુરાણવિદ્યા મારો મનગમતો વિષય ખરો, પણ આ અનુવાદ દ્વારા પુરાણવિદ્યા પ્રત્યેનો મારો લગાવ વધી ગયો છે એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય.

અંતે, આ વિષયના અનુવાદ માટે મારામાં વિશ્વાસ રાખનાર શ્રી ચિંતનભાઈ તેમજ શ્રી રત્નરાજભાઈનો આભાર માનવાની તક લઉં છું.

- રેખા ઉદયન

❦ અનુક્રમ ❦



ગણેશાનું રહસ્ય
વિવિધ લોકો વિવિધ સ્વરૂપે જગતનિયંતાને જુએ છે.


ગંગાનદી આકાશમાંથી
અવતરણ કર્યું અને
શિવે પોતાની જટામાં
તેને ઝીલી લીધી.
શિવ જોગી, જે પછી
સંસારી બન્યા.
પાર્વતી પર્વતની
પુત્રી
ગણેશ હાથીનું મસ્તક
ધારણ કરેલ લહિયા
કાર્તિકેય
બાળયોદ્ધા
મૂષક (ઉંદર)
ગણેશનું વાહન
નંદિ નામનો પોઠિયો
(બળદ) શિવનું વાહન
મોર કાર્તિકેયનું
વાહન

ચિત્ર ૧-૧
શિવ પરિવાર

ચિત્ર ૧.૧ પિતા, માતા અને બે બાળકોના પરિવારનું 'પારિવારિક ફોટોગ્રાફ' જેવું દેખાય છે, પણ આ ચિત્ર સામાન્ય નથી. આ ચિત્રમાં પર્વતોમાં વિહરતા જોગી શિવ, તેમનાં પત્ની હિમાલયપુત્રી પાર્વતી, હાથીનું મસ્તક ધરાવતા તેમના એક પુત્ર ગણેશ અને હાથમાં ભાલો ધારણ કરેલા બીજા પુત્ર કાર્તિકેયનું છે.

હિન્દુ ધર્મથી અજાણ પરદેશીઓને આ ચિત્ર કંઈક વિચિત્ર લાગી શકે. તેમને એવા પ્રશ્નો થાય કે કોઈના માથાની જટામાંથી નદી કેવી રીતે નીકળે? કોઈના ધડ ઉપર હાથીનું મસ્તક કેવી રીતે હોય ? મોર પર સવારી કેવી રીતે થાય? અને વળી પાછા એ બધા ઈશ્વરનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરી શકે?

આ પ્રકારના સંદેહો હિન્દુઓને થતાં નથી, કારણ કે આપણે નાનપણથી જ આ ચિત્રોને જોતા આવ્યા છીએ. આપણા પૂર્વજોના સમયથી આપણી શ્રદ્ધા આ ચિત્રો સાથે જોડાયેલી છે. એ ચિત્રોમાં હિન્દુઓએ ઈશ્વરને જોયા છે. હિન્દુઓની ઈશ્વર વિશેની ભાવના અનન્ય છે. હિન્દુઓ, વનસ્પતિ, પ્રાણી તેમજ મનુષ્યોમાં ઈશ્વરનું સ્વરૂપ જુએ છે. જ્યારે ઈસ્લામ ધર્મમાં એવું નથી. હિન્દુ ધર્મમાં અનેક દેવદેવીઓ છે. એમને એક સંપૂર્ણ ચિત્ર તરીકે પણ જોઈ શકાય છે અને એ પ્રત્યેક દેવ-દેવીઓનું આગવું વ્યક્તિત્વ પણ છે. જ્યારે ખ્રિસ્તી ધર્મમાં એક જ ઈશ્વર છે.

એક કથા દ્વારા આ વિચારને વધારે સારી રીતે સમજાવી શકાશે. આ પરિવારજનો એક દિવસ સાથે બેઠાં હતાં ત્યારે નારદ મુનિ પધાર્યા. નારદ મુનિને એ જ્યાં જાય ત્યાં મુશ્કેલીઓ સર્જવામાં આનંદ આવતો હતો. એમણે નારદ-લીલા શરૂ કરતાં કહ્યું, 'તમારા શ્રેષ્ઠ પુત્ર માટે હું કેરી લાવ્યો છું.'

શિવજીએ પાર્વતીજી સામે જોઈને પૂછ્યું, 'કયો પુત્ર શ્રેષ્ઠ છે એ કઈ રીતે નક્કી થાય?'

પાર્વતીજીએ ઉપાય સુઝાવ્યો, 'આપણે બંને ભાઈઓ વચ્ચે હરીફાઈ યોજીએ. જે પુત્ર વિશ્વની પ્રદક્ષિણા ત્રણ વખત કરીને પહેલાં આવે તે શ્રેષ્ઠ.'

શિવજીએ સંમત થતાં કહ્યું, 'ભલે.'

ચિત્ર ૧-૨માં બતાવેલા શિવપુત્ર કાર્તિકેય આ સાંભળીને તરત જ તેમના વાહન મોર પર સવાર થયા અને પૃથ્વીની પ્રદક્ષિણા ત્રણ વાર કરીને પહેલા પાછા આવવાના દૃઢ નિશ્ચય સાથે આકાશમાં ઊડ્યા, પણ ગણેશ તો એમનાં માતાપિતા પાસે બેસીને એમના ઉંદરને રમાડતા રહ્યા. એમના સ્થાનેથી ઊઠ્યા જ નહીં. કાર્તિકેયે પૃથ્વીની એક પ્રદક્ષિણા કરી, બીજી પ્રદક્ષિણા કરી અને કુતૂહલવશ જોયું કે ગણેશ શું કરે છે! પણ ગણેશ તો હજી એમના સ્થાને જ બેઠા હતા. કાર્તિકેયને નવાઈ લાગી. ગણેશનાં હલનચલનનાં કોઈ ચિહનો જણાતાં નહોતાં. હવે કાર્તિકેય એમની ત્રીજી પ્રદક્ષિણા પૂરી કરવાની તૈયારીમાં જ હતા, ત્યાં ચિત્ર ૧-૩માં બતાવ્યા પ્રમાણે ગણેશ ઊભા થયા અને ઝડપથી એમનાં માતાપિતાની ત્રણ વખત પ્રદક્ષિણા કરી લીધી અને બોલ્યા, 'હું વિજયી થયો છું.'


કાર્તિકેયનો બાળસહજ ચહેરો શુદ્ધતા અને નિર્દોષતા સૂચવે છે.
કાર્તિકેયનો ભાલો તેને યુદ્ધના દેવ તરીકે ઓળખાવે છે.

ચિત્ર ૧-૨
કાર્તિકેય


કાર્તિકેય 'વિશ્વ'ના વસ્તુલક્ષી સત્યને (સ્થૂળ વિશ્વ) પ્રગટ કરે છે.
ગણેશ 'મારા વિશ્વ'નાં (સૂક્ષ્મ વિશ્વ) આત્મલક્ષી સત્યને ઊજવે છે.

ચિત્ર ૧-૩
પ્રતિસ્પર્ધા

કાર્તિકેય બોલ્યા, 'તું વિજયી થયો એમ કહીને તું શું કહેવા માગે છે? આખા વિશ્વની પ્રદક્ષિણા તો મેં કરી છે. તેં તો આપણાં માતાપિતાની પ્રદક્ષિણા કરી છે.'

'એ સાચું નથી. તેં વિશ્વની પ્રદક્ષિણા કરી છે. મેં મારા વિશ્વની પ્રદક્ષિણા કરી છે. બોલ, કયું વિશ્વ મહત્ત્વનું છે?'

આ વિશ્વ સ્થૂળ છે. જ્યારે મારું વિશ્વ સૂક્ષ્મ છે. આ વિશ્વ તર્કસંગત અને વિજ્ઞાનના સિદ્ધાંત મુજબ ચાલે છે, જ્યારે મારું વિશ્વ સહજસ્ફુરિત અને સંવેદનશીલ છે. તારું આ વિશ્વ વ્યાપક છે, જ્યારે મારું વિશ્વ તો સ્થાનિક – અહીંનું અહીં જ છે. પણ ગણેશ કહે છે તેમ, 'આમ આપણે બંને સાચા છીએ, પણ વધારે મહત્ત્વનું કોણ છે?'

વિશ્વને જોવાની દરેક સંસ્કૃતિની દૃષ્ટિ વિશિષ્ટ અને ભિન્ન છે. કેટલાક માને છે કે ઈશ્વર નિરાકાર છે, કેટલાકને માટે ઈશ્વર સાકાર છે. તેના વિવિધ રૂપ છે. કોણ સાચું? કેટલાક માને છે કે જીવન એક જ વાર મળે છે. પુનર્જન્મ હોતો જ નથી, તો કેટલાકના મતે આ જીવન એટલે જન્મોના ભવોભવનાં ચક્રમાંનો આ એક જન્મ – આ એક ભવ, કોણ સાચું? આ બધા પ્રશ્નોના ઉત્તરો ક્યારેય સર્વસામાન્ય હોતા નથી. એના ઉત્તરોનો આધાર સંસ્કૃતિ પર નિર્ભર હોય છે. દરેક ધર્મની સંસ્કૃતિ આગવી હોય છે, વિશિષ્ટ હોય છે. એ સંસ્કૃતિ દ્વારા ધર્મનો ફેલાવો થાય છે અને એ ધર્મની અસરથી વ્યક્તિમાં સહિષ્ણુતા ઓછી હોય છે અથવા સાનુકૂળ થવાનો ગુણ વધારે હોય છે અને તેથી મારું વિશ્વ વધારે મહત્ત્વનું છે.











ચિત્ર ૧-૪
વિવિધ દૈવી સ્વરૂપો

મારું વિશ્વ કલ્પનાની નીપજ છે. દંતકથાની જેમ વાર્તાતત્ત્વ, પ્રતીકો અને ક્રિયાકાંડને પુરાણકથાઓમાં વણી લેવામાં આવે છે. આ વાર્તાતત્ત્વ, પ્રતીકો અને ક્રિયાકાંડની કથાઓ બહારની વ્યક્તિઓને અજુગતી લાગે, પણ હિન્દુ ધર્મના શ્રદ્ધાળુઓને તે સંપૂર્ણપણે અર્થસભર લાગે છે. તેના ઉદાહરણરૂપે આ પુસ્તકમાં ચિત્ર ૧-૧ તેમજ અન્ય ચિત્રો આપ્યાં છે. હિન્દુઓને એ પ્રત્યેક ચિત્ર-સ્વરૂપ અર્થસભર અને સંતોષકારક લાગે છે. એની તર્કસંગતતા વિશે કોઈને સંદેહ હોય, તે રીતે કોઈ બોલતું નથી. એટલે જ શિવજીની જટામાંથી ગંગા નદીની ધારા નીકળે છે, એમના પુત્રના ધડ ઉપર હાથીનું મસ્તક બેસાડેલું છે. જો આ વિષયને તટસ્થતાથી અને જિજ્ઞાસાવૃત્તિથી જોવામાં આવે તો ભારતીય સંસ્કૃતિના હાર્દને સમજવા માટેની બારીઓ ખૂલી જાય છે.

આધુનિક યુગમાં દરેકની અનુભૂતિ એકસરખી હોતી નથી. એકબીજામાં તાદાત્મ્યનો અભાવ છે. દરેક ચીજનું મૂલ્યાંકન કરવામાં આવે છે. દરેક ચીજનું પરિમાણ જાણવામાં આવે છે. દરેક વિચારને ગણિત અને વિજ્ઞાન દ્વારા હકીકત અને પુરાવા દ્વારા સમર્થન મળવું જોઈએ એમ માનવામાં આવે છે, પરંતુ જીવનમાં ઘણી ચીજો એવી છે જેને માત્ર તર્કથી જાણી શકાતી નથી – જેમ કે મૃત્યુ અને જગતનિયંતા. મૃત્યુ પછી શું થાય છે? કોને ખબર? દરેક સંસ્કૃતિ પાસે એનો જુદો-જુદો જવાબ છે અને એ દરેક જવાબ વ્યક્તિગત સત્ય ધરાવે છે, તેથી જ તે દરેક જવાબ કલ્પિત છે, માત્ર માન્યતા છે.

નોંધ : અહીં ભાષાની સ્પષ્ટતા કરવી જરૂરી છે. અંગ્રેજી ભાષામાં જગતનિયંતા માટે ‘ GOD ’ (કેપિટલ G) અને જગતજનની માટે ‘ GODDESS ’ (કેપિટલ G) તથા દેવતા માટે ‘ god ’ (નાનો g) અને દેવી માટે ‘ goddess ’ (નાનો g) લખાય છે. આ પુસ્તકમાં આ બંને શબ્દો એ રીતે ‘જગતનિયંતા-જગતજનની’ અને ‘દેવતા-દેવી’ તરીકે પ્રયોજવામાં આવ્યા છે.



શુક મુનિનું પોપટ જેવું મુખ સૂચવે છે કે તેમણે જે જ્ઞાન સાંભળ્યું તે જેમનું તેમ (ફેરફાર કે ઉમેરેણ કર્યા વગર) વર્ણવ્યું છે.
શુક મુનિની બાંધેલી જટા તેમના જ્ઞાનનું દ્યોતક છે.
કપાળ પર કરેલું ઊભું તિલક ભગવાન વિષ્ણુનું સૂચક છે.
તપસ્વીના આદર્શને ... રુદ્રાક્ષની માળા.
બ્રહ્માએ વેદોનું ગાન કર્યું, તે બધાં ઋષિઓએ સાંભળીને સમગ્ર માનવજાત સુધી પહોંચાડ્યું.
પૃથ્વી પર અવતાર લેનાર ભગવાન શ્રીકૃષ્ણની જીવનલીલાને આવરી લેતું ભાગવતપુરાણ શુક મુનિની સામે છે.
પવિત્ર ધર્મગ્રંથોનું વાચન કરીને તેને કંઠસ્થ કરવા માટે ઉપયોગમાં લેવાતી માળા.


ચિત્ર ૧-૫
બ્રહ્મા શુક મુનિને અશીર્વાદ આપે છે.

શિવ એક જગતનિયંતા (a God) છે, એ જગતનિયંતા (God) નથી. અહીં વ્યાકરણનો તફાવત જુઓ : શિવ માટે 'જગતનિયંતા' નહીં, પણ 'એક જગતનિયંતા' લખ્યું છે. એટલે કે એકવચન પર ભાર મૂક્યો છે. અર્થાત્ એમના સિવાય અન્ય જગતનિયંતાઓનું અસ્તિત્વ પણ છે. હિંદુ વિશ્વની આ મહત્ત્વની અજોડ બાબત છે — જગતનિયંતાનું અસ્તિત્વ એકવચનમાં નથી. અને જગતનિયંતાનું અસ્તિત્વ માત્ર નરજાતિમાં નથી. (એટલે કે જગતનિયંતા એક કરતાં વધારે છે, અને જગતનિયંતા નારીજાતિમાં પણ છે. ચિત્ર ૧-૪માં શિવનાં પત્ની પાર્વતી જગતજનની છે. તેમની મહત્તા તેમના પતિ શિવ જેટલી જ છે. ગણેશ અને કાર્તિકેય દેવતા (gods - without capital) છે. એ સૂચવે છે કે એમના કરતા શિવ અને પાર્વતીનું સ્થાન ઉચ્ચ છે. ગણેશ વિઘ્નહર્તા છે અને કાર્તિકેય અસુરો સાથેના દેવોના યુદ્ધમાં દેવોના સેનાપતિ છે, પરંતુ શિવજી જ્યારે એમના નેત્રો બંધ કરી દે છે ત્યારે સમગ્ર સૃષ્ટિનો લય થઈ જાય છે અને તેથી શિવજીને 'સંહારક' કહેવામાં આવે છે અને તે જગતનિયંતા ગણાય છે. પાર્વતીને 'જગતજનની' કહેવામાં આવે છે, કારણ કે તે ભય અને પ્રેમ, આધિપત્ય અને સનેહ જેવી બધી જ લાગણીઓને વ્યક્ત કરે છે. જ્યારે શિવની જટામાંથી વહેતી ગંગાને 'દેવી' (a goddess) કહેવામાં આવે છે, કારણ કે તેની દિવ્યતા એ નદી સુધી જ સીમિત છે.

વસ્તુત: ઈશ્વર નિરાકાર છે, પણ સામાન્ય લોકોને સમજાવવા માટે તેને આકાર (રૂપ) આપવો જરૂરી છે. એ આકાર પણ અપૂર્ણ રહે છે. કોઈ પણ આકાર એની દિવ્યતાને સમજાવવા માટે સમર્થ નથી. આમ, જગતનિયંતા અને જગતજનની તથા દેવ-દેવીઓમાં આપણે જે આકારોની કલ્પના કરી છે તે અપૂર્ણ છે, તેમ છતાં તે આકારો અથવા સ્વરૂપો દ્વારા આપણે દિવ્ય જગતની સંપૂર્ણ કલ્પનાને સમજી શકીએ છીએ.

આ વિષય એટલો સરળ નથી, ખૂબ જટિલ છે. જે મંદિરમાં માત્ર ગણેશની પૂજા થતી હોય કે માત્ર કાર્તિકેયની જ પૂજા થતી હોય (તેમનાં માતાપિતા શિવ-પાર્વતી ન હોય ત્યારે) ત્યારે તે દેવતા નહીં, પણ જગતનિયંતા તરીકે પૂજાય છે. અનંત દિવ્યતાના સીમિતરૂપ તરીકે તે વ્યક્ત થાય છે.

વિવિધ સ્વરૂપો દરેક સંસ્કૃતિની ઓળખ થવા પામે છે. ઉદાહરણ તરીકે ચિત્ર ૧-૫ જુઓ. એમાં એક ચતુર્મુખી પુરુષના એક હાથમાં ગ્રંથ છે અને પોપટ (શુક) જેવું મુખ ધરાવતાં એક ઋષિને તે આશીર્વાદ આપી રહ્યા છે. એ ચતુર્મુખી પુરુષ બ્રહ્મા છે. તેમણે માનવજાતના કલ્યાણ માટે સૌપ્રથમ વાર ઋષિઓ સમક્ષ વેદોની ઋચાઓનું ગાન કર્યું હતું. હિન્દુ ધર્મના અગાધ જ્ઞાનના સ્રોત સમા વેદોમાં શ્લોકો દ્વારા એ જ્ઞાન સચવાયું છે. એ જ્ઞાન સમયાતીત અને સર્વકાલીન છે. આ વેદો મનુષ્યરચિત નથી, તેથી તેનું પઠન દિવ્ય સાક્ષાત્કાર કરાવે છે. કહેવાય છે કે પ્રાચીનકાળમાં જ્યારે પણ દુષ્કાળ પડ્યો હતો ત્યારે ઋષિમુનિઓને કંઠોપકિંઠ ગવાતા વેદોના શ્લોકોની વિસ્કૃતિ થઈ ગઈ હતી, પરંતુ સદ્ભાગ્યે વ્યાસમુનિને તે ફરી સ્મૃતિપટ પર આવી ગયા હતા. તે સમયે વ્યાસમુનિએ તેને સંકલિત કરી લીધા, તેથી વ્યાસમુનિ 'વેદવ્યાસ' તરીકે પણ પ્રસિદ્ધ છે. પોપટ જેવું મુખ ધરાવતા શુક મુનિ વ્યાસમુનિના પુત્ર છે. વૈદિક જ્ઞાન આપણે તેમના થકી પામી શક્યા છીએ.




ચિત્ર ૧-૬
ઋષિ અથવા સિદ્ધ્ પુરુષ

ચતુર્મુખી પુરુષનું પોપટ જેવું મુખ ધરાવતા ઋષિને આશીર્વાદ આપતું ચિત્ર પ્રતીકાત્મક અર્થ સૂચવે છે. ચાર મસ્તક ધરાવતા પુરુષ બ્રહ્મા છે – એમના સ્વરૂપ સાથે સ્ત્રીનું સ્વરૂપ નથી તેથી તે અપૂર્ણ છે,

પરંતુ એમનું અસ્તિત્વ છે એટલે સ્ત્રીનું અસ્તિત્વ પણ હોવું જોઈએ. પણ એ સ્ત્રી ક્યાં છે? એ અદૃશ્યરૂપે છે. એમ માનીને આ ચિત્રને પ્રમાણિત અને સંપૂર્ણ ગણવું છે. બ્રહ્માએ એ નિરાકાર રૂપને જ્ઞાન તરીકે શુક મુનિમાં ઉતાર્યું છે — એ જ્ઞાનદેવી સરસ્વતી છે, જે વેદમાતા તરીકે સંબોધાય છે. વેદની રચના બ્રહ્માએ કરી નથી. સ્ત્રીના સહયોગ વિના પુરુષ સર્જન કરી શકતો નથી - ઈશ્વર પણ સર્જન કરી શકતા નથી. કેટલાકના મતે સરસ્વતીએ બ્રહ્માને પ્રેરણા આપી, તો કેટલાક કહે છે કે બ્રહ્માએ સરસ્વતીને સાંભળ્યા. એ જે હોય તે, પણ એના પરિણામે વેદનું પ્રાગટ્ય થયું અને બ્રહ્મા તેમાં માત્ર કારણભૂત જ બન્યા હતા.

બ્રહ્માનાં ચાર મસ્તક ચાર વેદનાં સૂચક છે. જીવનમાં ચારેય ધ્યેય મહત્ત્વના છે એમ વેદ દ્વારા પ્રમાણભૂત કરવામાં આવ્યું છે. એ ચાર ધ્યેય એટલે ધર્મ (સદ્‌વ્યવહાર), અર્થ (આર્થિક ઉપાર્જન), કામ (આનંદ) અને મોક્ષ (આધ્યાત્મિક અભ્યાસ). જેમ બ્રહ્મા એમના ચાર મસ્તક વગર અપૂર્ણ છે તેમ આપણું જીવન પણ આ ચાર ધ્યેયમાંના એક પણ ધ્યેય વગર અપૂર્ણ છે.

શુક એટલે પોપટ, પોપટ જેવું મુખ ધરાવતાં શુક મુનિ દ્વારા ગર્ભિત રીતે સૂચવાયું છે કે બ્રહ્માએ તેમને જે જ્ઞાન આપ્યું તે કંઈ જ ફેરફાર કે ઉમેરણ કર્યા વગર પ્રસારિત કરવામાં આવ્યું છે — એ માત્ર અનુકરણ (પોપટિયું) છે. આ રીતે આ ચિત્ર દ્વારા લોકોને જ્ઞાનના પ્રગટીકરણ અને પ્રસારણનાં ઉદ્‌ભવસ્થાન અંગેની માન્યતાને સમજાવવામાં આવી છે.


શ્વેત અશ્વ પર સવાર થઈને હાથમાં તલવાર વીંઝતા મધ્યકાલીન યોદ્ધા જેવા લાક્ષણિક દેખાતા ગ્રામરક્ષક ખંડોબા.
ગ્રામદેવી તરીકે ખંડોબાની વીરાંગના પત્ની મ્હાલસા.
ખલનાયકોને (દુષ્ટ માણસોને) ભરાવદાર મૂછોવાળા બતાવ્યા છે, તે તેમની ઉગ્ર મર્દાનગી સૂચવે છે.
રૂઢિચુસ્ત મુખ્ય પ્રવાહમાં અપશુકનિયાળ મનાતા શ્વાન, લોક-પ્રણાલિમાં પવિત્ર ગણાય છે.
વીસમી સદીના પ્રારંભકાળથી કલાકારો રંગભેદની નીતિની અસર તળે ખલનાયકોને ઘેરા શ્યામવર્ણા બતાવે છે.


ચિત્ર ૧-૭

ખંડોખા

ચિત્ર ૧-૬ હિન્દુ પવિત્ર સંત પુરુષનું છે. તે ઋષિ છે. તેમણે મન તથા ઈન્દ્રિયો પર સંપૂર્ણ નિગ્રહ કેળવ્યો છે. એ સંસાર પ્રત્યે આસક્ત નથી. સામાન્ય મનુષ્યોની સઘળી મર્યાદાઓને તે અતિક્રમી ગયા છે. સામાન્ય મનુષ્ય જ્યારે આ કક્ષાએ પહોંચે છે ત્યારે વિસ્મયકારક ઘટનાઓ બને છે. બધા જ સંઘર્ષો શમી જાય છે. પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવ જાગે છે. ગાય અને બકરી જેવાં પ્રાણીઓને હિંસક વાઘનો ભય લાગતો નથી. દંતકથાઓમાં કહેવાયું છે કે સર્પો સંપત્તિનાં રક્ષણહાર છે, તે જ સર્પો સંપત્તિને છૂટથી લોકોમાં વહેંચે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાણીમાત્રમાં તેની સ્વભાવગત અને સંસ્કૃતિદત્ત નકારાત્મકતાઓ રહેતી નથી. સર્વત્ર શાંતિ અને સંવાદિતા જળવાય છે. અછત અને ભય રહેતાં નથી. કદાચ એને જ પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવ્યું છે, એમ આપણે કહીએ છીએ. પૃથ્વી પર સ્વર્ગ ઉતરાવનાર વ્યક્તિઓને - સંતપુરુષોને હિન્દુઓ પૂજે છે. એમને માત્ર સંત તરીકે જ નહીં, કેટલીક વાર તો એવી વ્યક્તિઓને પૃથ્વી પર ઊતરી આવેલા ઈશ્વરસ્વરૂપે હિન્દુઓ પૂજે છે.

મહારાષ્ટ્રમાં આવા જ એક સંતપુરુષ થઈ ગયા. તે છે ખંડોબા. ચિત્ર ૧-૭ ખંડોબાનું ચિત્ર છે. ખંડોબા અશ્વ પર સવાર છે. એમની બાજુમાં એમનાં પ્રથમ પત્ની મ્હાલસા છે. મ્હાલસા વ્યાપારી પિતાની પુત્રી છે. ખંડોબા સાથે મલ્લ અને મણિ નામના બે રાક્ષસો યુદ્ધ કરી રહ્યા છે. સંસ્કૃત ગ્રંથોમાં ડેક્કન પ્રદેશના ખંડોબાનો શિવના રૂદ્ર સ્વરૂપ માર્તંડ ભૈરવી તરીકે ઉલ્લેખ થયો છે. ડેક્કન પ્રદેશના ક્ષેત્રપાળરખેવાળ તરીકે ખંડોબા રાક્ષસો સાથે યુદ્ધ કરે છે. તે સમયે, યુદ્ધ કરવા બદલ રાક્ષસ મણિને પશ્ચાત્તાપ થતાં તેણે માફી માગી અને પરિણામે તેને મંદિરના પરિસરમાં સન્માનપૂર્વક સ્થાન આપવામાં આવ્યું છે અને રાક્ષસ મલ્લને ખંડોબાનાં દર્શને આવતાં દર્શનાર્થીઓના પગતળે એ સતત કચડાયા કરે એ રીતે મંદિરનાં પગથિયાં પાસે નીચે સ્થાન આપીને શિક્ષા કરવામાં આવી છે.

ખંડોબાને હરિદ્રા-હળદર અતિ પ્રિય હતી, તેથી તેમની પ્રતિમા પર હળદરનું પૂરેપૂરું લેપન કરવામાં આવે છે. હળદર પીળા રંગની વનસ્પતિ છે. તેનામાં રોગપ્રતિરોધક શક્તિ રહેલી છે. હળદર ખંડોબાને પ્રિય હોવાથી તેમની ઘણી નજીક છે, તેથી ખંડોબાની રક્ષણહાર તરીકેની છાપ વધારે દૃઢ રીતે ઊપસે છે. હળદરનો સુવર્ણ જેવો પીળો રંગ ખંડોબાને રક્ષણહાર તરીકે સુવર્ણ સમાન ગણાવે છે. ખંડોબા વીર્યવાન દેવપુરુષ છે. તેમની કૃપાથી સંતાનપ્રાપ્તિ થાય છે. એમ કહેવાય છે કે ખંડોબાને ઘણી પત્નીઓ હતી. એમની પ્રથમ પત્ની મ્હલસા વ્યાપારી કુટુંબની હતી, જ્યારે એક બીજી પત્ની બનાઈ ભરવાડ કોમની છે. એમની અન્ય પત્નીઓ દરજી, મોચી તેમજ માળી કોમની પણ હતી.




ચિત્ર ૧-૮
પૃથ્વી પરના જગતનિયંતા – આંધ્રપ્રદેશમાં વસેલા તિરુપતિ બાલાજી સ્વરૂપે તેમની પત્નીઓ અને

દ્વારપાળો સાથે.

એક જ ગ્રામદેવતાનાં વિવિધ કોમની સ્ત્રીઓ સાથે લગ્ન થયાં હોવાથી બધી જ કોમો એકસૂત્રે બંધાયેલી રહે છે તેવું મનાય છે અને એ રીતે ખંડોબાના કારણે દરેક કોમ પોતાનું આગવું મહત્ત્વ જાળવી શકી છે. બધી કોમો પરસ્પર સંપભાવે રહેતી હોવાથી જીવનનિર્વાહ માટે એકબીજાને ટેકારૂપ બની રહે છે. હિન્દુઓના સર્વમાન્ય જગતનિયંતા મહાદેવ શંકર સાથે ખંડોબાનું અનુસંધાન થવાથી એ નાનકડા ગામની પ્રજા વિશાળ હિન્દુ પ્રજાનો એક અંશ બની રહી છે. આ એક જ ગામમાં ખંડોબા દેવસ્વરૂપે પૂજાતા હોવા છતાં તે ગામ વિશ્વનો એક ભાગ છે. એ ગામમાં દેવસ્વરૂપે પૂજાતી એ વ્યક્તિ વિશ્વચૈતન્ય જગતનિયંતાનું જ સ્થાનિક સ્વરૂપ છે.

આમ, ખંડીબાની પુરાણકથા શ્રદ્ધાળુઓની શ્રદ્ધા પર આધારિત છે. શ્રદ્ધાળુ પ્રજાને એમની નિત્ય જીવન-જરૂરિયાતોને સંતોષનાર અને એમનું રક્ષણ કરનાર ઈશ્વર જોઈએ છે. એ પ્રજા ઇચ્છે છે કે એમનું કુટુંબ અને એમનું ગામ પોતાની આગવી ઓળખ યથાવતૂ રાખીને હિન્દુ વિશ્વજગતનો એક ભાગ બની રહે. એમ કરવાથી એમનાં સ્થાનિક દેવપુરુષ અને જગતનિયંતા એવાં બંનેને પૂજે છે અને બંનેની એમના પર કૃપા રહે છે.

ચિત્ર ૧-૮ ભગવાન વિષ્ણુનું ચિત્ર છે. ભગવાન વિષ્ણુને હિન્દુ ધર્મના બધા જ લોકો પૂજે છે. ભગવાન વિષ્ણુ મહાદેવ શિવ કરતાં ઘણી રીતે જુદા પડે છે. મહાદેવ શિવ હિમાચ્છાદિત પર્વતોમાં રહેતા જોગી છે, જ્યારે ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષનાગની શય્યા પર બિરાજમાન રાજા છે. એમના ચરણકમળ પાસે એમની બે પત્નીઓ છે – ભૂદેવી અને શ્રીદેવી. ભૂદેવી એટલે પૃથ્વીલોકની દેવી અને શ્રીદેવી એટલે સ્વર્ગલોકની દેવી. આ ચિત્રમાં ભગવાન વિષ્ણુના શરીરનો નીચેનો અર્ધો ભાગ સ્થાનિક લોકોએ બનાવેલા સ્વરૂપનો છે. એ તિરુપતિ બાલાજી છે. એમનું વિશ્વવિખ્યાત મંદિર આંધ્રપ્રદેશમાં આવ્યું છે.



ચિત્ર ૧-૯
ચામુંડા અને ચોટીલા

એક કથા પ્રમાણે, એક વાર વિષ્ણુ અને એમનાં પત્ની શ્રી વચ્ચે તકરાર થતાં શ્રી વિષ્ણુનું

નિવાસસ્થાન ત્યજી દે છે. વિષ્ણુ તેમની શોધમાં સ્વર્ગમાંથી પૃથ્વી પર આવે છે. એ શોધ દરમિયાન વિષ્ણુ દક્ષિણ ભારતમાં સાત પર્વતોની વચ્ચે આવેલા એક પ્રદેશના રાજાની કુંવરી પદ્માવતી પ્રત્યે આકર્ષાય છે. પૃથ્વી પર ખંડોબાએ જેમ અનેક પત્નીઓ સાથે સંવનન કર્યું હતું તે જ રીતે વિષ્ણુએ પણ પદ્માવતી સાથે સંવનન કર્યું. અંતે સંવનનકાળ દરમિયાન પદ્માવતી વિષ્ણુ સાથે લગ્ન કરવા રાજી થયા, પરંતુ નવવધૂ તરીકે એમણે વિષ્ણુ પાસે ઘણી ઊંચી કિંમત માગી. એ કિંમત ચૂકવવા માટે વિષ્ણુએ જગતજનની શ્રીદેવી(લક્ષ્મીજી)ના ખજાનચી કુબેર ભંડારી પાસેથી ઋણ સ્વરૂપે મોટી રકમ લીધી. એ ઋણ આપવા માટેની પૂર્વશરત હતી કે જ્યાં સુધી એ ઋણ સંપૂર્ણપણે ચૂકવાઈ ન જાય ત્યાં સુધી વિષ્ણુ એમનાં પત્ની શ્રી કે પદ્માવતી સાથે સ્વર્ગમાં પુનઃ પ્રવેશ કરી ન શકે. તેથી વિષ્ણુ તિરુપતિ બાલાજીના સ્વરૂપે સાત પર્વતોની વચ્ચેના પ્રદેશમાં સ્થાયી થયા. તિરુપતિ બાલાજી પરનું ઋણ ચૂકવવામાં સહાયભૂત થવા માટે એમના ભક્તો વિષ્ણુને - બાલાજીને વિપુલ પ્રમાણમાં સંપત્તિ ચઢાવે છે અને કૃતજ્ઞતાવશ વિષ્ણુ એમના ભક્તોની સંપત્તિમાં વૃદ્ધિ થયા કરે એવા આશીર્વાદ આપે છે.


ચિત્ર ૧-૯ ગુજરાતની દેવીઓનું છે. ગુજરાતમાં તે 'ચામુંડા' માતા તરીકે પ્રસિદ્ધ છે. લાલ અને લીલી ચૂંદડી ધારણ કરેલી, ત્રિશૂળધારી સિંહનું વાહન રાખતી આ દેવીઓ પર્વતની ટોચ પર બિરાજે છે. આ બંને દેવીઓને નગાધિરાજ હિમાલયપુત્રી અને હિમાલયનિવાસી મહાયોગી શિવના શક્તિસ્વરૂપ પત્ની જગતજનની પાર્વતીનું જ સ્વરૂપ માનવામાં આવે છે. ચિત્ર ૧-૭ અને ચિત્ર ૧-૮માં બતાવેલા દેવસ્વરૂપોને દેવતા તેમજ જગતનિયંતા બંને માનવામાં આવે છે. એ જ રીતે ચિત્ર ૧-૯માં બતાવેલી આ બંને દેવીઓને પણ દેવી તેમજ જગતજનની માનવામાં આવે છે. તેથી આ બંને દેવીઓના ભક્તો સ્થાનિક હોવા છતાં સમસ્ત હિન્દુ પ્રજાનો જ અંશ મનાય છે. આ બંને દેવીઓ યુગમ સ્વરૂપે કેમ બતાવાઈ છે, તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. કેટલાક માને છે કે ચોટીલા અને ચામુંડા બે બહેનો છે. કેટલાક લોકો ચોટીલાને ચામુંડાની સાથીદાર માને છે. એવું કહેવાય છે કે ચંડ અને મુંડ નામના બે અસુરોને હણવા માટે જગતજનનીએ બે સ્વરૂપ ધારણ કર્યાં હતાં અને એ બે સ્વરૂપો પાછળથી 'ચંડી' અને 'ચા-મુંડી' તરીકે ઓળખાયાં. ચંડ અને મુંડ નામના રાક્ષસોને જેણે હણ્યા તે જગતજનની 'ચામુંડા' છે અને પર્વતની ટોચ પર બિરાજમાન 'ચોટીલા' દેવી છે. તમે જોઈ શકશો કે ચિત્ર ૧-૭ અને ચિત્ર ૧-૮માં દેવતાઓની સાથે તેમની પત્નીઓ પણ છે, જ્યારે અહીં ચિત્ર ૧-૯માં ચોટીલા અને ચામુંડા દેવીઓની સાથે કોઈ પુરુષ નથી, પતિ નથી. એ સૂચવે છે કે તે બંને દેવીઓ અપરિણીત છે. લગ્ન એટલે સંસારી જીવન, એવું માનવામાં આવે છે કે અપરિણીત રહીને સંતાનને જન્મ નહીં આપવાથી તેમનામાં રહેલી શક્તિ જળવાઈ રહે, તે માટે આ બંને વીરાંગના દેવીઓ અપરિણીત રહી હશે.



ચિત્ર ૧-૧૦
આંડાલ - સંત કવયિત્રી

ચિત્ર ૧-૯માં બતાવ્યું છે જે રીતે સામાન્ય માનવીનું તપસ્વીમાં રૂપાંતર થાય છે. તેના પરથી કેટલાક વિદ્‌વાનો એમ માનવા પ્રેરાયા છે કે ખંડોબા જેવા સ્થાનિક પરાક્રમી વીરપુરુષને તેમના ગ્રામજનો દેવતા માનીને પૂજે છે. તે જ રીતે અજાણ્યા બુદ્‌ધિશાળી પુરુષ તરીકે બાલાજીએ દક્ષિણના સાત પર્વતોની વચ્ચેના પ્રદેશના રાજની કુંવરી સાથે-સ્થાનિક યુવતી સાથે લગ્ન કરીને બુદ્‌ધિગમ્ય વ્યવહારુ પગલું ભર્યું છે, જેના કારણે તે પ્રદેશની સ્થાનિક પ્રજાને સદંતર બદલી શકાઈ છે. અહીં બતાવેલી બે દેવીઓ કદાચ બે સામાન્ય સ્ત્રીઓ, બે બહેનો કે બે સખીઓ હોઈ શકે, જેણે પોતાની શૂરવીરતાથી ગ્રામજનોના દિલ જીતી લીધાં હશે. આ જાતની તાર્કિક વિચારધારાથી ધાર્મિક વૃત્તિ ધરાવતા લોકોની શ્રદ્‌ધા ભાગ્યે જડગી જાય.

ચિત્ર ૧-૧૦ ઈતિહાસપ્રસિદ્‌ધ એક નારીનું છે, જેને દક્ષિણની પ્રજા દેવી તરીકે પૂજે છે. બારમી સદીમાં થઈ ગયેલા સંત કવયિત્રી આંડાલનું તે ચિત્ર છે. તે 'ગોદાઈ' તરીકે પણ જાણીતાં છે. 'ગોદાઈ' એટલે 'ગાય પાસેથી મળેલા.' એવું કહેવાય છે કે મંદિરના એક નિઃસંતાન પૂજારીને તે ચારો ચરવા ગયેલી ગાયોનાં ધણની વચ્ચેથી મળ્યાં હતાં. પૂજારી એમને ઘેર લઈ આવ્યા અને પોતાની પુત્રીની જેમ ઊછેર્યાં. આંડાલે યુવાવસ્થામાં ડગ માંડ્યાં, ત્યારથી જ મંદિરમાં બિરાજેલા પ્રભુ પ્રત્યે એપ્રીત કરવા લાગ્યાં અને તેમને જ તેમના પતિ માનવા લાગ્યાં. પ્રભુને ધરાવવા માટેની માળા તે પોતાના ગળામાં પહેરાવ્યા પછી પ્રભુને પહેરાવતા. પૂજારીએ જ્યારે આ જાણયું ત્યારે આાંડાલ પર ગુસ્સે થઈ ગયા, કારણકે આાંડાલે સ્પર્શ કરેલી પુષ્પમાળા ભગવાનને પહેરાવી ન શકાય એવું તે માનતા હતા, પરંતુ એક રાત્રે ઈશ્વરે પૂજારીને સ્વપ્નમાં દર્શન આપ્યાં, અને કહ્યું કે આંડાલ તેમની પરમ ભક્ત અને ચાહક હતી, તેથી તેનો સ્પર્શ પામેલી માળા ઈશ્વરને સૌથી પ્રિય હતી. એ પછી તો આંડાલ તે મંદિરના ઈશ્વરનાં પત્ની તરીકે જ ઓળખાવા લાગ્યાં અને કાળક્રમે તે સ્વયં દેવીસ્વરૂપે લોકોમાં પૂજાવા લાગ્યાં. આ ચિત્રમાં આાંડાલને બે હાથ બતાવ્યા છે. તે તેના સગુણ હોવાના સૂચક છે. તેમના એક હાથમાં પોપટ અને કમળ છે. તે તેમનાં પ્રેમનાં પ્રતીકરૂપ છે — પોપટ અને કમળ બંને 'કામદેવ' — હિન્દુઓના 'ક્યુપીડ' સાથે સંકળાયેલા છે.




ચિત્ર ૧-૧૧
વિશ્વકર્મા

મધ્યકાલીન યુગમાં મનુષ્ય સાથે દેવ-દેવીઓનાં લગ્નની પ્રથાનો આરંભ થયો, એ જ સાથે

'દેવદાસી' બનવાની પ્રથા અસ્તિત્વમાં આવી. દેવને — ઈશ્વરને સમર્પિત થયેલી સ્ત્રી એટલે દેવદાસી. આ દેવદાસીઓ ઈશ્વર સાથે લગ્ન કરીને, મંદિરમાં એકલી જ રહેતી અને ઈશ્વર સમક્ષ નૃત્ય-ગાન કરીને તેમને રીઝવતી. પછીથી ક્યારેક-ક્યારેક તે મંદિરના પૂજારીઓને તેમજ ભક્તોના જાતીય ઉપભોગનું સાધન બનવા લાગી. એ સમયમાં જગતનિયંતા સાથે લગ્ન કરીને દેવદાસી બનવાનું પ્રમાણ ઘણું વધારે હતું. જે રીતે સ્ત્રીઓ ઈશ્વરને સમર્પિત થઈને દેવદાસીઓ બનતી હતી, તે જ રીતે ભારતના અમુક પ્રદેશોમાં પુરુષો પણ દેવને સમર્પિત થતાં. ખંડોબાના દેવસ્થાનમાં વ્યાઘ અને મુરલી તરીકે ઓળખાતાં યુવક-યુવતીઓ ઈશ્વરને સમર્પિત થતાં હોય છે. તેઓ લગ્ન કરી શકતાં નથી અને નૃત્ય-ગાન દ્વારા તેમનો જીવનનિર્વાહ કરે છે. આ કઠિન પ્રથાને કારણે તેમનું બધી જ રીતે શોષણ થતું હોવાથી ભારતનાં આધુનિક રાજ્યોમાં આ પ્રથાને ગેરકાયદેસર ઠરાવવામાં આવી છે.

પરંતુ દરેક દેવતાઓ સાથે કંઈક વિશિષ્ટ લક્ષણો જોડાયેલાં હોય એવું હંમેશાં બનતું નથી. ચિત્ર ૧-૧૧ વિશ્વકર્માનું છે. તે હુન્નર-ઉદ્યોગ કરતાં બધાં જ કારીગર વર્ગ સાથે સંકળાયેલા છે. તે કારીગર વર્ગના દેવતા છે. ઓજારો દ્વારા હુન્નર કરીને જીવન પોતાનો જીવનનિર્વાહ કરનાર બધાં જ કારીગરો વિશ્વકર્માનું પૂજન કરે છે. વૈદિક કાળથી પૂજાતા વિશ્વકર્મા હિન્દુ ધર્મના સૌથી પ્રાચીન દેવતા છે. ગ્રીક પ્રજા તેને 'વલ્કન' તરીકે જાણે છે. વૈદિક કાળમાં તે 'ત્વસ્ત્ય' તરીકે જાણીતા હતા. કુંભાર, લુહાર, સુથાર અને વણકર જાતિના તે દેવતા હતા. વિશ્વકર્માનું વાહન હાથી છે. તેથી તેમને દેવોના રાજા ઈન્દ્ર અને વૈદિક ઝિયસની સમકક્ષ ગણવામાં આવે છે.

કામદેવ અને ક્યુપીડ, વિશ્વકર્મા અને વલ્કન તેમજ ઈન્દ્ર અને ઝિયસ સાથેના સામ્યને કારણે ઘણા લોકો ઉતાવળિયો નિર્ણય આપે છે કે હિન્દુ પુરાણકથા અને ગ્રીક પુરાણકથા વચ્ચે સામ્ય છે. હકીકતમાં ગ્રીક પુરાણકથા હિન્દુ પુરાણકથા કરતાં તદ્દન ભિન્ન છે. ગ્રીક પુરાણકથામાં ગ્રીક પ્રજાનાં વિષયલક્ષી સત્યનું પ્રતિબિંબ છે, જે હિન્દુઓના વિષયલક્ષી સત્ય કરતાં તદ્દન અલગ છે. ગ્રીક પ્રજા જગતનિયંતામાં માનતી નથી. એમનાં દેવ-દેવીઓ હતાં, પણ જગતનિયંતા કે જગતજનની નહોતાં. ગ્રીક પ્રજાની એક આદિ શક્તિશાળી જાતિએ કદાવર દાનવને હરાવ્યા હતા, પરંતુ એ હારેલા દાનવોએ ફરી એ આદિ શક્તિશાળી જાતિને ડરાવ્યા પછી એ 'દાનવ' ગ્રીક પુરાણકથાઓમાં દેવ તરીકે પૂજાય છે. ગ્રીક દેવતાઓની જેમ હિન્દુ દેવતાઓને ક્યારેય માનવો તેમને ઉઠાવીને ફેંકી દેશે, એવો ભય ક્યારેય લાગ્યો નહોતો. દેવ અને અસુરો વચ્ચે દુશ્મનાવટ હતી, પરંતુ એ 'ટાઈટન' નહોતા. દેવો અને અસુરો બ્રહ્માના પુત્રો હતા. જે રીતે વાવણી પછી લણણી, ફરી વાવણી અને ફરી લણણી એમ જે ક્રમ નિરંતર ચાલે છે તે રીતે યુદ્ધમાં થતી હાર-જીતના શાશ્વત ચક્રને આ દ્વારા બતાવવામાં આવ્યું છે.




તેમના હાથમાં રહેલા આયુધો સૂચવે છે કે તે ત્રાટકી શકે છે અને એમને મનાવવાં પડે છે.
શ્વેત અશ્વ પર સવાર યુવતીને દેવીમા તેમની કૃપાથી યુવક બનાવી દે છે.
સૃષ્ટિ ક્રમ પ્રમાણે જે સર્વોચ્ચ સ્થાને બિરાજે છે તે દેવી કૂકડાને પાળે છે અને તેના પર સવાર થઈને જગત પર તેનું પ્રભુત્વ ઘોષિત કરે છે.
દેવીના હાથમાં રહેલા ગ્રંથો તેમનાં જ્ઞાનના સૂચક છે.
દેવી એમની અભયમુદ્રામાં રાખેલી હથેળીથી આશીર્વાદ આપીને તેમના ભક્તોને ભયમુક્ત રહેવા જણાવે છે.
મંદિરની બાજુમાં દંતકથારૂપ તળાવ છે, જેમાં સ્નાન કરીને સ્ત્રી ગર્ભવતી બની શકે છે, તેમજ નારીજાતિનું નરજાતિમાં રૂપાંતર થાય છે. જોકે અત્યારે એ તળાવનું અસ્તિત્વ નથી.
સ્ત્રીઓ તેમની આજુબાજુ ગર્ભાધાન માટેનાં ગીતો ગાઈને તેમજ ગરબે રમીને દેવીને રીઝવે છે.

ચિત્ર ૧-૧૨
બહુચરા

વિશ્વકર્મા વિશે ખાસ વધારે કંઈ કહેવાયું નથી. કેટલાક વિદ્વાનો તેમને સ્વયં બ્રહ્મા જ માને છે. સૃષ્ટિની રચના એમણે કરી છે. એમ કહેવાય છે કે માતાના ગર્ભમાં બાળક આકાર લે, તેની રચના પણ તેમણે જ કરી છે. પૃથ્વીલોક જેને સ્વર્ગ કહે છે તે દેવોની નગરી અમરાવતીની આકાશમાં તેમણે જ રચના કરી છે. જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ સરસ્વતી દેવીમાં તેમણે જ આપ્યું છે અને માનવજાતના અસ્તિત્વ અને વિકાસ માટે ઓજારો ઘડવામાં સહાયભૂત થવા માટે બ્રહ્માએ માધ્યમ બનીને એ જ્ઞાન માનવજાતને આપ્યું છે.

ચિત્ર ૧-૧૧માં વિશ્વકર્માનું પૂજા કરતા કારીગરો બતાવ્યા છે. જ્યારે ૧-૧૨માં સમાજના મુખ્ય પ્રવાહથી હાંસિયામાં ધકેલાઈ ગયેલી કોમ જેને પૂજે છે તે દેવીનું સ્વરૂપ બતાવ્યું છે. આ ‘બહુચર માતા’ છે. એમના નામનો સાચો અર્થ જાણી શકાયો નથી. કેટલાક લોકો માને છે કે દેવી માતાનાં વિવિધ લક્ષણો – ‘બહુ-ચરા’ પરથી તેમનું નામ ‘બહુચર’ પડ્યું છે. જેમ કે ગુજરાતમાં સંતાનઝંખના કરતાં સ્ત્રી-પુરુષો જ નહીં, પણ ભારતભરમાંથી પોતાની જાતિની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે હીજડાઓ આવે છે. ‘હીજડા’ એટલે જેણે મનુષ્યયોનિમાં પુરુષ તરીકે જન્મ લીધો હોવા છતાં તેનામાં સ્ત્રીસહજ લક્ષણો વધારે જોવા મળતાં હોય છે. તેવા પુરુષોની જાતિ હીજડામાં સામાન્ય સમાજમાં ભળી શકતા નથી. એ સ્ત્રીઓનાં વસ્ત્રો પહેરે છે અને જીવનનિર્વાહ માટે સંતાનપ્રાપ્તિ કે લગ્નપ્રસંગ જેવા શુભ પ્રસંગોએ નાચગાન કરીને તેમનો હક્ક માગે છે. ક્યારેક એમને વેશ્યાગીરી પણ કરવી પડતી હોય છે. એ લોકો શહેરથી દૂર વસ્તીમાં રહે છે. કેટલાક હીજડાઓએ એમના જનનાંગોની ‘ખસી’ કરાવવી પડતી હોય છે અને તે પ્રસંગે બહુચરમાની પૂજા કરે છે. એમ કહેવાય છે કે એક નવોઢા સ્ત્રીના પતિ બનવા માટે બહુચરમાએ એમની કૃપાથી તે સ્ત્રીનું પુરુષ જાતિમાં રૂપાંતર કરી આપ્યું હતું.




ચિત્ર ૧-૧૩
શિવને ભિક્ષા આપે છે.

અહીંની સ્થાનિક પ્રજામાં આ બનાવ રજૂ કરતી એક દંતકથા છે. એ પ્રમાણે ઘણાં વર્ષો પછી એક મેળામાં બે ગાઢ મિત્રોનું પુનર્મિલન થાય છે. તે સમયે બંને મિત્રોની પત્નીઓ ગર્ભવતી હોય છે. તેમને જોઈને એક સંતપુરુષે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે એક મિત્રના ઘેર પુત્રરત્ન અને બીજા મિત્રના ઘેર કન્યારત્નનો જન્મ થશે. મિત્રતાને ગાઢ બનાવવા માટે ભાવિ સંતાનોનાં પરસ્પર લગન કરાવવાનો બંને મિત્રોએ કૉલ આપ્યો, પરંતુ વિધિની વક્રતા જુઓ. જે મિત્રના ઘેર પુત્રરત્ન જન્મવાની ભવિષ્યવાણી હતી તેના ઘેર પુત્રીનો જન્મ થયો. સંતપુરુષની ભવિષ્યવાણી ખોટી પડતી નહોતી, તેથી પુત્રીના જન્મથી વાત ગુપ્ત રાખીને તેને પુત્ર તરીકે જ ઉછેરવા માંડી. સમય વીતતા પોતાની પુત્રીને લગ્ન કરીને તેડી જવા માટે મિત્રએ કહેણ મોકલ્યું ત્યારે નાછૂટકે તે યુવાન થયેલી પુત્રી ગભરાતાં-ગભરાતાં યુવાન સ્વરૂપે નવવધૂને ઘોડી પર તેડી લાવવા નીકળી. પાછા ફરતી વખતે ગભરાટના માર્યા ઘોડી પર સવાર થયેલું યુગલ તળાવમાં પડી ગયું, પણ આશ્ચર્યજનક ઘટના બની. તળાવમાંથી બહાર આવ્યાં ત્યારે એ યુવતીનું સોહામણા યુવકમાં રૂપાંતર થઈ ગયું હતું. ઘોડીનું સશક્ત ઘોડામાં રૂપાંતર થઈ ગયું હતું. તેમની પાછળપાછળ આવતી એક કૂતરીનું પણ કૂતરામાં રૂપાંતર થઈ ગયું હતું. નારીજાતિનું નરજાતિમાં રૂપાંતર થઈ ગયું હતું. એ તળાવની બાજુમાં જ બહુચરમાનું સ્થાનક હતું તેથી સહુને અચરજ થયું હતું. બહુચરમાના આશીર્વાદનું જ એ પરિણામ હતું, એમ માનીને તે દિવસથી પુત્રઝંખના રાખતાં લોકોએ ત્યાં મંદિર બનાવ્યું. આગલા જન્મમાં તેમને પૂર્ણ પુરુષ કે સ્ત્રીજાતિમાં જન્મવા માટે માની કૃપા અને આશીર્વાદ મેળવવા માટે માનાં દર્શન કરવા આ મંદિરમાં ભારતભરમાંથી હીજડાઓ આવે છે. એ સિવાય આ દેવીને પૂજનાર વર્ગ સીમિત છે.

ચિત્ર ૧-૧૩માં દર્શાવેલા દેવીને અમુક જ જાતિના લોકો પૂજે છે એવું નથી. એને સહુ કોઈ પૂજે છે. એ અન્નપૂર્ણા દેવી છે. અન્નપૂર્ણા દેવીની કૃપાથી સહુને અન્ન પ્રાપ્ત થાય છે. અન્નપૂર્ણાદેવી વિશ્વવ્યાપક અને કાલાતીત છે. એમની કૃપા ન હોય તો દુકાળ પડવાનો સહુને ભય હોય છે. જોકે જિંદગીને સુખમય જીવવા માટે માત્ર અન્ન પૂરતું નથી. જીવનમાં આધ્યાત્મિક અભિગમ પણ હોવો જોઈએ. ચિત્ર ૧.૧૩માં એ અભિગમ દર્શાવ્યો છે. જ્યારે ચિત્ર ૧.૧૪ અન્નપૂર્ણાદેવીની સ્થાપિત પ્રતિમાનું છે. કાશીનગરીમાં ગંગા નદીને કિનારે અન્નપૂર્ણાદેવીનું વિખ્યાત મંદિર છે.







અન્ન આપનાર
દેવી ઐશ્વર્યની દેવી
લક્ષ્મી બને છે.

વૈદિક મંત્રની
દેવી જ્ઞાનની દેવી
સરસ્વતી બને છે.

ચિત્ર ૧-૧૪

અન્નપૂર્ણા


ચિત્ર ૧-૧૫
ગાયત્રી

ચિત્ર ૧-૧૬
લક્ષ્મી, સરસ્વતી અને ગણેશ

આશરે ૪૦૦૦ વર્ષ પહેલાં વૈદિક સમયમાં રૂઢિચુસ્ત પંડિતોએ ગાયત્રીમંત્રની સ્થાપના કરી. જેમાં અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, જ્ઞાનરૂપી તેજ પ્રાપ્ત કરવા માટેની દિવ્યશક્તિની પ્રાર્થના છે, જે કરવાથી મંત્રોચ્ચાર કરનારની પ્રજ્ઞા જાગૃત થાય છે અને તેથી ભૌતિક તેમજ આધ્યાત્મિક ઈચ્છાઓ પરિપૂર્ણ થઈ શકે છે. જે સમયે આ મંત્રોની રચના થઈ હતી તે સમયે હિન્દુમંદિરોનું અસ્તિત્વ નહોતું, તેથી લોકો મંત્રોચ્ચારો દ્વારા જળ અને અગ્નિનું પૂજન કરતા હતા, પરંતુ જેમનામાં તીવ્ર એકાગ્રતાની ઉચ્ચ શક્તિ હોય તેવા લોકો જ આ મંત્રોચ્ચારો સારી રીતે કરી શકતા હતા, તેથી મોટા ભાગના લોકોને પોતાની ભાવનાને વ્યક્ત કરવા માટે કંઈક આધાર જોઈતો હતો. તેને માટે એક દેવીની કલ્પના કરી તેનો આધાર લીધો. એ દેવી તે જ ગાયત્રીદેવી. ચિત્ર ૧.૧૫ ગાયત્રીદેવીનું છે. એની પુજા કરવાથી ગાયત્રીના મંત્રોચ્ચારો જેટલું જ ફળ મળે છે. આ રીતે ગાયત્રીમંત્રને ગાયત્રીદેવીનું સ્વરૂપ સ્થાપીને મૂર્તિમંત કરવામાં આવ્યો છે. ચિત્ર ૧.૧૪માં બતાવેલા અન્નપૂર્ણદેવી માનવજાતની શારીરિક જરૂરિયાતોની પરિપૂર્ણતા દર્શાવે છે. જ્યારે ચિત્ર ૧.૧૫માં બતાવેલા ગાયત્રીદેવી માનવજાતની આધ્યાત્મિક ઈચ્છાઓની પરિપૂર્ણતા દર્શાવે છે.

ચિત્ર ૧.૧૬માં અન્નપૂર્ણાદેવી લક્ષ્મી સ્વરૂપે દર્શાવાયા છે. એ લાલ વસ્ત્રો પરિધાન કરીને કમળની વચ્ચે બિરાજમાન છે. બે શ્વેત હાથીઓ તેમના પર સુવર્ણનો અભિષેક કરી રહ્યા છે. જ્યારે ગાયત્રીદેવીને તે ચિત્રમાં સરસ્વતી સ્વરૂપે દર્શાવાયા છે. તેમણે શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં છે. તેમના એક હાથમાં માળા છે, બીજા હાથમાં ગ્રંથ છે અને તેમણે વીણા ધારણ કરી છે. સરસ્વતીદેવી એટલે જ્ઞાનની દેવી. બ્રહ્માએ વેદ સ્વરૂપે તે જ્ઞાનનું ગાન કર્યું છે. લક્ષ્મીજીની ડાબી બાજુએ રિદ્ધિસિદ્ધિ લાવનાર, વિઘ્નહર્તા શિવપુત્ર ગણેશ બિરાજમાન છે.

અર્વાચીન યુગમાં હિન્દુઓના સૌથી લોકપ્રિય ભગવાન ગણેશ છે. દરેક શુભકાર્યનો પ્રારંભ ગણેશપૂજનથી કરવામાં આવે છે, જેથી મંગલકાર્યની આડે આવતાં વિઘ્નો દૂર થઈ જાય છે. એમનું હાથીનું મસ્તક પણ સૂચક છે. હાથી અતિશક્તિશાળી પ્રાણી છે. હાથીને જંગલનાં કોઈ પશુ-પ્રાણી સાથે કુદરતી દુશ્મનાવટ નથી. જંગલમાં ફરતા હાથીને અટકાવવાની કે તેની વચ્ચે આવવાની હિંમત કોઈ પ્રાણી કરી શકતું નથી. ગણેશનું મેદસ્વી શરીર અને ગાગર જેવું પેટ પણ સૂચક છે. અન્નની વિપુલતા અને ઓછા પ્રયત્ને સમૃદ્ધિ અને સંપત્તિ પ્રાપ્ત કરવાનું તે સૂચક છે. ઉંદર સૌથી વધારે પજવતો જીવ છે. નાની તિરાડમાં ઘૂસી જઈને વચ્ચે આવતા નડતરોને કરડીને એ પોતાનો ખોરાક મેળવી લે છે. ગણેશનું વાહન મૂષક (ઉંદર) છે. તે સૂચવે છે કે જીવનમાં આવતી સમસ્યાઓને ગણેશ નિયંત્રણમાં રાખે છે. આમ, ગણેશનું સ્વરૂપ વિવિધ રીતે સૂચક છે. હિન્દુઓ પોતાની ઈચ્છાઓની પરિપૂર્તિ કરવા માટે ભાવપૂર્વક ગણેશપૂજન કરે છે.



શિવ વિનાયકનો શિરચ્છેદ કરે છે.
ગણેશના હાથમાં રહેલાં પુષ્પો વસ્તુઓ એકત્રિત કરી આપે છે.
શિવ વિનાયકના ધડ ઉપર હાથીનું મસ્તક બેસાડે છે.
ગણેશની હથોડી વિઘ્નોને તોડી દે છે.
સ્નાન કરતાં પાર્વતી.
શિવ વિનાયકને ગણેશ તરીકે એટલે કે પોતાના મુખ્ય ગણ તરીકે ઘોષિત કરે છે.
પાર્વતીની ગુફામાં પ્રવેશ કરવા માટે વિનાયક શિવને અટકાવે છે.
કણેકમાં ગળ્યું પુરણ ભરીને બનાવેલા અને વરાળથી બાફેલા મોદક નાણાંની પોટલીના સૂચક છે.

ચિત્ર ૧-૧૭

ગણેશના જન્મ અંગેની કથાથી એ વાત વધારે દઢ બને છે. ચિત્ર ૧.૧૭ દ્વારા એ કથા દર્શાવવામાં આવી છે. શિવ જોગી છે. એ સંસાર પ્રત્યે અનાસક્ત છે, એ જાણવા છતાં પાર્વતી એમની સાથે લગ્ન કરે છે. શિવને પિતૃત્વ ધારણ કરવું નહોતું. એ વંશવૃદ્ધિ ઈચ્છતા ન હતા, પરંતુ પાર્વતીને માતૃત્વ પામવાની પ્રબળ ઝંખના હતી. એક દિવસ સ્નાન કરતી વખતે શરીર પર લગાવેલો હળદરનો લેપ પાર્વતીમાતાએ એમના શરીર પરથી ઘસીને ઉતાર્યો અને એમાંથી એક બાળકના સ્વરૂપનો આકાર ઘડ્યો. ત્યાર બાદ એમાં પ્રાણ પૂર્યો. આ બાળક નાયકના (પુરુષના) સંસર્ગ વગર થયું હોવાથી એનું નામ વિનાયક (એટલે કે વિ-નાયક) પાડવામાં આવ્યું. પાર્વતીએ જ્યારે વિનાયકની રચના કરી ત્યારે શિવ હાજર ન હતા, તેથી શિવ વિનાયકને ઓળખતા ન હતા અને વિનાયક પણ શિવને પોતાની માતાના પતિ તરીકે ઓળખતા નહોતા. એક દિવસ શિવ સ્વગૃહે પરત ફર્યા ત્યારે વિનાયકે પોતાની માતાની આજ્ઞા અનુસાર શિવને પોતાના ઘરમાં પ્રવેશ કરતાં અટકાવ્યા, તેથી શિવ ક્રોધિત થયા અને એમણે ત્રિશૂળથી વિનાયકનો શિરચ્છેદ કર્યો. પાર્વતીજી આથી ખૂબ દુઃખી થયાં. છેવટે શિવે હાથીનું મસ્તક વિનાયકના ધડ પર બેસાડયું. આ હાથી સામાન્ય હાથી નહોતો. એ પર્જન્યના (વરસાદ) રાજા ઈન્દ્રનો અમર, સૌમ્ય અને શાશ્વત ઐરાવત હાથી હતો. તે શિવજીને ઉત્તર દિશામાંથી પ્રાપ્ત થયો હતો.

આમ, ગણેશ બે વિરુદ્ધ પ્રકૃતિનું સંયોજન છે. શિવ લગનોત્સક નહોતા અને વંશવૃદ્ધિ ઈચ્છતા નહોતા. પાર્વતી માતૃત્વ ઝંખતાં હતાં. શિવ આધ્યાત્મિક અભિગમના સૂચક છે. એમનુ ધ્યેય સ્વયંની ભીતરમાં રહેલા આત્માને પામવાની ઝંખના પરત્વે છે. પાર્વતીને ભૌતિક વિશ્વ પ્રાપ્ત કરવાની ઝંખના છે. એમનું ધ્યેય એમના કુટુંબ અને એમની આસપાસની સૃષ્ટિ પરત્વે છે અને હિન્દુઓ હંમેશાં આ બે ધ્યેયો પ્રત્યે વિમાસણમાં રહેલા છે. ગણેશ આ બંને ધ્યેયને સંતુલિત કરી આપે છે. ચિત્ર ૧.૧૮માં શિવના ખોળામાં ગણેશને બેસાડીને શિવને પિતા તરીકે દર્શાવ્યા છે, જેના કારણે એ સાંસ્કૃતિક સંઘર્ષ ટળી જાય છે.


ગણેશને પિતા શિવ તરફથી મળેલું મસ્તક જ્ઞાનનું સૂચક છે.
ગણેશનો તૂટી ગયેલો એક અણિયાળો દાંત આત્મસંયમ સૂચવે છે.
એમના વધારાના બે હાથ અલૌકિક શક્તિ અને દિવ્યતા સૂચવે છે.
ગણેશનો દેહ એમનાં માતા રાજકુમારી પાર્વતીએ ઘડ્યો છે, જે ફળદ્રુપતા સૂચવે છે.


ચિત્ર ૧-૧૮

શિવ એમના પુત્ર સાથે.

તે ઉપરાંત ગણેશ પાર્થિવ શરીર અને અપાર્થિવ મસ્તક (બુદ્ધિ) વચ્ચેનું સંતુલન પણ સૂચવે છે. ગણેશને પાર્થિવદેહ તેમની માતા તરફથી મળ્યો છે, જે જીવન-મૃત્યુના ચક્રમાંથી પસાર થતાં ક્ષણભંગુર ભૌતિક વિશ્વનું સૂચક છે. જ્યારે દેવો પાસેથી સુરક્ષિત બનાવેલું હાથીનું મસ્તક એમના પિતા શિવે આપ્યું છે, જે શાશ્વત આધ્યાત્મિક વિશ્વનું સૂચક છે.

આમ, ગણેશનું આ ચિત્ર હિન્દુઓની ઉદાત્ત અધ્યાત્મવિદ્યાને દર્શાવે છે અને સમાંતરે ગણેશ વ્યક્તિના રોજિંદા જીવનવ્યવહારમાં આવતી મૂળભૂત સમસ્યાઓના સમયમાં શુભ ફળ આપે છે તે બતાવ્યું છે.

આ પ્રકરણનું સારતત્ત્વ એટલું કે અહીં હિન્દુઓના વિષયલક્ષી સત્યને રજૂ કરતાં ચિત્રોનું અર્થઘટન કરવામાં આવ્યું છે. હિન્દુધર્મનાં દેવ-દેવીઓ તથા જગતનિયંતા-જગતજનની દ્વારા એ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે ઈશ્વર નિરાકાર અને સાકાર બંને છે. ઈશ્વર સ્થાનિક અને વૈશ્વિક બંને સ્વરૂપે છે. ઈશ્વર આત્મા અને ઉપાદાન બંનેમાં સમાયેલો છે. એ બંને સાથે મળીને દિવ્યતાને પામવાનો પ્રયત્ન મનુષ્ય કરે છે. એ બંને સાથે મળીને હિન્દુ ધર્મનાં વિશ્વદર્શનની બારીઓની ગરજ સારે છે.



નારાયણનું રહસ્ય

જેનું મૃત્યુ છે, તેનો હંમેશાં પુનર્જન્મ છે જ.



ચિત્ર ૨-૧
નારાયણનું પુનઃ પ્રાગટ્ય


ચિત્ર ૨-૧ નારાયણના પ્રાગટ્યનું છે. એ જ ક્ષણે – નારાયણ જાગે છે ત્યારે જ – સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે. જેમ આપણી નિદ્રાવસ્થા દરમિયાન આપણું જગત પણ સૂતું હોય છે, આપણા જગતનું અસ્તિત્વ હોતું નથી, તે જ રીતે જ્યારે જગતનિયંતા ગાઢ નિદ્રાવસ્થામાં હોય છે ત્યારે સમગ્ર સૃષ્ટિનું અસ્તિત્વ પણ હોતું નથી. જગતનિયંતાની ગાઢ નિદ્રાવસ્થાના સમયે સૃષ્ટિનો લય થઈ જાય છે. તેથી એમ કહી શકાય કે ભગવાન નિદ્રાધીન થયા હશે તે પહેલાં એ જાગૃત અવસ્થામાં હશે અને ત્યારે સૃષ્ટિનું અસ્તિત્વ હોવું જોઈએ. આ રીતે થતાં યુગચક્રને ચિત્ર ૨-૧માં ચિત્રિત કરવામાં આવ્યું છે.

નારાયણ જાગે છે (પ્રાગટય થાય છે) ત્યારે સૃષ્ટિની ફરી ઉત્પત્તિ થાય છે અને નારાયણની નિદ્રાવસ્થાના સમયે સૃષ્ટિનું અસ્તિત્વ થીજી જાય છે અને આ રીતે યુગચક્ર ફર્યા કરે છે.

ગ્રીક, ખ્રિસ્તી અને મુસ્લિમ પ્રજા પુનર્જન્મમાં શ્રદ્ધા રાખતી નથી. એ પ્રજા માને છે કે એમને માનવજીવનનો લહાવો ફક્ત એક જ વાર મળે છે. તેથી ગ્રીક પ્રજાને પરાક્રમી પુરુષ – વીરપુરુષ બનવાની, ખ્રિસ્તીઓને ઈશ્વર હંમેશાં તેમની રક્ષા કરે તેની અને મુસ્લિમોને ખુદાને શરણે રહેવાનું – ખુદાથી ડરવાનું મહત્ત્વ હોય છે. હિન્દુઓને એટલું વધારે મહત્ત્વ નથી, કારણ કે હિન્દુઓ માને છે કે તેમને પ્રાપ્ત થયેલું હાલનું જીવન તેમના ઘણા જીવનમાંનું એક જીવન છે. એ જ રીતે હાલની સૃષ્ટિ પણ અનેક સૃષ્ટિઓમાંની એક છે. તેની ઉત્પત્તિ થાય છે અને લય પણ થાય છે.

નારાયણ ક્ષીરસાગર પર પોઢેલા છે. આ સાગર પાણીનો નહીં પણ દૂધનો (ક્ષીરનો) બનેલો છે, તેથી તે 'ક્ષીરસાગર' કહેવાય છે. આ સાગરને કિનારા નથી. એમાંથી દૂધનાં મોજાં ઊછળતાં નથી. તે શાંત અને સ્થિર છે. દૂધ વલોવાય ત્યારે તેમાંથી કિંમતી માખણ ઉપર તરી આવે છે તેમ નારાયણ જાગે છે ત્યારે એમાંથી કીમતી દ્રવ્યો બહાર આવવા લાગે છે. આથી કહી શકાય કે ક્ષીરસાગર કશુંક કીમતી દ્રવ્ય પ્રાપ્ત થવાની સંભાવનાઓની શક્યતાઓ રજૂ કરે છે. નારાયણ જ્યારે નિદ્રાવસ્થામાં હોય છે ત્યારે સૃષ્ટિમાં અરાજકતા ફેલાઈ જાય છે. સૃષ્ટિ આકારવિહીન બની જાય છે. એની ઓળખ રહેતી નથી – એમાં ધરબાઈ ગયેલાં દ્રવ્યો એમાંથી બહાર આવવાની જાણે રાહ જોઈ રહ્યાં છે!

નારાયણ 'શેષશાયી' કહેવાય છે, કારણ કે તે શેષનાગની શૈય્યા બનાવીને તેના પર પોઢેલા છે. જ્યારે સૃષ્ટિનો પ્રલય થાય છે ત્યારે માત્ર નાગ જ બચી જવા પામે છે – તેથી તેને 'આદિ' અથવા 'શેષ' કહેવાય છે. કેટલાક વિદ્વાનો નાગને સમયના પ્રતિનિધિ તરીકે ગણાવે છે, પરંતુ એ સમજાતું નથી કે જ્યારે બધાં ગાઢ નિદ્રામાં હોય ત્યારે કોણ બચી જવા પામ્યું છે, તે કેવી રીતે જાણી શકાયું હશે? નાગ જો સમયનો પ્રતિનિધિ હોય તો સમય તો સતત ફરતો રહે છે, પરંતુ નારાયણ જેમની પર સૂતા છે તે શેષનાગ ગૂંચળું વાળીને બેઠો છે, જે એની સ્થિર અવસ્થા સૂચવે છે. બીજા શબ્દોમાં કહીએ તો નારાયણની નિદ્રાવસ્થા દરમિયાન સમય અટકી ગયો છે. આજ દિન સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે કઈ ઘટના પહેલાં બની? – શેષનાગ પહેલાં સ્થિર થઈ ગયો કે નારાયણ પહેલાં નિદ્રાધીન થયા ? - કે પછી એ બંને ઘટનાઓ એકસાથે બની?




ચિત્ર ૨-૨
બ્રહ્માનો પુનર્જન્મ

'શેષ' એટલે 'પ્રાથમિક શેષ' અથવા 'આદિ શેષ' અથવા જેનો અંત નથી તે – અને તે કારણે શેષનાગને 'અનંતનાગ' પણ કહેવામાં આવે છે. એ નામ પરથી ફલિત થાય છે કે જ્યારે નારાયણ પોઢી ગયા હશે ત્યારે એમની આસપાસ સૃષ્ટિનું અસ્તિત્વ હશે, પરંતુ એ વિશે કોઈને ચોક્કસ માહિતી નહીં હોવાથી વ્યાવહારિક હેતુસર સમજાવવામાં આવ્યું છે કે એ સમયે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતું. વેદાંત પ્રમાણે નારાયણ નિરીક્ષક (દ્રષ્ટા) છે, પણ નિદ્રાવસ્થા દરમિયાન એ કશાનું નિરીક્ષણ કરી શકતા નથી. એ ગાઢ નિદ્રામાં છે તેથી એ સ્વપ્ન પણ જોઈ શકતા નથી, એટલે કે એમને વાસ્તવિક સૃષ્ટિ કે સ્વપ્નસૃષ્ટિની અનુભૂતિ થતી નથી. નિરીક્ષક (દ્રષ્ટા) જ્યાં સુધી કંઈ નીરખી ન શકે ત્યાં સુધી નિરીક્ષણનું મહત્ત્વ નથી. એમ સમજી શકાય કે નારાયણની નિદ્રાવસ્થા દરમિયાન સૃષ્ટિનું અસ્તિત્વ શક્ય નથી. સૃષ્ટિનો એ અંત છે.

આ વિચારસરણીને યથાર્થ રીતે સમજવા માટે આપણે આપણી જાતને પૂછવું જોઈએ. આપણે ગાઢ નિદ્રામાં હોઈએ છીએ ત્યારે આ જગતનું અસ્તિત્વ હોય છે? હા, હોય છે પરંતુ આપણે તેને અનુભવી શકીએ છીએ? ના. આપણે એને અનુભવી શકતા નથી. આમ, જગતનું અસ્તિત્વ તો છે જપણ મારા

જગતનું અસ્તિત્વ નથી. આપણા વગર આપણું જગત અસ્તિત્વ ધરાવતું નથી. નિરીક્ષક (દ્રષ્ટા) વગર નિરીક્ષણ થતું નથી.

ચિત્ર ૨-૨માં નારાયણનું પ્રાગટય અથવા ફરી વાર જાગૃત થયેલા નારાયણને જોઈ શકાય છે. અહીં કલાકારની સર્જકતા જોઈ શકાય છે. નિદ્રાધીન અવસ્થા પૂરી થઈ છે. જાગ્યા છે પરંતુ હજી શય્યા છોડી નથી, એ ક્ષણની સ્થિતિને કલાકારે આ ચિત્રમાં મૂકી આપી છે. નારાયણ જાગે છે અને તેમનાં નેત્રો ખોલે છે ત્યારે સૃષ્ટિમાં થતી હલચલની તેમને અનુભૂતિ થવા લાગે છે. તેમની ઈન્દ્રિયો જાગૃત બને છે. તેમનાં આંખ, કાન, નાક, જિહ્વા અને ત્વચા એમને સંકેતો આપવા લાગે છે. નારાયણ એ સંકેતો પામીને સમરણશક્તિને આધારે તેનું વર્ગીકરણ અને મૂલ્યાંકન કરે છે. અત્યાર સુધી નારાયણની ચેતના સળ, પડયા વગરના કાગળ જેવી શુદ્ધ હતી, પરંતુ હવે તેના પર સળ પડવાના શરૂ થઈ ગયા છે. સૃષ્ટિનો લય શુદ્ધિકરણ માટે થવાનો છે. તેને રંગ છે, રૂપ છે અને આકાર છે. એમાં રહેલી કેટલીક વસ્તુઓ આપણને રુચિકર લાગે છે અને કેટલીક વસ્તુઓ અરુચિકર લાગે છે.



ચિત્ર ૨-૩
શ્રીદેવી, ભૂદેવી અને શિવ-પરિવાર

આ ચિત્રમાં નારાયણની નાભિમાંથી ઊગતા કમળની દાંડી ‘ગર્ભનાળ’ છે અને બ્રહ્મા જેના પર બિરાજમાન છે તે ‘બ્રહ્મકમળ’ માતાનાં ગર્ભમાં રહેલા બાળકને પોષણ આપતી ‘ઑર’ છે, તેથી આપણને વિસ્મય થાય છે કે સર્જનહાર કોણ છે? નારાયણે બ્રહ્માનું સર્જન કર્યું છે કે બ્રહ્મા ગર્ભની જેમ નારાયણને પોષણ આપે છે? નિરીક્ષણ નિરીક્ષકનું (દ્રષ્ટા) સર્જન કરે છે? આપણે આપણી આસપાસની સૃષ્ટિનાં સર્જન છીએ કે સૃષ્ટિનું સર્જન આપણે કર્યું છે? પ્રકરણ-૭માં આ વિષયની ચર્ચા – બ્રહ્મા વિશેની સવિસ્તર છણાવટ કરી છે.

નારાયણનું જાગવું – નારાયણનું પ્રાગટ્ય એ ઉત્સવની ક્ષણ છે. આપણે નિદ્રાવસ્થામાંથી જાગૃત થઈએ છીએ ત્યારે જ આપણે જગત પ્રત્યે સભાન થઈએ છીએ, તે જ રીતે આ સૃષ્ટિનું સર્જન પણ સૂચક છે. અહીં ચિત્રમાં આકાશમાં ઊડતી પરીઓ બતાવવામાં આવી છે. શૈક્ષણિક સંદર્ભમાં એક રસપ્રદ બાબત નોંધનીય છે કે ભારતમાં ઊડતી પરીઓની કલ્પના ઓગણીસમી સદીમાં યુરોપિયન સંસ્કૃતિના પ્રભાવ પછી થઈ હતી.

ચિત્ર ૨-૧માં નારાયણનાં પત્ની ઐશ્વર્યદેવી લક્ષ્મી એમનાં ચરણો પાસે બેઠેલાં બતાવાયાં છે. ચિત્ર ૨-૩માં લક્ષ્મી વિશે સવિસ્તર છણાવટ કરી છે. લક્ષ્મી માનવજાતને પોષે છે. એમનું ચિત્રાંકન ગાય સ્વરૂપે પણ કરવામાં આવ્યું છે. એ ગો-માતા છે. સમગ્ર સૃષ્ટિને પોતાના દેહમાં સમાવતી એ વૈશ્વિક ગાયમાતા છે. નારાયણ એના રક્ષણહાર છે, તેથી જાગૃત થયેલા નારાયણ ‘ગો-પાલ’ તરીકે ઓળખાય છે. ગાયમાં સમગ્ર સૃષ્ટિનો નિવાસ છે, તેથી જ્યારે-જ્યારે એના પર આપત્તિ આવે છે ત્યારે-ત્યારે એનું રક્ષણ કરવા માટે નારાયણ આવી પહોંચે છે તેથી જાગૃત થયેલા નારાયણ જીવન ટકાવી રાખનાર રક્ષણહાર અને પાલનહાર વિષ્ણુ કહેવાય છે.





ચિત્ર ૨-૪
દૈવી સંગીતજ્ઞો

આ ચિત્રમાં પોતાનાં નેત્રો બંધ રાખીને સૃષ્ટિનો સંહાર કરનાર જોગી શિવ પણ છે. જોકે શિવ અહીં સંહારક શિવ તરીકે ચિત્રિત નથી. આ ચિત્રમાં શિવનાં નેત્રો ખુલ્લાં છે. એમની સાથે એમના બે પુત્રો પણ છે – છ મસ્તક ધરાવતાં કાર્તિકેય અને હાથીનું મસ્તક ધરાવતાં ગણેશ, કાર્તિકેય, શારીરિક સામર્થ્યના અને ગણેશ બૌદ્ધિક સામર્થ્યના સૂચક છે. આ ચિત્રમાં શિવને વિશિષ્ટ પ્રકારના જોગી બતાવ્યા છે, જે પોતાનાં નેત્રો ખુલ્લાં રાખે છે, લગ્ન કરીને સંતાન પ્રાપ્ત કરે છે, સાંસારિક ધર્મ પૂર્ણતયા નિભાવીને સંસારી શંકર બન્યા છે. પ્રકરણ-૪માં એ વિશે વિસ્તુત છણાવટ કરી છે.

ચિત્ર ૨-૧માં નારાયણની બાજુમાં બે વીણાવાદકો બતાવ્યા છે. એમના વિશે ચિત્ર ૨-૪માં સવિસ્તર છણાવટ કરી છે. આ ચિત્રમાં નારાયણનાં ચરણો પાસે એક તરફ નારદ અને બીજી તરફ અશ્વનું મસ્તક ધરાવતા તુમ્બરુબેઠા છે. નારદ અને તુમ્બરુ પ્રતિસ્પર્ધી સંગીતજ્ઞ છે. નારદ ઋષિ છે અને તુમ્બરુ સ્વર્ગમાં વસતા સંગીતજ્ઞ છે અને એ 'કિન્નર' પણ કહેવાયા છે. પુરાણકથાઓમાં એવો વારંવાર ઉલ્લેખ થયો છે કે આ બંને સંગીતજ્ઞો એક જ યુવતી સાથે લગ્ન કરવા માટે ઉત્સુક હોય છે અને તેના નિરાકરણ માટે છેવટે એ બંને વિષ્ણુ પાસે જાય છે. એ યુવતી (હંમેશાં એ લક્ષ્મીનો જ અવતાર હોય છે) વિષ્ણુને વર તરીકે પસંદ કરી, એમની સાથે લગનગ્રંથિથી જોડાય છે. આમ, વિષ્ણુ વિશિષ્ટ રીતે એમને મદદ કરે છે અને એમની સાથે થતાં લગ્નને રોકે છે, નારદ અને તુમ્બરુ ભૂ-દેવી સાથે લગ્ન કરવા ઉત્સુક છે, પરંતુ એને મેળવી શકતા નથી, કારણ કે તેને પ્રાપ્ત કરીને તેઓ તેમની પ્રતિસ્પર્ધામાં વિજયી થઈને પારિતોષિક મેળવવા જેવી ભાવના રાખે છે અને તેથી ભૂ-દેવી એમને અયોગ્ય પાત્ર ગણે છે, જ્યારે વિષ્ણુ એને પ્રેમ કરે છે, સન્માન કરે છે અને રક્ષણ કરે છે તેથી તે સુયોગ્ય પાત્ર છે.

નારદ બ્રહ્માના માનસપુત્ર છે. તેમને દુન્યવી બાબતોમાં આસક્તિ નથી, તેથી તે બધા જીવોને અપરિણીત રહીને વંશવૃદ્ધિ થતી અટકાવવા માટે પ્રોત્સાહિત કરે છે. આથી બ્રહ્મા કોપાયમાન થઈને નારદને શાપ આપે છે કે હવેથી એ એમનું સમગ્ર જીવન આ પૃથ્વી પર અજંપાભરી સ્થિતિમાં ઘૂમ્યા કરશે અને વિષ્ણુ ફરી વાર નિદ્રાધીન નહીં થાય ત્યાં સુધી એ જીવિત રહેશે. શાપિત થયેલા નારદ આથી પૃથ્વી પર રહીને મુશ્કેલીઓની પરંપરા સર્જે છે. (પ્રકરણ-૧માં શિવપરિવારની કથાવસ્તુ દ્વારા આપણે એ જાણી શક્યા છીએ.) લોકોને ઉશ્કેરવામાં નારદને છૂપો આનંદ મળે છે. એકબીજાની સરખામણી કરીને નારદ અંદરોઅંદર વિખવાદ કરાવે છે અને એમના મનમાં અદેખાઈ અને અસલામતી ભરી દે છે.





ચિત્ર ૨-૫
રક્ષણકર્તા દેવો

આ ચિત્રમાં નારાયણની એક તરફ વાનર હનુમાન બેઠા છે અને એમના ચરણ પાસે બાજપક્ષી ગરુડ છે. એમના વિશે ચિત્ર ૨-૫માં સવિસ્તર છણાવટ કરી છે. પૃથ્વી પર જ્યારે લોકોમાં માલિકીભાવ, અરાજકતા, અસલામતી અને ઈર્ષ્યાભાવ વધી જાય છે, ત્યારે તેને દૂર કરવા માટે વિષ્ણુ ગરુડ પર સવાર થઈને તે સ્થળે પહોંચી જાય છે.

બાજ પક્ષી અને સર્પ વચ્ચે કુદરતી દુશ્મનાવટ છે. બાજની ઉપસ્થિતિમાં સર્પ સ્થિર રહી શકતો

નથી. એ ગૂંચળું છોડીને સરકવા લાગે છે. એથી એમ કહી શકાય કે સર્પ અને બાજ પક્ષી – સ્થિર રહેલા શેષનાગ અને ઊડતા ગરુડ સાથે વિષ્ણુને સાથે બતાવીને સમજાવ્યું છે કે વિષ્ણુની ચેતના તેમની નિદ્રાવસ્થામાં અને જાગૃતાવસ્થામાં બંનેમાં રહેલી છે.

એવું કહેવાય છે કે પૃથ્વીલોક પર જ્યારે અધર્મ વધી જાય છે ત્યારે તેનો નાશ કરીને ધર્મની જાળવણી કરવા માટે વિષ્ણુ પૃથ્વી પર જન્મ લેવા માટે માનવઅવતાર ધારણ કરે છે. એવા એક અવતારમાં વિષ્ણુ રાજા રામ તરીકે જન્મ લે છે. (પ્રકરણ-૬માં એની સવિસ્તર છણાવટ કરી છે.) રામાવતારમાં હનુમાન એમના સંનિષ્ઠ સેવક બન્યા હતા અને રામનાં પત્ની સીતાનું અપહરણ થયું ત્યારે તેમને શોધવા માટે એમણે રામને ઘણી સહાય કરી હતી. એ રીતે હનુમાન સંકટ દૂર કરતા હોવાથી એ 'સંકટમોચન' તરીકે જાણીતા છે. એનો ગર્ભિત અર્થ એવો પણ થઈ શકે કે જ્યારે સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે ત્યારે સંસારમાં મુશ્કેલીઓ તો આવે છે, પરંતુ જે મન મુશ્કેલીઓ સર્જે છે તે જ મન એનું નિરાકરણ પણ લાવે છે.

આમ, જ્યારે નારાયણ વિષ્ણુ બનવા માટે જાગૃત થાય છે ત્યારે મન (બ્રહ્મા) દરેક વસ્તુની સ્પષ્ટતા, વર્ગીકરણ અને મૂલ્યાંકન કરવા લાગે છે. શિવ સંહારક મટીને તેમનું શારીરિક સામર્થ્ય (કાર્તિકેય) અને બૌદ્ધિક સામર્થ્યનું (ગણેશ) પ્રદાન કરે છે. સંસારના લોકોમાં આનંદ-ઉપભોગ કરવાની અને આધિપત્ય મેળવવાની ઈચ્છા જન્મે છે (તુમ્બરુ). લોકોમાં અદેખાઈ અને અસ્વસ્થતા જેવી નકારાત્મક લાગણીઓ પણ ઉદ્ભવે છે (નારદ), પરંતુ જ્યારે મન ગરુડ જેવી ઊર્ધ્વગતિ કરવા પ્રેરાય અને હનુમાનની જેમ મનને સંયમિત કરવા માટે કેળવાય ત્યારે આ બધી સમસ્યાઓનું નિવારણ થઈ શકે છે

આમ, વિવિધ પ્રતીકો દ્વારા ચિત્રને કાયમી સ્વરૂપ આપવામાં ચિત્ર ૨-૧ને સફળતા સાંપડી છે. તેના પ્રત્યેની સજાગતાને કારણે હિન્દુ ધર્મગ્રંથોમાં ઘણા સ્થળે આ કલાકૃતિનો સંદર્ભ લેવામાં આવ્યો છે. જ્યારે આપણે કોઈ વસ્તુ માટે સજાગ બનીએ છીએ ત્યારે તેનું અસ્તિત્વ સંભવે છે. તેથી આ કૃતિ દ્વારા વાસ્તવિક અર્થઘટન ન કરી શકાય – એ દરેકની વ્યક્તિગત સમજ પર આધાર રાખે છે. આ સૃષ્ટિમાં ક્ષણે-ક્ષણે પરિવર્તન થતું રહે છે અને નિત્યનૂતન કૃતિનું સર્જન થતું રહે છે. કંઈક નવું સર્જન થાય છે ત્યારે કંઈક જૂનું વિનાશ પામે છે. સર્જન દરિયાનાં મોજાં જેવું છે. પ્રલય એટલે દરિયાનાં તોફાની મોજાં, જેમાં ઘણા વિચારો તૂટી પડે છે અને ડૂબી જાય છે અને એમાંથી નવા વિચારો મથામણ કરીને – મંથન કરીને ઉપર તરી આવે છે.



કૃષ્ણ મોરપિચ્છધારી છે. જે વિષ્ણુ સાથે કૃષ્ણનું જોડાણ સૂચવે છે.
કમળનું પુષ્પ નવોન્મેષ સૂચવે છે.
મોરપિચ્છ દ્વારા ભક્તોને જણાવે છે કે વિષ્ણુ અને કૃષ્ણ એક જ છે, તેમનામાં ભેદ ન જાણવો.
વટવૃક્ષનું પર્ણ શાશ્વતતા સૂચવે છે.
પાણી વિનાશનો સંકેત કરે છે. જ્યારે સમય પાકી જાય છે ત્યારે એમાં સર્વસ્વ ડૂબી જાય છે.

ચિત્ર ૨-૬
વટવૃક્ષનાં પર્ણ પર બાળક

ચિત્ર ૨-૬માં વટવૃક્ષના એક પર્ણ પર નવજાત બાળકને બતાવ્યું છે. એક વાર માર્કંડેય ઋષિને સૃષ્ટિના પ્રલયની અસ્પષ્ટ ઝાંખી થઈ હતી. આ દશ્યનું ચિત્રાંકન કરવા માટે પૃથ્વી પર અતિવર્ષા અને સમુદ્રના ઊછળતાં મોજાંમાં સર્વસ્વ જળબંબાકાર બનીને સૃષ્ટિને આકારવિહીન થતી બનાવી છે. સૃષ્ટિના પ્રલયનું આ પ્રતીકાત્મક ચિત્ર છે. કલા દ્વારા આકારવિહીનતા કેવી રીતે બતાવી શકાય? સમુદ્રનું ચિત્રાંકન કરીને એને સાકાર કરી બતાવી છે. તોફાની બનેલો સમુદ્ર પ્રલયનું ચિત્ર રજૂ કરે છે અને શાંત સમૃદ્ધ પુનર્જન્મ પહેલાંની સ્થિતિનું ચિત્ર રજૂ કરે છે.

સૃષ્ટિનો પ્રલય થશે એવા વિચારમાત્રથી માર્કંડેય ઋષિ ભયભીત અને વિષાદમય બની જાય છે. એટલામાં જ એમને પાણીનો સુખદ ખળખળ અવાજ સંભળાય છે. માર્કંડેય ઋષિ પાછળ વળીને જુએ છે ત્યારે એમને સમુદ્રના વિનાશકારી મોજાંઓ ઉપર વટવૃક્ષનું એક પર્ણ તરતું આવતું દેખાય છે અને એ પર્ણની ઉપર એક નવજાત બાળક ઝૂલતું દેખાય છે. નવજાત બાળક પુનર્જન્મનું પ્રતીક છે. માર્કંડેય ઋષિ એ નવજાત બાળકને જુએ છે ત્યારે એમને સાનંદાશ્ચર્ય થાય છે કે એ જેને અંત સમજતા હતા તે અંત પછીના આરંભની વચ્ચેની પ્રક્રિયાનો થોડો સમયગાળો છે. ગ્રીક પ્રજાની વિચારસરણી તદ્દન અલગ છે. ગ્રીક પ્રજા મૃત્યુને પૂર્ણવિરામ માને છે, જ્યારે હિન્દુ પ્રજા મૃત્યુને પૂર્ણવિરામ નહીં પણ અલ્પવિરામ માને છે.

વટવૃક્ષનાં પર્ણ પર સૂતેલું બાળક અર્થસૂચક છે. વટવૃક્ષને અમર માનવામાં આવે છે. એના દ્વારા સૂચવાયું છે કે એનો વિનાશ થઈ શકતો નથી. સૃષ્ટિનો પ્રલય થાય છે ત્યારે સર્વસ્વનો નાશ થઈ જાય છે અને સૃષ્ટિ આકારવિહીન થઈ જાય છે, તેમ છતાં જેનો નાશ થઈ શકતો નથી એ અવિનાશી તત્ત્વ કયું છે? એ આત્મા છે. એ બાળકને ઝુલાવે છે. માર્કંડેય ઋષિ કહે છે કે આવો અવિનાશી આત્મા પૃથ્વીના પ્રલયનો તટસ્થ સાક્ષી છે. વિનાશક વંટોળ વચ્ચે એને ઝૂલતો જોવો પીડાદાયક છે, પરંતુ જ્યારે સમુદ્રનાં જળ શાંત થશે ત્યારે આત્મા પણ પરમ શાંતિ અનુભવશે અને એના પર ફરી બાળસહજ નિર્દોષતા અને મિત જણાશે.

જમણી બાજુ આધ્યાત્મિકતાની
સૂચક છે અને જ્યાં હૃદય ધબકે છે
તે ડાબી બાજુ અવિરતપણાની સૂચક છે.

જમણા પગનો અંગૂઠો
ચૂસતો બતાવ્યો છે તે
આધ્યાત્મિક બાબતોનું મહત્વ
(જમણી બાજુ) સૂચવે છે,
અને શરીરનું નીચલું અંગ
ભૌતિક બાબતોનું સૂચન કરે છે.

શરીરનું નીચલું અંગ
પ્રકૃતિનું અને ઉપરનું અંગ
પ્રાણતત્ત્વનું સૂચક છે.

ચિત્ર ૨-૭

બાળનારાયણ એમના જમણા પગનો અંગૂઠો ચૂસી રહ્યા છે.

વટવૃક્ષનું પણ કમળપુષ્પોની વચ્ચે બતાવ્યું છે. કમળ બ્રહ્માનું પુષ્પ છે. નારાયણ જાગૃત થાય છે ત્યારે કમળ ખીલે છે. એ રીતે આ ચિત્રમાં મૃત્યુ (જળ) અને પુનર્જન્મ (વટવૃક્ષનું પર્ણ અને પુષ્પ) બંનેને એકસાથે બતાવ્યાં છે.

ચિત્ર ૨-૭માં બાળકના જમણા હાથમાં વાંસળી બતાવી છે અને બાળકના જમણા પગનો અંગૂઠો ડાબા હાથથી પકડેલો બતાવ્યો છે. ભારતીય ચિત્રકલામાં આત્મા અને બુદ્ધિગમ્ય પ્રદેશને રજૂ કરવા માટે શરીરની જમણી બાજુ અને ગતિશીલતા બતાવવા માટે શરીરમાં જ્યાં હૃદય ધબકે છે તે ડાબી બાજુ બતાવવામાં આવે છે. એ રીતે પ્રકૃતિ અને સંવેદનાઓને ચિત્રિત કરવામાં આવી છે. ડાબા હાથથી જમણા પગનો અંગૂઠો પકડાવીને ભગવાન આધ્યાત્મિકતાને ભૌતિકતા સાથે અને ભૌતિકતાને સંવેદનશીલતા (ભાવનાશીલતા) સાથે જોડી આપે છે. ભગવાન નિત્ય વાંસળી વગાડે છે. એ જીવનમાંથી આનંદ લેવાનો અભિગમ સૂચવે છે. આ સંસારમાં આનંદથી રહેવા માટે આત્મા ઉત્સાહથી એનું નિરીક્ષણ કરી રહેલ છે. અહીં ભગવાન નવજાત શિશુની સહજ નિર્દોષતા અને ભૌતિક નવોનમેષની કલ્પના એકસાથે કરાવે છે.

હિન્દુ માન્યતા પ્રમાણે આત્મા અજરામર છે. એ નિરાકાર છે. એવા આત્માને કલાના માધ્યમ દ્વારા કેવી રીતે બતાવી શકાય? એને દર્શાવવા માટે કોઈ આકારનો આધાર લીધા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. તેમ છતાં કોઈ પણ આકારે, કોઈ પણ સ્વરૂપે એને દર્શાવવાના પ્રયત્ન કરીએ તો પણ તે ઊણોઅધૂરો જ રહેશે. કલાકારે અહીં આત્માને પુરુષરૂપે કલ્પીને ચિત્ર ૨-૬ તથા ચિત્ર ૨-૭માં બાળસ્વરૂપે એનું ચિત્રાંકન કર્યું છે. આ બંને સ્વરૂપમાં કંઈક અપૂર્ણતા તો છે જ, પરંતુ પૂર્ણ સત્યને દર્શાવવા માટે આ બંને અપૂર્ણ સ્વરૂપનો આધાર લીધા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહોતો.

ચિત્ર ૨-૮માં આત્માની પ્રકૃતિ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. એની કથા વિષ્ણુ વિશેની પરંપરાગત માહિતી આપતા ધર્મગ્રંથ 'વિષ્ણુપુરાણ'માંથી લેવામાં આવી છે. એમાં પિતા-પુત્ર વચ્ચેની, હિરણ્યકશિપુ અને પ્રહ્લાદ વચ્ચેના સંઘર્ષની કથા ચિત્રિત કરવામાં આવી છે. અસુરોના રાજા હિરણ્યકશિપુ પોતાને અમર માને છે, કારણ કે તેણે વરદાન મેળવ્યું હતું કે તેને માનવ કે પ્રાણી, દેવ કે દાનવ શસ્ત્ર કે અસ્ત્ર વડે, ઘરની અંદર કે ઘરની બહાર, ધરતી પર કે આકાશમાં, દિવસે કે રાત્રે મારી શકશે નહીં. આ વરદાન પ્રાપ્ત થવાથી હિરણ્યકશિપુ પોતાને સ્વયં ભગવાન સમજવા લાગ્યો હતો અને બધાં એને જ ભગવાન માની એની પૂજા કરે એવો હઠાગ્રહ રાખતો હતો, પરંતુ એનો પુત્ર પ્રહ્લાદ ઈશ્વરભક્ત હતો. એ હિરણ્યકશિપુને અમર પણ માનતો નહોતો. પ્રહ્લાદ નિરાકાર, કાલાતીત અને સર્વવ્યાપી નારાયણનો પરમ ભક્ત હતો અને નારાયણની જ ભક્તિ કરવા માગતો હતો. એના પિતાની ભક્તિ કરવા એ ઈચ્છતો નહોતો.



ચિત્ર ૨-૮
હિરણ્યકશિપુનું મૃત્યુ

તેથી ક્રોધે ભરાયેલા એના પિતા એને પૂછે છે:


‘આ નારાયણ ક્યાં છે?’

પુત્ર ઉત્તર આપે છે:

‘એ અત્ર-તત્રને સર્વત્ર છે. તમારા મહેલના આ સ્તંભમાં પણ છે.’

પોતાના પુત્રને હંમેશ માટે ખોટો પાડવા માટે હિરણ્યકશિપુ એ જ વખતે મહેલનો સ્તંભ તોડી પાડે છે. ચિત્રની પશ્ચાદભૂમાં તોડી પડાયેલો સ્તંભ આડો પડેલો જણાય છે.

સ્તભ તૂટતાની સાથે જ એમાંથી ‘નરસિંહ’ પ્રગટ થાય છે. નરસિંહ વિચિત્ર માનવપ્રાણી છે. એનું અર્ધું શરીર માનવનું અને અર્ધું શરીર સિંહનું છે. આ માનવપ્રાણી અશક્યતાઓના પ્રદેશને ઓળંગીને બહાર આવે છે. બધી સરહદો તોડી નાખે છે. આપણા સામાન્ય અને અસામાન્ય લાગતાં ધોરણોને પડકારે છે. નરસિંહ ભગવાન સ્વયં છે. એ નારાયણનું સ્વરૂપ છે. અહીં નારાયણ નરસિંહ સ્વરૂપે પ્રગટ થાય છે. માનવમન જેને અશક્ય માને છે, તે ભગવાનના મનમાં તો શક્ય જ હોય છે. હિરણ્યકશિપુ સત્તાના મદમાં અંધ બની ગયો છે. તેણે ધારી લીધું છે કે હવે પૃથ્વીનો અંત આવી જશે, પરંતુ ભગવાન અશક્યને શક્ય બનાવે છે. ભગવાન એક વિચિત્ર પ્રાણી જીવ તરીકે પ્રગટ થાય છે. જેને અકુદરતી ગણીને તેને સ્વીકારી શકતો નથી. નરસિંહ ભગવાનનું સ્વરૂપ હોવા છતાં તેના કદાવર પ્રાણી જેવા વિકરાળ દેખાવથી અને શક્તિશાળી હોવાથી ભય જગાડે છે. પિતા અને પુત્ર બંને માટે એ દેવ કે દાનવ નથી, અથવા તો દેવ અને દાનવ બંને છે.



ચિત્ર ૨-૯
નરસિંહ સાથે લક્ષ્મી.

નહીં માનવ, નહીં પ્રાણી જેવો દેખાતો આ વિચિત્ર જીવ હિરણ્યકશિપુને મહેલના ઉંબર સુધી ખેંચી લાવે છે – ઘરની અંદર નહીં અને ઘરની બહાર નહીં. એ સંધ્યાકાળ છે – દિવસ નથી કે રાત્રિ નથી. એ હિરણ્યકશિપુને પોતાના ખોળામાં બેસાડી દે છે – ધરતીની નીચે નહીં ને આકાશમાં નહીં. ત્યાર બાદ એ એને અસ્ત્ર કે શસ્ત્ર ન ગણાય એવા પોતાના નહોરથી હિરણ્યકશિપુને ચીરી કાઢે છે. આમ પોતાને અમર્ત્ય સમજનાર હિરણ્યકશિપુના અભિમાનના ચૂરેચૂરા થઈ જાય છે.

પુત્ર પ્રહ્‌લાદ નારાયણનો પરમ ભક્ત છે. એ નારાયણને પૂજે છે, પરંતુ જે વિચિત્ર જીવે તેના પિતાનું રક્ત પીધું છે તેવા માનવપ્રાણીથી તે ભય પામે છે. ચિત્ર ૨-૯માં નરસિંહનું સૌમ્ય સ્વરૂપ બતાવ્યું છે. નરસિંહનું વિકરાળ સ્વરૂપ પૃથ્વીનો અંત લાવી દેશે એવો ભય સહુને લાગવાથી તેને દૂર કરવા લક્ષ્મીદેવી નરસિંહ સમક્ષ પ્રગટ થાય છે અને પોતાનું રક્ષણ કરવાના એમના ધર્મનું સ્મરણ કરાવીને એમને શાંત પાડે છે. આ ચિત્રમાં નરસિંહની સાથે તેમનાં પાલક અને રક્ષક લક્ષ્મી છે. ભગવાન અને ભગવતીને પૂજ્યભાવે પ્રણામ કરતા પ્રહ્‌લાદ છે. એમની સાથે ચાર દેવતાઓ બતાવ્યા છે. કદાચ એ ચાર વેદગ્રંથોને રજૂ કરતા અથવા માનવજીવનના મહત્ત્વના ચાર ધ્યેયો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષને રજૂ કરતાં ચાર દેવતાઓ છે.

પ્રહ્‌લાદ ના પિતાને રાક્ષસ તરીકે બતાવ્યા છે, પરંતુ પ્રહ્‌લાદ ને રાક્ષસ તરીકે ગણાવ્યો નથી. એ બંને અસુરો છે, પરંતુ બધાં અસુરો રાક્ષસ હોય છે એ માન્યતા અહીં ખોટી પડી છે. વ્યક્તિનું વર્તન અને એનો હેતુ જ એને રાક્ષસ બનાવે છે. હિરણ્યકશિપુ અહંકારી છે. એને સત્તાનું અભિમાન છે. એણે માની લીધું છે કે એ સર્વજ્ઞાની છે. એ સર્વજ્ઞાની છે પણ ખરો, પરંતુ જ્ઞાની વ્યક્તિ જાણતી હોય છે કે માનવમન મર્યાદિત શક્તિ ધરાવે છે. વિશ્વચેતનાના અનંત ભાવો માનવમન પકડી શકતું નથી. નરસિંહ આ નથી કે તે નથી અથવા તો બંને છે. એ જ રીતે આ સૃષ્ટિમાં ઘણી બાબતો સંશોધન માટે રાહ જોઈ રહી છે.

આ ચિત્રમાં નરસિંહ ગૂંચળું વળેલા નાગ ઉપર બિરાજે છે. ગૂંચળું વળેલા નાગ એની સ્થિરતાઅચલતા સૂચવે છે. ચેતનાની ઉપસ્થિતિની અનુભૂતિ કરાવવા માટે સ્થિરતાની આવશ્યકતા આ ચિત્રમાં સમજાવવામાં આવી છે. અહીં ભગવાનની સાથે ભગવતી છે. પ્રાણ અને પ્રકૃતિ એકસાથે છે. એમની પશ્ચાદ્‌ભૂમાં દેખાતા સ્તંભના બે ભાગ થઈ ગયેલા બતાવાયા છે. એ પ્રાણ અને પ્રકૃતિની અલગતા સૂચવે છે. આત્મા અને દેહની ભિન્નતા સૂચવે છે.


આપણા વિષાદયુક્ત મનના સાક્ષી એવા જ્ઞાની પુરુષ કૃષ્ણ અહીં વિષ્ણુ સ્વરૂપે છે.
અર્જુન આપણું અસ્પષ્ટ (સંશયાત્મક) મન સૂચવે છે.

ચિત્ર ૨-૧૦
અર્જુન કૃષ્ણની સલાહ માગે છે.

ચિત્ર ૨-૧૦માં હિન્દુ ધર્મના લોકપ્રિય અને સર્વોત્તમ ધર્મગ્રંથ 'ભગવદ્ગીતા'ના ઉપદેશગાનનો પ્રારંભ થયો તે પહેલાંની ક્ષણનું વર્ણન ચિત્રિત કર્યું છે. 'ભગવદ્ગીતા' એટલે 'ભગવાનનું ગીત'. ભગવાન અહીં કૃષ્ણરૂપે છે. તે અર્જુનના રથના સારથિ છે. યુદ્ધની ઉદ્ઘોષણા થઈ ચૂકી છે. રાજપાટ અને સિદ્ધાંતોને કારણે સ્વજનો અને મિત્રો સાથે યુદ્ધ કરીને તેમને મારવા પડશે, એ ભયાનક વાસ્તવિકતાની કલ્પનામાત્રથી અર્જુન હતપ્રભ બની ગયો છે. તેનાં ગાત્રો ઢીલાં પડી ગયાં છે. સારથિ બનેલા ભગવાન અર્જુનને યુદ્ધ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. અર્જુન પૂછે છે કે એ કેવી રીતે યુદ્ધ કરી શકે? અને શા માટે યુદ્ધ કરે? યુદ્ધ કરવા માટે એનું મન માનતું નથી. એ કૃષ્ણની સલાહ માગે છે ત્યારે મનુષ્યમાત્રને અનુભવવા પડતા વાસ્તવિક આંતરિક યુદ્ધના દૃશ્યને જોઈને ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં જગતના સર્વધર્મોનું પાલન કરવાનું જ્ઞાન 'ગીતા' દ્વારા અર્જુનને આપીને તેને યુદ્ધ કરવા પ્રેરે છે.

કૃષ્ણ અર્જુનને આ જગતની પ્રકૃતિ સમજાવે છે. આત્મા અજન્મા અને અમત્વ છે. પરિવર્તન સંસારનો નિયમ છે. જેને તે મૃત્યુ સમજે છે તે જ જીવન છે, તો પછી આ જીવનનું ધ્યેય શું છે? શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુનને આ પ્રવર્તમાન દુન્યવી બાબતો પરથી આત્મા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો ઉપદેશ આપીને સમજાવે છે અને તે અફર નિયમ સમજાવીને આપણને પણ જાગ્રત કરે છે. જીવનમાં અને સમાજમાં સહુએ એ પ્રત્યે જાગૃતિ કેળવી, તેને આત્મસાત્ કરવા માટે આપણને પ્રેરે છે. આપણે સમાજના સભ્યો છીએ. આપણે સમાજમાં રહીને આપણું કર્મ નિષ્ઠાપૂર્વક બજાવવાનું છે. સત્ય માટે લડવાનું છે. વૈશ્વિક ચેતનાના આ જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે. મનુષ્યને મળેલું આ જીવન જીવવા માટે છે. એમાં સહભાગી થવાનું છે. એમાંથી છટકી જવાનું નથી. આપણને હંમેશાં સમજાવવામાં આવ્યું છે કે આસક્તિથી જન્મેલા કર્મો આપણને જીવન-મૃત્યુના ચક્રમાંથી છોડાવી શકતા નથી. એમાં જકડી રાખે છે. એમાં બાંધી રાખે છે. એ બંધનમાંથી મુક્તિ મેળવવાનું શક્ય છે. ક્યારે? જ્યારે મનને શિસ્તબદ્ધ રાખવાની, આસક્તિઓને સંયમિત રાખવાની, લાગણીવેડામાં તણાયા વગર પોતાનું કર્મ કરવાની તૈયારી હોય ત્યારે, જગત પર આધિપત્ય મેળવવાની ઈચ્છા રાખ્યા વગર, અહંકાર ત્યજી દઈને પોતાનો ધર્મ બજાવી શકાય ત્યારે એ બંધનમાંથી મુક્તિ મળે છે.

કૃષ્ણએ સમજાવેલા આધ્યાત્મિક રહસ્ય અને ગહન જ્ઞાનથી અર્જુનનો મોહ નાશ પામે છે. અર્જુન કૃષ્ણને એમનું સાચું દિવ્ય સ્વરૂપ બતાવવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરે છે. અર્જુનને હવે જ્ઞાન થઈ ગયું છે કે કૃષ્ણ સામાન્ય માનવી નથી. એને અવિનાશી યોગેશ્વરના સ્વરૂપનાં દર્શન કરવાની પ્રબળ ઝંખના થાય છે. આથી શ્રીકૃષ્ણ અર્જુનને દિવ્યચક્ષુ આપીને પોતાના અલૌકિક વિશ્વ સ્વરૂપની ઝાંખી કરાવે છે. આ સ્વરૂપ ભગવાનના 'વિરાટ સ્વરૂપ' તરીકે પણ ઓળખાય છે. અહીં અર્જુનને વિશ્વ સ્વરૂપ ભગવાનમાં એમનાં વિવિધ સ્વરૂપોનું એકસાથે દર્શન થાય છે. ચિત્ર ૨-૧૧માં આ દિવ્યદર્શનનું ચિત્રાંકન કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણના આ વિરાટ સ્વરૂપમાં અર્જુન સર્વ દેવો, સર્વ પ્રાણીઓ, ઋષિ મુનિઓ તથા યોગીઓને જુએ છે. એ સૂર્ય છે અને ચંદ્ર પણ છે. એ તારાઓ છે અને ગ્રહો પણ છે. એ નદીઓ છે અને અગ્નિ પણ છે. એ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ છે. એ બધામાં સમાવિષ્ટ છે. પૃથ્વી, દિશાઓ અને આકાશ એનાથી વ્યાપ્ત છે. જીવનમાં બનતી બધી જ શક્ય અને અશક્ય ઘટનાઓ તેમના લીધે જ થાય છે. અર્જુન શ્રીકૃષ્ણને શ્વાસોચ્છ્વાસની જેમ જીવનને બહાર કાઢતા અને મૃત્યુને પોતાનામાં સમાવતા જુએ છે. સમસ્ત જગતના અનેક લોકોને તે તેમના મુખમાં શીવ્રતાથી પ્રવેશતા જુએ છે. એમની

ભયાનક દાઢોથી વિકરાળ લાગતા એમના મુખમાં ત્વરાથી પ્રવેશીને એમને ચૂર્ણ થતાં જુએ છે.



ચિત્ર ૨-૧૧
કૃષ્ણનું વિશ્વસ્વરૂપ (વિરાટદર્શન)

હિન્દુ ધર્મમાં જગતનિયંતાની આ વિભાવના છે. જગતનિયંતા સર્વસ્વ છે, સર્વવ્યાપી છે અને સર્વત્ર છે. જગતનિયંતા દરેકેદરેક વસ્તુની અંદર છે અને બહાર પણ છે. એ નર છે અને નારી પણ છે. એ જડચેતનમાં વસે છે. જીવાત્મામાં પરમાત્મા રૂપે વસે છે. જગતનિયંતા નિરાકાર છે. એ સર્વ સ્વરૂપોમાં વ્યક્ત થાય છે. જ્યાં-જ્યાં આપણી નજર પહોંચે ત્યાં બધે જ જગતનિયંતા છે. આપણે જે જોઈએ છીએ તેમાં જગતનિયંતા છે. આપણી અનુભૂતિઓમાં જગતનિયંતા છે. જગતનિયંતા મેળવવા માટે બહાર જવાની જરૂર નથી. જગતનિયંતા આપણી ભીતર વસેલો છે અને આપણી આસપાસ રહેલા છે. એ સર્વત્ર છે. આ જીવનના રચયિતા આપણે જ છીએ, એટલે આપણે જીવનથી અલગ નથી. આપણે અને આપણું વિશ્વ એક જ છે અને એને 'અદ્વૈત' કહેવામાં આવે છે.

આપણે પોતે પણ જગતનિયંતા છીએ, પરંતુ હજી સુધી આપણે આપણા 'સ્વ' વિશેનું સત્ય પામી શક્યા નથી. આપણામાં રહેલો અહંકાર, જગતને સમજી શકવાની આપણી અપૂર્ણતા, આપણા પૂર્વગ્રહો અને આપણી સમૃતિ એ સત્યને પામવામાં બાધારૂપ છે. આપણે એમાંથી આપણી જાતને બહાર કાઢવાની જરૂર છે. ભગવદ્ગીતામાં કહ્યું છે તેમ આપણે જ્યારે વિશ્વમાન્ય સિદ્ધાંતોનું પાલન કરીને સદાચારી બનીને નીતિનિયમોને પાળવા માટે સંઘર્ષ કરીને જીવન જીવતાં થઈએ ત્યારે જ 'સ્વ' વિશેનું સત્ય પામવું શક્ય છે.

ચિત્ર ૨-૧૨
નારાયણની યોગનિદ્રા (આદિ નિદ્રા)

જ્યારે મનુષ્યનું મૃત્યુ થાય છે ત્યારે તેનો પુનર્જન્મ નિશ્ચિત છે એ જાણવું જરૂરી છે. જ્યાં પુનર્જન્મ થશે ત્યાં બીજું જીવન હશે. નવી દૃષ્ટિથી નવું જગત જોવાની બીજી તક પ્રાપ્ત થશે એમ


માનવું જોઈએ. નવા ચક્ષુઓથી દરેક વસ્તુને નવી દૃષ્ટિએ, નવા નિયમો અને નવા સંદર્ભોથી નવા પરિપ્રેક્ષ્યમાં જોઈ શકાશે. ચિત્ર ૨-૧૨માં ચિત્રિત થયું છે તેમ ફરી નારાયણની નાભિમાંથી બ્રહ્મકમળ ઊગશે. ફરી લક્ષ્મી પોતાની તરફ ધ્યાન કેન્દ્રિત કરવા અને પોતાનું રક્ષણ કરવાની માગણી કરશે. ફરી એક વાર નારદ અને તુમ્બરુ લક્ષ્મીને પામવા માટે સ્પર્ધા કરશે અને નારદ પરસ્પર ઈર્ષ્યા અને ગેરસમજો ફેલાવવા માટે આપણી પાસે આવી પહોંચશે. આપણે ધર્મનું રક્ષણ કરવા માટે ગરુડની જેમ ચોતરફ ઉડ્ડયન કરવું પડશે અને હનુમાનની જેમ આપણા મનને સંયમિત રાખવા માટે પ્રયત્ન કરવો પડશે. સંઘર્ષ કરવો પડશે. નવી જાગૃતિ અને નવા વિશ્વની વ્યવસ્થાને યથાર્થ રીતે જોવાની ત્યારે આપણને ફરી તક સાંપડશે.

આમ હિન્દુ પ્રજાનું વિશ્વ જીવન અને મૃત્યુના ચક્રની જેમ નિરંતર ફર્યા કરે છે. આપણને સાંપડેલું હાલનું જીવન ઘણા જીવનો પૈકીનું એક જીવન છે, તેથી હિન્દુઓને ધીરોદાત્ત કે પરાક્રમી વ્યક્તિ બનીને જીવન જીવવાની પ્રબળ ઈચ્છા થતી નથી. આ જીવનમાં પોતાના મહત્ત્વની ભાવના પ્રબળ થતી નથી. જીવનમાં દરેક બાબતને આ અભિગમથી જોવાને કારણે વર્ચસ્વ મેળવવાની ભાવનાનો અભાવ વર્તાય છે. આ બધી બાબતો સાપેક્ષ, પૂર્વાપર સંબંધી અને ક્ષણિક છે. મનુષ્યને જે દિવ્યાત્મા સ્વતંત્ર છે, શાશ્વત છે અને નિરપેક્ષી છે તેવા તત્ત્વને પામવાની ઉત્કંઠા છે અને તે છે – જેની નિદ્રાથી આ સૃષ્ટિનો લય થાય છે અને જેની જાગૃતિથી – પ્રાગટ્યથી સૃષ્ટિનું સર્જન થાય છે, જેના નિરીક્ષણથી સૃષ્ટિ સાકાર બને છે. સૃષ્ટિના સર્જનહાર એવા નિરીક્ષક પ્રત્યે સભાન થવામાં જજીવનનું મુખ્ય ધ્યેય રહેલું છે.



અર્ધનારીનું રહસ્ય

આપણી ભીતર રહેલી સ્થિરતા એટલે જગતનિયંતા અને
આપણી ચોતરફ થતી ગતિશીલતા અટલે જગતજનની



ચિત્ર ૩-૧
ત્રણ દૈવી પુરુષો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ

હિન્દુ ધર્મમાં જગતનિયંતા નિર્ગુણ અને સગુણ બંને સ્વરૂપે છે. જોકે તેનું નિરૂપણ ગમે તે સ્વરૂપે હોય તો પણ તે સંપૂર્ણ નથી – એ અપૂર્ણ જ હોવાનું. આપણે જો એનાં દર્શન વનસ્પતિમાં કરીએ તો પ્રાણીજગત અને ખનીજદ્રવ્યનો સમાવેશ નહીં કરી શકીએ. જો એનાં દર્શન મનુષ્યમાં કરીએ તો કયા માનવસ્વરૂપમાં એનાં દર્શન કરવાં? – સ્ત્રી સ્વરૂપમાં કે પુરુષ સ્વરૂપમાં? કે પછી બંનેના સંયુક્ત સ્વરૂપમાં? હિન્દુઓના ભગવાન કોઈ એક સ્વરૂપમાં સીમિત નથી. હિન્દુઓ તેને વનસ્પતિમાં, પ્રાણીમાત્રમાં, મનુષ્યમાં (સ્ત્રી અને પુરુષ બંનેમાં), ખનીજદ્રવ્યોમાં તેમજ ચોતરફ ફેલાયેલી સૃષ્ટિમાં સર્વત્ર જુએ છે. બહુધા હિન્દુઓ ભગવાનને ત્રણ માનવયુગલ સ્વરૂપે જુએ છે : બ્રહ્મા અને સરસ્વતી, વિષ્ણુ અને લક્ષ્મી તથા શિવ અને શક્તિ.

ચિત્ર ૩-૧માં હિન્દુ દેવી પુરુષોના ત્રિવિધ સ્વરૂપો બતાવ્યાં છે - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશો. (શિવ) બ્રહ્મા સર્જનહાર છે, વિષ્ણુ પાલનહાર છે અને શિવ સંહારક છે. ચાર મસ્તક અને હાથમાં વેદ રાખનાર બ્રહ્મા ધર્મગુરુ જેવા લાગે છે. હાથમાં શંખ, ચક્ર, ગદા અને કમળ ધરાવતા વિષ્ણુ રાજા જેવા લાગે છે અને ત્રિશૂળધારી શિવ યોગી જેવા લાગે છે.

ચિત્ર ૩-૨માં હિન્દુ દેવી સત્રીઓનાં ત્રિવિધ સ્વરૂપો બતાવ્યાં છે - લક્ષ્મી, સરસ્વતી અને શક્તિ. લક્ષ્મીએ લાલ વસ્ત્રો પરિધાન કર્યાં છે અને તેમના હાથમાં કળશ છે. સરસ્વતીએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે. તેમના હાથમાં વીણા છે. શક્તિએ આયુધો ધારણ કર્યાં છે અને તે સિંહ પર સવાર છે.

આ બંને ચિત્રોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો તો તમને ખ્યાલ આવશે કે દિવ્ય પુરુષનાં ત્રિવિધ સ્વરૂપો માટે 'ક્રિયાપદો'નો ઉપયોગ કરવામાં આવ્યો છે – જેમ કે એ સર્જન કરે છે, પાલન કરે છે અને સંહાર કરે છે અને દિવ્ય સ્ત્રીઓનાં ત્રિવિધ સ્વરૂપો માટે 'નામ' (Noun)નો ઉપયોગ કરવામાં આવ્યો છે – જેમ કે જ્ઞાન, ઐશ્વર્ય અને સંપત્તિ, જગતનિયંતા કર્તા છે. એ સર્જન કરી શકે છે, પાલન કરી શકે છે અને સંહાર કરી શકે છે. ત્રણે દેવીઓ કર્તરિ છે. એમણે કંઈ કરવાનું નથી. એ અર્થમાં એકમશ્રિયી છે. સંપત્તિ, જ્ઞાન અને શક્તિ પ્રાપ્ત કરી શકાય છે, સાચવી શકાય છે અને એનો નાશ પણ થઈ શકે છે. આ તબક્કે એવો પ્રશ્ન ઊઠે કે આ ચિત્રમાં બતાવેલી જાતિ (gender) સ્વરૂપ છે કે એની ભાવના છે? આપણે એના પ્રતીકોના સ્વરૂપ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે એ પ્રતીકો દ્વારા રજૂ થતી ભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ?


ભય, પ્રેમ અને શક્તિ જેવા મનોભાવોની દેવી શક્તિ અથવા દુર્ગા.
ઐશ્વર્યની દેવી લક્ષ્મી.
જ્ઞાનની દેવી સરસ્વતી.

ચિત્ર ૩-૨

ત્રણ દૈવી નારી સ્વરૂપો સરસ્વતી, લક્ષ્મી અને શક્તિ

આપણે એ ચિત્રના સ્વરૂપ પર ધ્યાન કેન્દ્રિત કરીને માની લઈએ કે સ્વરૂપ અને એની ભાવના બંને એક જ છે. તો આ ચિત્રનો અર્થ એવો થાય કે પુરુષો કર્તા છે અને સ્ત્રીઓ કર્તરિ છે, પરંતુ જે સમાજ નારીવાદી, પિતૃપ્રધાન અને સમાજવાદી સંસ્કૃતિની વિચારધારાથી પ્રભાવિત હોય તે સમાજ આ યુગ્મ વિચારધારાને પુષ્ટિ આપી શકે – જેમ કે પુરુષ/સ્ત્રી, શક્તિશાળી-શક્તિહીન, ભોગી/ભોક્તા, શેઠ/નોકર વગેરે...

હવે આ ચિત્રને જુદા સંદર્ભમાં જોઈએ : આ ચિત્રના સ્વરૂપ પાછળ રહેલી ભાવના પર ધ્યાન કેન્દ્રિત કરીએ. એનાથી ખ્યાલ આવશે કે આ ત્રણે પુરુષો વૈયક્તિકરૂપે દ્રષ્ટા તરીકે પોતાનું કાર્ય કરી રહ્યા છે – જે કાર્ય કરે છે, જેને અનુભૂતિ થાય છે અને જે પ્રતિભાવ આપે છે તે. એટલે કે તે આપણી ભીતર રહેલું આધ્યાત્મિક સત્ય છે. અર્થાત્ તમે સ્ત્રી હો યા પુરુષ. તમે સર્જન, પાલન અને સંહાર કરી શકો છો. ત્રણે સ્ત્રીઓ – દેવીઓ – 'દૃશ્ય'નું પ્રતીક છે. દૃશ્ય જ્ઞાનેન્દ્રિયોને ઉત્તેજિત કરે છે અને કર્મેન્દ્રિયો દૃશ્યને બદલવા માટે પ્રવૃત્ત કરે છે. જગતનિયંતા આપણી ભીતર વસેલા છે અને જગતજનની (દેવી) આપણી ચોતરફ વિસ્તરેલા છે. આપણે ઐશ્વર્ય (સમૃદ્ધિ), જ્ઞાન અને શક્તિનું સર્જન કરી શકીએ છીએ. તેનું પાલન કરી શકીએ છીએ (જાળવી શકીએ છીએ) અને તેનો સંહાર (વિનાશ) કરી શકીએ છીએ. આપણે ઐશ્વર્ય, જ્ઞાન અને શક્તિનો સદુપયોગ કરી શકીએ છીએ. દુરુપયોગ કરી શકીએ છીએ અને વિનાશ પણ કરી શકીએ છીએ.

તો હવે પછી થતો પ્રશ્ન છે : આધ્યાત્મિકતા બતાવવા માટે પુરુષ સ્વરૂપ અને ભૌતિકતા બતાવવા માટે સ્ત્રીનું સ્વરૂપ શા માટે? એ સમજતાં પહેલાં આપણે આધ્યાત્મિક સ્વરૂપ અને ભૌતિક સ્વરૂપ વિશે સમજી લેવું જોઈએ. સમય અને સ્થળમાં બંધાઈ રહે તે ભૌતિક સ્વરૂપ અને સમય તથા સ્થળને અતિક્રમી શકે તે આધ્યાત્મિક સ્વરૂપ – ભૌતિક સ્વરૂપ આકારબદ્ધ હોય છે, તેને માપી શકાય છે. તેને 'પાત્ર'માં સમાવી શકાય છે. આધ્યાત્મિક સ્વરૂપ નિરાકાર છે, તે નજરે જોઈ શકાતું નથી. તેનું પરિમાણ નથી. તેથી તેને ચોક્કસ પાત્રમાં સમાવી શકાતું નથી. જેમ કે પુરુષની શરીરરચના એવી છે કે તેના શરીરની બહારથી જીવન સર્જાય છે, જ્યારે સ્ત્રીના શરીરની અંદર જીવન સર્જાય છે. તેથી ભૌતિક બાબતોનાં ઉદ્‌ગમસ્થાનનાં પાત્ર તરીકે સ્ત્રીનું સ્વરૂપ બતાવવામાં આવે છે. સ્ત્રી ભૌતિક સ્વરૂપનું પ્રતીક છે અને પુરુષ આધ્યાત્મિક સ્વરૂપનું પ્રતીક છે. દુર્ભાગ્યે આપણા સમાજે આ વિભાવનાનો અર્થ ભ્રષ્ટ કરીને એનાં વર્ણનને જ સ્વરૂપ બનાવી દીધું છે. તેથી સ્ત્રીઓ દ્વારા ભૌતિક સ્વરૂપનું અને પુરુષો દ્વારા આધ્યાત્મિક સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. એમ કહેવાના બદલે આપણે કહીએ છીએ કે સ્ત્રી એટલે ભૌતિક સ્વરૂપ અને પુરુષ એટલે આધ્યાત્મિક સ્વરૂપ. આ કારણે વ્યવહારિક અને વૈચારિક સંઘર્ષ ઉદ્‌ભવે છે. આ વિચારો વ્યક્ત કરતી વખતે આપણે જાગ્રતપણે પુરાણકથાઓમાં આવતી કથાઓને એ સંદર્ભમાં યોગ્ય રીતે સમજવી જોઈએ.


બ્રહ્માના કપાળ પર પોતાનું કોઈ પવિત્ર ચિહ્ન ન હોવા છતાં કલાકારે પોતાની સર્જકતાનો ઉપયોગ કરીને શિવ જેવું ત્રિપુંડ કર્યું છે.
ચાર દિશામાં જોતા બ્રહ્માનાં ચાર મસ્તકો ઉત્તર માગે છે.
બ્રહ્માના હાથમાં તપસ્વીઓ પ્રક્ષાલન માટે રાખતા હોય તેવું પાણીનું કમંડળ છે.
બ્રહ્મા પાસે શસ્ત્રો નથી તેથી તેને રક્ષણની જરૂર છે.


ચિત્ર ૩-૩

સર્જનહાર બ્રહ્મા

આપણું ચૈતન્ય અથવા આપણો આત્મા સર્જનહાર (ચિત્ર ૩-૩માં બ્રહ્મા)પાલનહાર (ચિત્ર ૩-૫માં વિષ્ણુ) અને સંહારક (ચિત્ર ૩-૭માં શિવ) થઈ શકે. પુરુષ અને પ્રકૃતિ આધ્યાત્મિક સત્ય અથવા જગતનિયંતા એટલે કે જગતનિયંતા (God) 'નેતિ-નેતિ' એટલે કે 'આ નથી, તે નથી' જેવી ખંડનાત્મક રીતિથી વધારે સારી રીતે વ્યક્ત થઈ શકે અને ભૌતિક સત્ય અથવા જગતજનની 'ઈતિ-ઈતિ' એટલે કે આ પણ છે, તે પણ છે જેવી સકારાત્મક રીતિથી વધારે સારી રીતે વ્યક્ત થઈ શકે છે.

ઐશ્વર્ય, જ્ઞાન અને શક્તિ ક્યારેય ગરીબ અને ધનવાન, સુંદર અને અ-સુંદર, ઉચ્ચ વર્ણ અને નીચ વર્ણ વચ્ચે ભેદભાવ નથી જોતાં. અહીં સંપત્તિને ધાન્ય રૂપે સમજીએ તો કહી શકાય કે એક વાડકી ભાત રાજા અને ભિક્ષુકની – બંનેની ભૂખ એકસરખી જ મિટાવશે. જ્ઞાનની ભૂખ હોય તો પોલીસ અને ગુનેગાર બંનેને તે પ્રાપ્ત થાય છે અને દરેક યોગ્ય વ્યક્તિને શક્તિ મળી રહે છે. જગતજનની (Goddess) કશામાં દરમિયાનગીરી કરતી નથી. એ સૂચવે છે કે એ જડપ્રકૃતિ છે.

મન પુરુષ રૂપ સૂચવે છે, જે યોગ્ય-અયોગ્ય પારખી શકે છે. જગતનિયંતા સમાજનું સર્જન, પાલન અને સંહાર કરે છે. એ ઈષ્ટતા (યોગ્યતા), સદાચાર અને નૈતિકતાનાં સ્રોત છે. જગતજનની (Goddess)ને પરિમાણી શકાય છે, પરંતુ એ માટેનું પરિમાણ અને પરિમાણ કરવાનાં સાધનનું સર્જન, પાલન અને સંહાર જગતનિયંતા કરે છે. પરિમાણ કરવાનું સાધન એટલે પરિમાણક્રમ (measurment), જેને સંસ્કૃતમાં 'માયા' કહેવામાં આવે છે અને તેથી જ જગતજનની (Goddess)ને 'મહામાયા' કહેવામાં આવે છે. એ એવી મહાન શક્તિ છે જેને પરિમાણી શકાય છે અને જેને મૂલવી શકાય છે. એ પ્રકૃતિ છે, એ શક્તિ છે અને જે એના દ્વારા બન્યા છે તેણે એનાં વિવિધ સ્વરૂપોનાં સર્જન, પાલન અને સંહાર કર્યા છે.



ચિત્ર ૩-૪
જ્ઞાનની દેવી સરસ્વતી

જ્યારે નારાયણનું પ્રાગટ્ય થાય છે ત્યારે તેમણે જગતજનની (Goddess)ને પોતાની ઈન્દ્રિયોના આધારે અનુભવ્યા છે અને તરત જ શબ્દો દ્વારા એનું વર્ગીકરણ કર્યું છે, વિચારોથી તેમને સીમિત કરી છે અને પરિમાણક્રમથી એને માપી છે. એનું મૂલ્યાંકન થયા પછીએ. ઓળખી શકાઈ છે. એમના સ્વરૂપ, નામ અને મહત્તા આપણને આનંદ આપે છે. આપણને જકડી રાખે છે. આપણને માયામાં અટવાઈ દે છે, આપણી લાગણીઓને ખળભળાવી દે છે, આપણને સુખ અને દુ:ખની અનુભૂતિ કરાવે છે, કારણ કે એ ચંચળ છે તેથી જ ઘણી વાર કહેવાય છે કે આ ભૌતિક જગત માયા અને ભ્રમણાઓથી ભરેલું છે. ઘણી વાર આપણે અનુભવીએ છીએ કે એ સતત બદલાયા કરે છે. આપણે એને નિયંત્રણમાં રાખવા માટે, સ્થિર રાખવા માટે સંઘર્ષ કરવો પડે છે, પરંતુ એના ચંચળ સ્વભાવને કારણે આપણે એમાં નિષ્ફળ જઈએ છીએ.

આપણે જગતનિયંતા (Goddess) એટલે કે જગતજનનીની અનુભૂતિ દ્વારા આપણામાં રહેલા શાંત અને પવિત્ર આત્માને – જગતનિયંતાને ઓળખી શકીએ છીએ. ચંચળ માયાની અનુભૂતિ થવાથી આત્માના પરમ આનંદને જાણી શકીએ છીએ. પ્રકૃતિ (જીવાત્મા) જીવનને ભોગવે છે અને તેનું સર્જન કરે છે અને પુરુષ (આત્મા) આ જીવનલીલાનો તટસ્થ સાક્ષી બની રહે છે.

ઈ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં રચાયેલા હિન્દુ ધર્મગ્રંથોમાં – ઉપનિષદોમાં આ બંને સત્યની સતત વિચારણા થઈ છે. શાશ્વત સત્ય (ઋત) અને અવસ્થા પ્રમાણે બદલાતું સત્ય. એકનું અસ્તિત્વ બીજાનું અસ્તિત્વ સૂચવે છે. બદલાતા સત્યમાં આપણે શાશ્વત સત્ય શોધીએ છીએ. અશાંતિમાં શાંતિ શોધીએ છીએ. ગતિશીલતામાં સ્થિરતા (ગતિશુન્યતા) શોધીએ છીએ. કોલાહલમાં આપણે મૌન શોધીએ છીએ. આ બંને પૂરક સત્યોને આપણે ઈતિહાસ અને ભૂગોળ દ્વારા વૃક્ષો, પ્રાણીઓ, ખનીજદ્રવ્યો, ભૌમિતિક અને માનવોના પ્રતીકો દ્વારા જાણી શકીએ છીએ.

વનસ્પતિ ઊગે અને ફૂલેફાલે છે, પરંતુ બધી જ વનસ્પતિઓનો વિકાસ એકસરખો હોતો નથી. એક બાજુ અંતિમ છેડે વટવૃક્ષ છે, જેનું આયુષ્ય ઘણું લાંબું છે. એ શીતળ છાંયડો આપી શકે છે, પરંતુ માનવજાત માટે એ ખોરાક આપી શકતું નથી. તો બીજી બાજુ અંતિમ છેડે દુર્વા અને ધાન્ય છે. એમનું આયુષ્ય ઘણું ટૂંકું છે. એ છાંયડો આપી શકતું નથી, પણ માનવજાતને અન્ન પૂરું પાડે છે. વટવૃક્ષ શાશ્વત સત્ય સમજાવે છે. જ્યારે જીવન ભારરૂપ બની જાય કે જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે આધ્યાત્મિક અભિગમ શાતા (છાંયડો) આપી શકે છે, પણ એ જીવનનું સર્જન કે રક્ષણ કરી ન શકે. દુર્વા અને ધાન્ય બદલાતાં સત્ય છે. એ શરીરને જીવન આપી શકે છે, પરંતુ શાશ્વતતા કે સ્થિરતા ન આપી શકે. હિન્દુ ધર્મસંસ્કૃતિમાં બાળકનાં જન્મ અને લગ્નસંબંધી ધાર્મિક વિધિઓમાં દુર્વા અને ધાન્યનું મહત્ત્વ ઘણું છે, એ તમે જોયું જ હશે. કેળના વૃક્ષનું પણ એટલું જ મહત્ત્વ છે. જોકે કેળ કે વડના પાનનો ઉપયોગ માત્ર તપસ્વીઓ જ કરી શકે. સંસારીઓ ન કરી શકે એવો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી.



વિષ્ણુના મસ્તક પાછળનું સૂર્યબિંબ રાત્રિના અંધકાર પછી દિવસના પ્રકાશની આશા સૂચવે છે.
આંગળી પર ધારણ કરેલું સુદર્શન ચક્ર વિષ્ણુએ સ્થાપિત કરેલા લય અને ભાવિનું સૂચન કરે છે.
શંખ વિષ્ણુને સૃષ્ટિના રક્ષણહાર તરીકે ઉદ્દઘોષિત કરે છે.
વિષ્ણુ હંમેશાં રાજા તથા યોદ્ધાનો શણગાર સજે છે.
વિષ્ણુના દેહ પર સુખડનું સુગંધી લેપન કરવામાં આવે છે.
ધર્મથી વિમુખ થતા લોકો પર વિષ્ણુ તેમની ગદાથી પ્રહાર કરે છે.

ચિત્ર ૩-૫
પાલનહાર વિષ્ણુ

પ્રાણીજગતમાં સ્થાયી આધ્યાત્મિક આત્મા અને અસ્થાયી ભૌતિક સત્યને નાગ દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે. બધાં પ્રાણીઓ હરીફરી શકે છે, પરંતુ સ્થાયીત્વ અને અસ્થાયીત્વ (સ્થિરતા અને ગતિશીલતા) વચ્ચેનો ભેદ સમજાવવા માટે નાગ (સર્પ) યોગ્ય છે. નાગને જ્યારે સ્થિર થવું હોય છે ત્યારે એ પોતાની મેળે જ ગૂંચળું વળીને એની ફેણ ઊંચી કરે છે. નર અને માદાને સંયોગ કરતી વખતે બંનેએ ગતિશીલ રહેવું પડે છે. આમ, સમાધિસ્થિત શિવ અને યોગનિદ્રામાં સૂતેલા નારાયણ સાથે ફેણવાળો નાગ બતાવીને પરલોકના શાશ્વત સત્યને રજૂ કર્યું છે અને નર-માદાના સંયોગને પ્રજોત્પત્તિના પ્રતીક તરીકે રજૂકરી આ જગત પરિવર્તનશીલ છે એમ બતાવ્યું છે.

ખનીજજગતમાં સ્થાયીત્વને (સ્થિરતાને) રાખ (ભસ્મ) તથા હિમ (બરફ) દ્વારા યોગ્ય રીતે બતાવ્યું છે. જ્યારે કંઈક બળે છે ત્યારે એમાંથી રાખ ઉત્પન્ન થાય છે, પરંતુ રાખ બળી શકતી નથી, તેથી રાખને – ભસ્મને શાશ્વતતાનું પ્રતીક માનવામાં આવે છે અને હિમ (બરફ) શાશ્વત સત્ય એવા આત્માનું પ્રતીક છે. ભરમ અને હિમ બંને હિમાલયમાં અડગ આસન જમાવીને બિરાજતા યોગી શિવ સાથે જોડાયેલા છે. જો હિમ સ્થિર જળ છે, તો નદી ગતિશીલ પાણી છે. એ બંને બદલાતા સત્યને – અસ્થાયી જગતને સાચી રીતે દર્શાવે છે. નદીના એક જ સમયે વહેતા જળમાં ફરી વાર પગ મૂકી શકાતો નથી, તેથી જ કહેવાય છે કે નદી સતત પરિવર્તનશીલ છે. ગંગા નદીના પૃથ્વી પરના સતત અવતરણ સમયે ગંગાનો પ્રચંડ પ્રપાત ઝીલવા પૃથ્વી સક્ષમ નહોતી, તેથી શિવે પોતાની જટામાં એ જળપ્રવાહ જકડી લીધો અને પછી એમાંથી ગંગા નદીની પાતળી ધારા રૂપે ગંગાએ પૃથ્વી પર અવતરણ કર્યું.

ભૂમિતિમાં ત્રિકોણની આકૃતિ સ્થિરતા અને ગતિશીલતા બંને સૂચવે છે. ઉપરની તરફ ટોચ બતાવતો ત્રિકોણ સ્થિરતા અને નીચલી તરફ ટોચ બતાવતો ત્રિકોણ ગતિશીલતા સૂચવવા માટે બતાવાય છે. આકૃતિ ૪-૧૬માં એ સવિસ્તર સમજાવ્યું છે. રંગોની સૃષ્ટિમાં શ્વેત રંગ શાંતિ(સ્થિરતા)નો સૂચક છે. શ્વેત રંગ મેઘધનુષ્યના સાત રંગોના પરાવર્તનથી બને છે. સરસ્વતીદેવી (ચિત્ર ૩-૪) શ્વેત વસ્ત્રો પરિધાન કરે છે. કાળો રંગ ગતિશીલતાનો સૂચક છે, કારણ કે એમાં બધાં રંગો ભળી જાય છે. લાલ રંગ સુષુપ્ત શક્તિઓ દર્શાવે છે અને લીલો રંગ પ્રત્યક્ષ દેખાતી શક્તિ (ઊર્જા) દર્શાવે છે. વરસાદ આવતા પહેલાં ધરતીની માટીનો રંગ લાલ છે. ધરતીમાં વાવેલાં બીજ એ સમયે ધરતીમાં (સ્થિર) સુષુપ્ત અવસ્થામાં છે, પરંતુ વરસાદ પડયા પછી એનામાં પ્રાણસંચાર થાય છે, પ્રાણશક્તિ પ્રગટે છે ત્યારે એ ધરતીનું પડ ચીરીને અંકુરિત બનીને ધરતીમાંથી બહાર આવે છે ત્યારે એનો રંગ લીલો હોય છે. માટે લક્ષ્મી (ચિત્ર ૩-૬) અને દુર્ગા (ચિત્ર ૩-૮) લાલ રંગની ચૂંદડી પહેરે છે અને અન્નપૂર્ણા લીલા રંગની ચૂંદડી પહેરે છે, તે સૂચક છે.

કમળ સૂચવે છે કે તે કાદવમાંથી ઊગતું હોવા છતાં એનામાં રસ, સૌંદર્ય અને સુગંધ છે.

ધાન્ય અને સુવર્ણથી ભરેલો કળશ નીજી સંપત્તિનું અક્ષયપાત્ર છે, જે વિપુલતા સૂચવે છે.

સોનામહોરોની વૃષ્ટિ વિપુલતા સૂચવે છે.


ચિત્ર ૩-૬

ઐશ્વર્યની દેવી લક્ષ્મી

આકાશમાં ધ્રુવનો તારો ઉત્તર દિશામાં આવેલો છે. ધ્રુવનો તારો સ્થિર-અચલ છે તેથી ઉત્તર દિશા સ્થિરતા, ડહાપણ અને અમરતાની સૂચક છે. દક્ષિણ દિશા મૃત્યુ અને પિતૃલોકની (પરિવર્તન) સૂચક ગણાય છે.

શરીરમાં ડાબી બાજુ બદલાતી સ્થિતિ સૂચવે છે. આપણે સૂતા હોઈએ કે સ્થિર બેઠા હોઈએ ત્યારે પણ શરીરમાં ડાબી બાજુએ આવેલ હૃદય ધબકતું હોય છે અને શરીરની જમણી બાજુ સ્થિર અને શાંત હોય છે, તેથી જમણી બાજુને આત્માની સૂચક માનવામાં આવે છે. બદલાતી સ્થિતિ એટલે કે પરિવર્તન પરાધીન છે તેથી શરીરના ડાબા અંગને અમંગળ ગણવામાં આવે છે અને શાંત ભાવે સ્થિર રહેલા જમણા અંગને મંગળ ગણવામાં આવે છે.

માનવજાતિમાં બ્રહ્મચર્યનિષ્ઠ યોગીને (શિવ) શાંત અને સ્થિર આત્મા અને નર્તકીને (જીવ) ગતિશીલ જગત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. શિવ અને જીવ વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે, તેમ છતાં શિવ અને જીવનાં ઐક્યથી જ જીવનની રચના થાય છે. આમ, જીવન એટલે શાશ્વત સત્ય (ઋતુ) અને અવસ્થા પ્રમાણે બદલાતા સત્યનું સંયોજન. ચિત્ર ૩-૯માં શાશ્વત સત્ય (ડાબી બાજુએ પુરુષ) અને અવસ્થાપ્રમાણે બદલાતા સત્યને (જમણી બાજુએ નર્તકી) બતાવવામાં આવ્યું છે.


શિવની જટામાં ગંગાનો
પ્રચંડ પ્રવાહ જકડાઈ ગયો
છે અને એમાંથી ગંગાની
પાતળી ધારા વહે છે.
જટામાં ક્ષીણ થયેલો
બીજનો ચંદ્ર કાળક્રમે
આવનારા અંતનો
સૂચક છે.
ભસ્મથી કરેલું ત્રિપુંડ
આધિભૌતિક, આધિદૈહિક
અને આધ્યાત્મિક
સંતાપોનો સંહાર સૂચવે છે.
શિવના કંઠ પર ત્રિશૂળ
આકારનું એક ડાળી સાથે
ત્રણ પાનવાળું બિલ્વપત્ર
પણ વિભિન્ન સત્યો (હું,
મારું જગત અને હું જે
નથી અનુભવી રહ્યો તેવું
જગત)નું ઐક્ય સૂચવે છે
અગ્નિથી બળીને
સર્વનાશ થતાં ઉત્પન્ન
થયેલી ભસ્મ શિવે
એમના દેહ પર ચોળી છે.
ભસ્મ આત્માનું પ્રતીક છે.
જેમ સર્વનાશ થયા પછી
ઉત્પન્ન થયેલી ભસ્મનો ફરી
નાશ થતો નથી, તે રીતે
આત્મા શાશ્વત છે.
શિવે કમર પર વીંટાળેલું
વ્યાઘ્રચર્મ એમને
યોગી તરીકે સૂચવે છે.
શિવ એમના હાથમાં
માનવખપ્પર અથવા
કોળું રાખે છે, પરંતુ
કેલેન્ડર આર્ટના કલાકારે
અહીં કમંડળ દોર્યું છે.

ચિત્ર ૩-૭

સંહારક શિવ

અર્ધનારી-ઈશ્વર અથવા જેમનું અર્ધું અંગ નારી સ્વરૂપે છે તેવા શિવનું ચિત્ર ૩-૯ખૂબ પ્રસિદ્ધ છે. આ ચિત્રનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરીને એવા નિષ્કર્ષ પર આવી શકાય કે ભારતીય સંસ્કૃતિમાં નારીને દિવ્યતાનો અંશ માનવામાં આવે છે. ઘણી ઓછી સંસ્કૃતિઓમાં નારી સ્વરૂપને દિવ્ય ગણવામાં આવ્યું છે. ઘણા ઓછા લોકો દિવ્યતાને અંશતઃ નરજાતિમાં અને અંશતઃ નારિજાતિમાં જુએ છે. આ ચિત્રને જોઈને સહેલાઈથી માની શકાય કે ભારતમાં અસંદિગ્ધ જાતિઓને - સ્ત્રીમાં પુરુષનાં લક્ષણો અને પુરુષમાં સૈણ લક્ષણોને સ્વીકારી લેવામાં આવે છે. પરંતુ દુર્ભાગ્ય સમાજની સાચી હકીકત બહાર આવતી નથી. હા, ભારતમાં સંદિગ્ધ જાતીયતા – સ્ત્રી અને પુરુષનાં બંનેનાં લક્ષણો સાથે ધરાવતી ‘હીજડા’ઓની જમાત છે, પરંતુ આપણા સમાજમાં એમને સ્થાન આપવામાં આવતું નથી.

કમભાગ્યે આપણે જે જગતમાં રહીએ છીએ, તેમાં ભાવના કરતાં એના સ્વરૂપ પર વધારે ભાર મૂકવામાં આવે છે. સ્વરૂપને સાચું માનવામાં આવે છે, તેથી જ ‘અર્ધનારીશ્વર’ને દૈવી માનવાના બદલે અર્ધભૌતિક અને અર્ધ-આધ્યાત્મિક દશાનું નિરૂપણ કરતાં અર્ધનારી – ઈશ્વર તરીકે ઓળખવામાં આવે છે.

પ્રતીકાત્મક રીતે કહીએ તો આ ચિત્રમાં પુરુષનું અર્ધું અંગનિરાકાર દિવ્યતા બતાવે છે જેને વેદોમાં ‘પુરુષ’, વૈષ્ણવ ધર્મગ્રંથોમાં ‘નારાયણ’ અને શૈવ ધર્મગ્રંથોમાં ‘શિવ’ કહેવામાં આવે છે અને નારીનું અર્ધું અંગ સાકાર દિવ્યતા (નર, નારી અને નાન્યતર જાતિ) બતાવે છે. નારી સ્વરૂપને વેદોમાં પ્રકૃતિ’, વૈષણવ ધર્મગ્રંથોમાં ‘માયા’ અને શૈવ ધર્મગ્રંથોમાં ‘શક્તિ’ કહેવામાં આવે છે.

આ ચિત્ર વિવાદાસ્પદ છે, કારણ કે એની ઓળખ પુરુષપ્રધાન વધારે છે – એ અર્ધું અંગ જેનું નારીનું છે તેવા દેવ છે. અર્ધું અંગ જેનું નરનું છે એવી દેવી નથી. ધાર્મિક ગ્રંથોમાં ક્યાંયે અર્ધ-નર ઈશ્વરનો ઉલ્લેખ નથી. દેખીતી રીતે જ આ દૈવી સ્વરૂપમાં લિંગ – એટલે કે જાતિ(gender)નો પ્રભાવ વધારે છે. અર્ધનારીશ્વર શિવનું એક સ્વરૂપ છે.

એક કથા પ્રમાણે શિવભક્ત ભંગી ઋષિ શિવની પ્રદક્ષિણા કરવા ઈચ્છતા હતા, પરંતુ એમને શિવપત્ની પાર્વતીની પ્રદક્ષિણા કરવી નહોતી અને પાર્વતીને એ રુચતું નહોતું કે ભંગી ઋષિ માત્ર શિવની જપ્રદક્ષિણા કરે. એથી ભંગી ઋષિ શિવ અને પાર્વતીની વચ્ચેથી પસાર થઈ ન શકે તે ખોળામાં બેસી ગયાં. એથી ભૃગી ઋષિએ મધમાખીનું સ્વરૂપ ધારણ કર્યું, જેથી એ શિવ-પાર્વતીનાં મસ્તકોની વચ્ચેથી ઊડીને શિવની પ્રદક્ષિણા કરી શકે. પાર્વતી એ પણ થવા દેવા માગતા નહોતા, એટલે એ (પાર્વતી) શિવના દેહમાં એકાકાર થઈ ગયાં. ત્યાર બાદ ભંગી ઋષિએ કીડાનું સ્વરૂપ ધારણ કર્યું અને એમાંથી રસ્તો કાઢવા માટે પાર્વતીને પરેશાન કરવા લાગ્યા. આમ, જાત-જાતના પ્રયત્નો કરવા છતાં પાર્વતી માન્યા નહીં અને ઋષિ પર કોપાયમાન થયાં અને એમને શ્રાપ આપ્યો કે ઋષિને એમની માતા તરફથી મળેલા દેહના અવયવોમાં લોહી કે માંસ (શરીરનો પોચો ભાગ) રહેશે નહીં. પરિણામે ઋષિનું શરીર માત્ર હાડપિંજર બનીને રહી ગયું. ભૃગી ઋષિ હવે એમના પગ પર ઊભા રહી શકતા નહોતા. આથી શિવને ભક્તની દયા આવી. તેમણે ઋષિને ત્રીજો પગ આપ્યો, જેથી એ ત્રણ પાયાવાળી ટિપાઈની જેમ ત્રણ પગ પર ઊભા રહી શકે અને સહુને યાદ અપાવે કે દિવ્ય અર્ધનારીના સ્વરૂપની અવગણના કરનારને કેટલું ભારે મૂલ્ય ચૂકવવું પડ્યું હતું! દક્ષિણ ભારતમાં આવેલા એક તામિલ મંદિરની આ કથા છે.



ચિત્ર ૩-૮
શકિત, પ્રેમ અને મનોભાવોની આદ્યશકિવ

આ ચિત્રના સંદર્ભમાં ઉત્તર ભારતમાં આવેલા હિમાચલ પ્રદેશમાં બીજી એક કથા છે. પાર્વતીએ શિવની જટામાં ગંગાને બંધાયેલી જોઈ ત્યારે એ ક્રોધે ભરાયાં. પાર્વતી શિવના ખોળામાં બેઠાં હોય ત્યારે શિવ એમના મસ્તક પર બીજી સ્ત્રીને કેવી રીતે બેસાડી શકે? આ સ્થિતિ એમનાથી સહન થતી નહોતી. આથી પાર્વતીને શાંત પાડવા માટે શિવે પાર્વતીના દેહમાં પોતાનો દેહ એકાકાર કરી દીધો અને એ અર્ધનારી બની ગયા.

આ ચિત્રમાં દેવને નર સ્વરૂપે કેમ બતાવ્યા છે? આ ચિત્ર દર્શાવે છે કે શક્તિ (જગતજનની) સિવાય

શિવ અપૂર્ણ છે. જીવ વગર શિવ અપૂર્ણ છે. જીવ આપણને મૂઢતા તરફ, ભોગવાદ તરફ ખેંચી જાય છે. ભોગવાદના પ્રવાહમાં તણાવું ન હોય તો શિવની ઉપાસના કરવી જોઈએ. આપણે ભોગવાદની ટીકા કરીએ છીએ. ભૌતિક વાસ્તવિકતાને ઊતરતી કોટિની ગણીએ છીએ, પરંતુ સાંસારિક સમાજનો સ્વીકાર કરીને ઈશ્વરને ભજવા જોઈએ. શક્તિ (જગતજનની) પ્રત્યે ભક્તિભાવ દર્શાવતું આ ચિત્ર આપણને યાદ કરાવવાનો પ્રયત્ન કરે છે કે જડ પ્રકૃતિને લીધે જ આપણે ચૈતન્યરૂપ પુરુષને (આત્મા) ઓળખી શકીએ છીએ. આ ચિત્રમાં અર્ધભૌતિકતાને અકલ્યાણકારી ડાબી બાજુએ સ્થાન આપીને તેનું મહત્ત્વ ગૌણ બતાવ્યું છે.

ત્રિશૂળની ત્રણ પાંખો એક દંડમાં ભેગી થાય છે તે વિભિન્ન સત્યોનું (હું, મારું જગત, અને મને જેનો અનુભવ નથી થતો તેવા જગતનું ઐક્ય) ઐક્ય સૂચવે છે.

કમળ સંભાવ્યતાઓનું પ્રફુલ્લીકરણ સૂચવે છે.

બરફાચ્છાદિત પર્વતોના કારણે આ ચિત્ર શિવનું છે એમ દઢપણે કહી શકાય, કારણ કે શિવ હિમાલયનિવાસી છે.

રુદ્રાક્ષની માળા સંહારની સંભાવના સૂચવે છે.

હૃદય શરીરમાં જમણી બાજુએ નથી, તેથી જમણી બાજુ સ્થિર (શાંત) અને પવિત્ર મનાય છે.

ડાબી બાજુએ આવેલું હૃદય મનોભાવો અને ગતિશીલતા સૂચવે છે.

શિવના અંગ પર ભસ્મ (ભભૂત) લગાવેલી છે.

નારી દેહ સુગંધી તેલ લગાવ્યું છે.

નંદિ નિઃસ્પૃહતા અને મુક્તિ સૂચવે છે.

સિંહ આધિપત્યની ભાવના સૂચવે છે.

શરીર પર શિવે મૃગચર્મ વીંટાળ્યું છે.


નારી દેહે આભૂષણ અને વસ્ત્રો પહેર્યાં છે, તે એ યુગમાં સુવર્ણકારો અને વણકરોનું અસ્તિત્વ સૂચવે છે.

ચિત્ર ૩-૯
અર્ધનારીશ્વર

આ પુસ્તકમાં હવે આગળ આવતાં ચિત્રોમાં આપણે સતત ડાબી બાજુ અને જમણી બાજુના વર્ણનમાં ભૌતિક અને આધ્યાત્મિક સત્ય વચ્ચેનો ભેદ સમજી શકીશું. ગણેશની સુંઢ (ચિત્ર ૧-૧૭) હંમેશાં ડાબી બાજુ વળેલી બતાવાય છે. વિષ્ણુને કૃષ્ણ સ્વરૂપે જમણા પગનો અંગૂઠો ચૂસતા અને ડાબા પગ પર જમણો પગ મૂકેલા (ચિત્ર ૨-૭) બતાવાયા છે. એ આપણને યાદ કરાવે છે કે આપણા જીવનમાં આધ્યાત્મિક અને ભૌતિકતા વચ્ચે, જગતનિયંતા(God) અને જગતજનની (Goddess) વચ્ચે સતત સંવાદ ચાલતો રહે છે અને એ બેનો સમન્વય થાય ત્યારે સૃષ્ટિનું નિર્માણ થાય છે.



શિવનું રહસ્ય
રુદ્ર સંહાર




ચિત્ર ૪-૧
શિવ, સંહારક

ચિત્ર ૪-૧માં બરફાચ્છાદિત પર્વતો પર આવેલી ગુફામાં કમર પર મૃગચર્મ વિંટાળીને પદ્માસનમાં સ્થિત એક જોગીને બતાવ્યા છે. એ મહાદેવ શિવ છે. સામાન્ય રીતે શિવ 'સંહારક' તરીકે ઓળખાય છે. શિવ સંહાર કરે છે તેથી 'સંહારક' છે, પરંતુ શિવ શેનો સંહાર કરે છે? સામાન્ય અર્થમાં ક્રોધાવેશમાં થતી તોડફોડને 'સંહાર' કહેવાય છે, પરંતુ આ જોગી તો શાંત અને સ્વસ્થ છે. એ પોતાના ભાવવિશ્વમાં રમમાણ છે. એમનાં નેત્રો અર્ધાં બિડાયેલાં અને નીચે નમેલાં છે. જાણે કે એમના દર્શનાર્થીઓ તરફ દૃષ્ટિપાત કરવામાં એમને રસ નથી. એ અલિપ્ત છે. તો પછી એ સંહારક કેવી રીતે હોઈ શકે?

'સંહાર' વિશેની આપણી સમજના કારણે આ બધા પ્રશ્નો ઊભા થાય છે. શિવ શેનો સંહાર કરે છે? આપણા ધર્મગ્રંથોમાં કામાંતક, યમાંતક અને ત્રિપુરાંતકનો ઉલ્લેખ ઘણી બધી જગ્યાએ જોવા મળે છે. કામાંતક એટલે કામનો અંત (સંહાર), યમનો અંત (સંહાર) અને ત્રિપુરનો અંત (સંહાર) એટલે કે વાસનાઓનો સંહાર, મૃત્યુનો સંહાર અને ત્રિલોકનો સંહાર.

શિવ પોતાનું ત્રીજું નેત્ર ખોલી, એમાંથી પ્રગટતી જવાળાઓથી કામદેવને ભસ્મ કરી દે છે. કામદેવ આપણામાં કામવાસના જાગૃત કરે છે. કામવાસનાને ઉત્તેજિત કરનાર કામદેવનો શિવ સંહાર કરે છે. મનુષ્યના મૃત્યુ અને પુનર્જન્મનું સંચાલન. યમ કરે છે. શિવ યમનો પણ સંહાર કરે છે. મનુષ્યનાં કર્મનાં બંધનોનો હિસાબ યમ રાખે છે અને તેના આધારે જીવનચક્ર ફરે છે. યમનો સંહાર કરીને શિવ એ કર્મનો નાશ કરે છે. યમના મૃત્યુના કારણે મૃત્યુ અને પુનર્જન્મ થતાં નથી અને મનુષ્યના જીવનચક્રની ગતિ અટકી જાય છે. હવે જ્યારે કામનો અને યમનો સંહાર થાય છે ત્યારે ત્રિપુર — ત્રણે લોકનો પણ વિનાશ થાય છે — સંહાર થાય છે, (આ ત્રણ લોક એટલે મનની જાગૃત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સુષુપ્ત અવસ્થા) આ ત્રણ લોક કયા છે? વેદ પ્રમાણે સૃષ્ટિ, અંતરિક્ષ અને આકાશ. જ્યારે પુરાણો પ્રમાણે પૃથ્વીલોક, પાતાળલોક અને સ્વર્ગલોક. આ જગત વસ્તુલક્ષી નહીં, પણ વિષયલક્ષી છે. આ જગતની રચના આપણી કલ્પના અને ભાવનાઓ પર આધારિત છે. વસ્તુતઃ શિવ આપણા જીવનમાં ઉદ્ભવતી વાસનાઓનો સંહાર કરે છે, આપણને સતાવતા મૃત્યુના ભયનો સંહાર કરે છે અને આપણા મનની જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સુષુપ્ત અવસ્થાનો સંહાર કરે છે.


શિવનો પોઠિયો અથવા નંદી સંસારથી વિરક્ત રહેવા ઇચ્છતા શિવે પોતાનામાં સમાવી લીધેલી પ્રબળ પૌરુષશક્તિને રજૂ કરે છે.
સંહાર થયા પછી ઉત્પન્ન થયેલી બધી જ ઉષ્ણતા શિવે પોતાના શરીરમાં સમાવી લીધી છે, તેથી તેમની આસપાસના પર્વતો બરફથી આચ્છાદિત છે.
શ્યામ હોઠ શિવની આંતરિક શાંતિ સૂચવે છે.
સૃષ્ટિને બચાવવા માટે શિવે વિષપાન કર્યું હોવાથી એમનો કંઠ વાદળી (નીલ) રંગનો છે.
ડાબા ખભે ધારણ કરેલી યજ્ઞોપવિત શિવને વેદોમાં પારંગત સૂચવે છે.
જગતજનની શિવનાં નેત્રો ખોલાવે છે અને સંહારથી ઉત્પન્ન થયેલી ઉષ્ણતાને મુક્ત કરાવે છે ત્યારે એ ઉષ્ણતાથી બરફ ઓગળીને નદીમાં રૂપાંતરિત થાય છે.
માટીની ચલમમાં ગાંજો ભરીને ફૂંકવામાં આવે છે તે પછી મન ભૌતિક વાસ્તવિકતાઓથી દૂર ખેંચાઈ જાય છે.

ચિત્ર ૪-૨

આશુતોષ શિવ

ભસ્મ (રાખ) વિનાશનું પ્રતીક છે અને શાશ્વતતાનું પણ પ્રતીક છે. કોઈ પણ પદાર્થને બાળવાથી તેની ભસ્મ બને છે, પરંતુ ભસ્મને બાળી શકાતી નથી. તેથી ભસ્મને અમત્વ અવિનાશી આત્માનું પ્રતીક માનવામાં આવે છે, કારણ કે દેહનો નાશ થાય છે ત્યારે આત્માનો નાશ થતો નથી. શિવના કપાળ પર ભસ્મથી કરેલું ત્રિપુંડ (ત્રણ આડી રેખાઓ) ત્રિલોકના સંહારનું સૂચક છે. ત્રિપુંડ દ્વારા આ જગતની અવ્યવસ્થા, ગતિશૂન્યતા અને વિસર્જનની સ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શિવનું ત્રિશૂળ, જેમાં ત્રણ પાંખિયાં એક દંડમાં જોડાયેલાં છે, તે ત્રણે લોક વિસર્જન પામી એક બને છે, તેનું નિરૂપણ કરે છે. હિન્દુ માન્યતા પ્રમાણે જ્યારે વિષય અને વસ્તુ, દ્રષ્ટા અને દૃશ્ય, જીવ અને શિવ વચ્ચે ભેદ હોય છે ત્યારે સર્જન થયું હોય છે. શિવ આ દ્રષ્ટા અને દૃશ્ય, વિષય અને વસ્તુ, જીવ અને શિવ વચ્ચેના ભેદનો સંહાર કરે છે તે રીતે ત્રણે લોક એકત્વ પામે છે (માનવજીવનમાં રહેલી આધિભૌતિક. આધિદૈવિક અને આધ્યાત્મિક વાસનાઓ હણવા માટે ત્રિશૂળ પ્રતીકરૂપ બતાવ્યું છે.).

શિવ સંહાર કેવી રીતે કરે છે? શિવ આ જગતને જોવા ઈચ્છતા નથી. દ્રષ્ટા બનવા માગતા નથી તેથી તેમનાં નેત્રો બીડીને સંહાર કરે છે. બાહ્યજગતથી વિમુખ થવાની વૃત્તિને આ ચિત્રમાં રજૂ કરવામાં આવી છે, જેમાં શિવને ઈન્દ્રિયોની અનુભૂતિ થતી નથી. શિવના અર્ધબીડેલાં નેત્રો યમ, કામ અને ત્રિલોક પ્રત્યે વૈરાગ્યભાવ સૂચવે છે. એ ચિત્ર ૪-૨માં દર્શાવેલા શિવની પાછળ ઊભેલા એકાકી નંદી જેવા છે – સમર્થ અને શક્તિશાળી પરંતુ તદ્દન મુક્ત. એ સમાજના ભાગરૂપ નથી. એ આ જગત પ્રત્યે કઠોરતા દાખવતા નથી. આ જગત પ્રત્યે એ નિઃસ્પૃહ છે. ગાઢ નિદ્રામાં શયન કરતા વિષ્ણુની જેમ એ સર્વવ્યાપક મહાયોગી છે – શાંત અને સ્વસ્થ. એમના ગળામાં વીંટાળેલો ફેણવાળો નાગ, એ જ્યાં બિરાજમાન છે તે પર્વત અને એમની ચોતરફ રહેલા હિમ દ્વારા શિવની શાંત અવસ્થા બતાવી છે.

પુરાણકથામાં શિવ દિગંબર અવસ્થામાં ઉત્તેજિત લિંગ સાથે બતાવ્યા છે. શિવની આ છબી જનસમાજને ન રુચે તેથી તેમની કમર ફરતે મૃગચર્મ વિટાળેલા અહીં બતાવ્યા છે. મૃગચર્મ સૂચવે છે કે શિવ યોગી હતા, તેથી વનમાંથી પ્રકૃતિ પાસેથી જે મળી આવે એનો એ ઉપયોગ કરતા હતા.




श्री मल्लिकार्जुन
श्री नागेश्वर
भौतिकजगतने अर्थहीन
માનીને સંસારથી વિરક્ત
રહેવા માગતા શિવનું
સ્થૂળ પ્રતીક લિંગ છે.
श्री विश्वनाथ
श्री भिमाशंकर
श्री त्र्यम्बकेश्वर
श्री बैद्यनाथ
श्री ममलेश्वर
श्री केदार नाथ
श्री घृष्णेश्वर
श्री महाकालेश्वर
યોનિ શક્તિનું સૂચક છે, જે
ભૌતિકજગતમાં વ્યાપ્ત છે અને
શિવને સંસાર તરફ વાળીને તેનો
અર્થ સમજાવવા પ્રયત્નશીલ છે.

ચિત્ર ૪-૩

લિંગ-યોનિ

ચિત્ર ૪-૩માં દર્શાવેલા શિવલિંગ અંગે ઘણી જિજ્ઞાસા ઉદ્ભવે છે. સામાન્ય જનસમુદાય ઝડપથી એવા નિષ્કર્ષ પર આવી જાય છે કે એ પ્રજોત્પત્તિની પ્રક્રિયાનું પ્રતીક છે. એથી ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે જે સ્વયં સંહારક છે તે પ્રજોત્પત્તિનું ઉદ્ગમસ્થાન કેવી રીતે હોઈ શકે? એનો સીધોસાદો અને સરળ જવાબ છે કે જે સંહાર કરે છે, તે સર્જન પણ કરે છે. એનો અર્થ એવો પણ થાય છે કે જે સર્જનહાર છે તે સંહારક છે. એટલે કે બ્રહ્મા અને શિવ એક જ હોવા જોઈએ. તો પછી હવે પ્રશ્ન થાય છે કે તો પછી શિવની પૂજા કરાય છે અને બ્રહ્માની પૂજા કેમ નથી થતી? સ્પષ્ટ છે કે બ્રહ્માએ આ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે, જેમાં ભૌતિકવાદ મુખ્ય છે. આથી નાશવંત ભૌતિકવાદનું સર્જન કરનાર બ્રહ્મા પૂજનીય બનવાની યોગ્યતા ધરાવતા નથી, જ્યારે શિવ વાસના અને વિકારોનો સંહાર કરે છે, તેથી તે સંહારક હોવા છતાં પૂજનીય છે. આપણી સમજશક્તિની મર્યાદાના કારણે – દૃષ્ટાંતોના કારણે મુખ્ય બાબત સમજાતી નથી. જો આપણે ગણેશનું રહસ્ય (પ્રકરણ-૧) સમજી ગયા હોઈએ, તો સમજાશે કે દરેક લોકો આ જગતને અલગ-અલગ દૃષ્ટિએ જુએ છે. આ અભિગમ રાખીને વધારે સારી રીતે સમજાવી શકાશે કે સર્જનહાર એટલે વિવિધ સંસ્કૃતિઓની વિવિધતા. હિન્દુ સંસ્કૃતિમાં શિવે વાસનાઓનો અને કર્મનો સંહાર કર્યો, તેથી તે પૂજનીય બન્યા છે.

શિવનું ઉત્તેજિત લિંગ તેમનાં બીડેલાં નેત્રોના સંદર્ભમાં જોવું જોઈએ. શિવ એમનાં પત્નીના સંગ વગર, બીડેલાં નેત્રો રાખીને બિરાજમાન છે. આ ચિત્રસ્થિતિ જોગીને અનુરૂપ છે, પરંતુ કેલેન્ડર આર્ટ ગૃહસ્થોના ઘરને શોભાવે છે. ભારતનાં લગભગ દરેક ઘરોમાં આ ચિત્રવાળું કેલેન્ડર જોવા મળે છે. તેમાં શિવનાં ખુલ્લાં નેત્રો હોય તેવું ચિત્ર ગૃહસ્થો વધારે પસંદ કરે છે તેથી ચિત્રકળા સાથે સમાધાન કર્યા વગર ભક્તોના સંતોષ માટે શિવનાં નેત્રો અર્ધખુલ્લાં-અર્ધબીડેલાં રાખવામાં આવ્યાં છે. શિવનાં બીડેલાં નેત્રો ઘણાં સૂચક છે. સામાન્ય રીતે બાહ્ય ઉત્તેજનાના કારણે ઇન્દ્રિયો સંવેદનશીલ બને છે ત્યારે લિંગ ઉત્તેજિત થાય છે, પરંતુ અહીં શિવનું લિંગ બાહ્ય ઉત્તેજનાના પરિણામે નહીં, સ્વયંભૂ ઉત્તેજિત થઈને જાગૃત થયું છે. તેથી એમ કહી શકાય કે અહીં બતાવેલું ઉત્તેજિત લિંગ ભૌતિક સુખ કે 'રસ'ના કારણે નહીં, પણ પોતે અનુભવેલી સંતૃપ્તિના કારણે જન્મેલા 'આનંદ' અથવા આધ્યાત્મિક અનુભૂતિથી ઉત્તેજના પામ્યું છે. આ રીતે દ્રષ્ટાની મહત્તાને શિવ અમાન્ય ઠેરવે છે એ ભૌતિકજગતનું મહત્ત્વ નથી આંકતા. તેના પ્રત્યે એ નિ:સ્પૃહ છે. પૌરાણિક પરિભાષા પ્રમાણે એમને જગતજનનીની આવશ્યકતા નથી.


પોતાનો સ્વીકાર ઇચ્છતાં જગતજનનીનું વિકરાળ અને હિંસક સ્વરૂપ.
કાલીને નિયંત્રણમાં રાખવા માગતા અસુરોનું રક્તપાન કરવા માટે તત્પર કાલીએ જીભ બહાર કાઢી છે તે પ્રકૃતિને નિયંત્રણમાં રાખવાનો અવિચારી પ્રયત્ન કરનારને યાદ અપાવવા માટે છે.
શિવે શક્તિરૂપ ધારણ કર્યું છે અને શક્તિ એના પર ચઢીને સંહારક બને છે.
માનવ-મસ્તકો અજ્ઞાનતાનાં કારણે ભૌતિકજગતને વશ કરવાની ઇચ્છાથી નીપજતા અહંકારનાં પ્રતીક છે.
શિવનાં બીડેલાં નેત્રો નિર્લેપતા સૂચવે છે.


ચિત્ર ૪-૪

કાલી શિવની ઉપર ઊભા રહ્યા છે.

જેમ દક્ષિણ વગર ઉત્તરનું અસ્તિત્વ નથી, ડાબી બાજુ વગર જમણી બાજુનું અસ્તિત્વ નથી, જેમ 'ચલ' વગર 'અચલ'નું અને ગતિ વગર સ્થિરતાનું અસ્તિત્વ નથી, તેમ દૃશ્ય વગર દ્રષ્ટાનું અસ્તિત્વ નથી. જગતનિયંતાને જગતજનનીની આવશ્યકતા છે, તેથી સંહારક શિવનાં નેત્રો ખૂલવા જરૂરી છે. શિવનાં નેત્રો ખોલાવવા માટે જગતજનની તેમનું આદિમ સ્વરૂપ ધારણ કરી. 'કાલી' સ્વરૂપે રૂપાંતરિત થાય છે અને શિવને જાગૃત કરવા તેમના શરીર પર નૃત્ય કરે છે.

ચિત્ર ૪-૪માં જગતજનની કાલી નિર્વસત્ર અવસ્થામાં છે (સૌજન્યપૂર્ણ રીતે એમના દેહને ઢાંકવામાં આવ્યો છે) અને તે ભૂમિ પર તદ્દન નિર્લેપભાવથી સૂતેલા શિવની ઉપર નૃત્ય કરતાં બતાવાયાં છે. શિવ નિ:સ્પૃહ થઈને, પ્રયત્નશીલ બન્યા વગર સૂતા છે. જે એમની નિર્વિકારી અવસ્થા બતાવે છે. શિવને ભોગવાદ સ્પર્શતો નથી. કાલી નિર્વસત્ર, આભૂષણવિહીન, પવિત્ર અને સંસ્કૃતિના સ્પર્શ થયા વગરના શુદ્ધ બતાવાય છે. એ પોતાના નિર્ણયમાં કૃતનિશ્ચયી છે. કાલી શિવને ભૌતિકજગતનું અને તેનું રક્ષણ કરવાનું મહત્ત્વ સમજાવવા માગે છે. શિવનાં નેત્રો ખોલાવી તેમને દ્રષ્ટા બનાવવા માગે છે.

કાલી ગતિશીલ છે તો શિવ ગતિશત્ય છે. કાલી ઊભા સ્વરૂપે છે, તો શિવ સૂતેલા આડા સ્વરૂપે છે. કાલી દક્ષિણમાં વસે છે, જ્યાં યમનું નિવાસસ્થાન છે, તો શિવ ઉત્તર દિશામાં વસે છે, જ્યાં ધ્રુવનો અચલ તારો અને હિમાચ્છાદિત પર્વતો છે. કાલી સ્ત્રી છે, જે પોતાની અંદર જીવન સર્જી શકે છે, જ્યારે શિવ પુરુષ છે. જેને જીવનું સર્જન કરવા માટે કોઈનો આધાર લેવો પડતો નથી, પરતુ જ્યાં સુધી કાલી શિવ સાથે સંયોગ ન કરે ત્યાં સુધી જીવનું સર્જન થઈ શકવાનું નથી. તેથી ચિત્ર ૪-૫માં બતાવ્યાપ્રમાણે કાલી શિવની ઉપર ચઢી બેસીને તેનામાં જીવ સર્જવા માટે શિવ પર દબાણ કરે છે. આ ચિત્રમાં જગતજનની કામદેવ (શેરડીના સાંઠાનું ધનુષ્ય અને પુષ્પબાણ) તથા યમદેવનાં (કુહાડી અને પાશ) ચિહનો ધારણ કરેલાં બતાવ્યાં છે. આ રીતે જગતજનની જન્મ અને મૃત્યુની પરંપરાનું પુનઃ સજીવન કરે છે. ફરી એક વાર માનવજાતિમાં જીવન જીવવાની ઈચ્છા જાગૃત થાય અને મૃત્યુના ભયનો અનુભવ થાય, તે માટે એ પુનર્જન્મનું જીવનચક્ર ફરી શરૂ કરાવે છે. માનવજીવનમાં આ બંને અનુભવો મનુષ્યને સંપત્તિ અને જ્ઞાન મેળવવા માટે પ્રયત્નશીલ રાખે છે. સંપત્તિ એટલે લક્ષ્મી અને જ્ઞાન એટલે સરસ્વતી. આ ચિત્રમાં કાલીની એક બાજુ લક્ષ્મી (લાલ વસ્ત્ર પરિધાન કરેલાં) અને બીજી બાજુ સરસ્વતી (શ્વેત વસ્ત્ર પરિધાન કરેલાં) જોઈ શકાય છે. જગતજનનીનું આ સ્વરૂપ ત્રિપુરા સુંદરી એટલે કે ત્રણે ભુવનની સુંદરતા ધરાવે છે. શિવે આ જ ત્રણે ભુવનનો – ત્રિલોકનો સંહાર કરીને એની ભસ્મ પોતાના લલાટ પર લગાવી છે.



જગતજનનીની પુત્રી તરીકે ઐશ્વર્ય પ્રદાન કરતાં લક્ષ્મી.
કામનાઓને જાગૃત કરવા શેરડીમાંથી બનાવેલું કામદેવનું બાણ.
જગતજનનીની પુત્રી તરીકે જ્ઞાન પ્રદાન કરતાં સરસ્વતી.
દેહ અને આત્માને અલગ કરતી મૃત્યુદેવ યમની હથોડી.
કામદેવનું પુષ્પબાણ.
સહુને પ્રારબ્ધમાં જકડી રાખતો યમનો પાશ.
લક્ષ્મી
શિવ
જગતજનનીની ખુલ્લાં નેત્રોવાળાં શિવ પર બિરાજમાન છે. તે સૂચવે છે કે શિવ શક્તિના
જગતનિયંતાના પુરુષ સ્વરૂપો જગતનિયંતાનાં સ્ત્રીસ્વરૂપોને શરણે બતાવ્યાં છે, જે આધ્યાત્મિક સત્યને ભૌતિક સત્યના શરણનું સૂચક છે.
બ્રહ્મા
રુદ્ર
મધુ સુધન
શંકર
શ્રી યંત્ર
જગતજનનીના પુત્ર ગણેશ બુદ્ધિપ્રધાન છે.
જગતજનનીના પુત્ર કાર્તિકેય સુંદર શરીર સાયુજ્ય ધરાવે છે.

ચિત્ર ૪-૫

રાજરાજેશ્વરી-જગતજનની તેના સંપૂર્ણ તેજ-વૈભવ સાથે.

ચિત્ર ૪-૪માં જગતજનનીના સ્વરૂપ કરતાં ચિત્ર ૪-૫માં બતાવેલું જગતજનનીનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે.પ્રથમ ચિત્રમાં એ વિકરાળ,નિર્વસ્ત્ર, શ્યામવર્ણા અને હિંસક છે. જ્યારે બીજા ચિત્રમાં એ સૌમ્ય, સુંદર વસ્ત્રો પરિધાન કરેલાં, ગૌરવર્ણા અને કરુણામય બતાવ્યાં છે. પ્રથમ ચિત્રમાં શિવ એમનાં નેત્રો ખોલવા ઈચ્છતા નથી. જ્યારે બીજા ચિત્રમાં શિવનાં નેત્રો ખુલ્લાં છે. પ્રથમ ચિત્રમાં જગતજનની કોપાયમાન છે, કારણ કે આત્મા વૈરાગી છે, તેથી જગતના લોકોને મનની અશાંત પરિસ્થિતિ, અભિમાન, અસલામતી તથા અહંભાવનો સામનો કરવો પડે છે. બીજા ચિત્રમાં આત્મા પ્રવૃત્ત છે, તેથી મન શાંત બન્યું છે, અહંભાવ ઓગળી ગયો છે. ચિત્ર ૧-૧માં જગતનિયંતા અને જગતજનનીએ બે સંતાનોની ઉત્પત્તિ કરી છે. એક, હાથીનું મસ્તક ધરાવતા ગણેશ અને બીજા ચક્રધારી કાર્તિકેય. ગણેશ સમૃદ્ધિ અને કાર્તિકેય સામર્થ્ય બક્ષે છે.

આ બંને ચિત્રોમાં જગતનિયંતાનું સ્થાન જગતજનની કરતાં નીચે (ઊતરતું) છે. કેટલાક વિદ્વાનો માને છે કે શાક્ત ધર્મ માતૃપ્રધાન હતો, પરંતુ હિન્દુ ધર્મમાં શૈવ અને વૈષ્ણવ પંથમાં પુરુષ દેવતાઓનું વર્ચસ્વ હતું. આ બંને ચિત્રોને પ્રતીકાત્મક રીતે જોઈએ તો એ આધ્યાત્મિકતાના બદલે ભૌતિકતાનું પ્રાધાન્ય બતાવે છે, કારણ કે એ બંને ફળ તો સમાન જ આપે છે.

ચિત્ર ૪-૬ શિવવિવાહનું છે. આ ચિત્ર દક્ષિણ ભારતમાં અતિપ્રચલિત છે. આ ચિત્રમાં જગતજનની નવવધૂ સ્વરૂપે છે અને સ્થાનિક લોકો જેમને જગતજનનીના ભાઈ માને છે તે વિષ્ણુ શિવના હાથમાં જગતજનનીને સોંપી રહ્યા છે. વિષ્ણુ પાલનહાર છે. એ જાણે છે કે જ્યાં સુધી શિવ યોગી છે ત્યાં સુધી આ જગત વૈરાગ્યભાવ અને સહારથી ડરતું રહેશે, તેથી શિવે આ જગત સાથે જોડાવું જોઈએ, તેથી જગતજનની સાથે તેમના વિવાહ થવા જોઈએ. આ ચિત્રમાં શિવે આભૂષણો ધારણ કર્યાં છે. એ સૂચવે છે કે એમણે એમનું યોગીપણું ત્યજી દીધું છે. હવે એ યોગી શિવમાંથી સંસારી ‘શંકર’ બન્યા છે. જગતની રીતરસમો અપનાવી રહ્યા છે, જે ક્યારેય સંભવ નહોતું.

શક્તિ અથવા જગતજનની પર્વતપુત્રી પાર્વતીના સ્વરૂપે લજ્જાથી શિવનું પાણિગ્રહણ કરે છે.
જગતજનની વિકરાળ કાલી સ્વરૂપે ભૌતિક સત્યમાં વ્યાપ્ત હતાં ત્યારે શિવ (આત્મા) નિર્લેપ હતા, પરંતુ એ ગૌરીનું સૌમ્ય સ્વરૂપ ધારણ કરે છે ત્યારે શિવ (આત્મા) આનંદિત છે.
જગતજનનીના ભાઈ સ્વરૂપે પાલનહાર વિષ્ણુ શિવ-પાર્વતીના સાયુજ્યના સાક્ષી છે.
યોગી શિવ હાથ લંબાવી પાર્વતીનું પાણિગ્રહણ કરીને સંસારી શંકર બનવા સંમત થાય છે.


ચિત્ર ૪-૬

શિવ અને શક્તિના વિવાહ


ચિત્ર ૪-૭માં શિવ યોગીમાંથી સંસારી બન્યા ત્યાં સુધીની સમયાવધિને આવરી લેતાં તેમનાં જીવનના વિવિધ પ્રસંગો બતાવ્યા છે. શિવનાં પ્રથમ લગ્ન કષ્ટદાયક હતાં. દક્ષની પુત્રી સતી સાથે તેમના લગ્ન થયાં હતાં. સતી શિવને અનહદ પ્રેમ કરતાં હતાં અને તેમને અનુસરતાં હતાં, પરંતુ એના પિતા પુત્રીની પસંદગીથી નારાજ હતા. શિવની જોગી જેવી વિરક્ત રીતભાત એ સ્વીકારી શકતા ન હતા. એકવાર એમણે યજ્ઞ કર્યો, ત્યારે યજ્ઞમાં આવવા માટે એમણે સર્વ દેવતાઓને આમંત્રણ આપ્યું. માત્ર શિવને જ આમંત્રણ ન અપાયું. તે છતાં સતી પોતાના પિતૃગ્રહે વગર આમંત્રણે યજ્ઞસ્થળે ગયાં અને ત્યાં અપમાનિત થયાં. દુ:ખી થયેલ સતીએ યજ્ઞવેદીમાં જ પોતાની જાતની આહુતિ આપી દેહત્યાગ કર્યો. આથી ક્રોધિત થયેલા શિવે યજ્ઞવેદીનો નાશ કર્યો અને તેમના શ્વસૂર દક્ષનો શિરચ્છેદ કર્યો. જેનું તેમને મન કંઈ મહત્ત્વ નહોતું એવી સામાજિક વ્યવસ્થાનો એમણે સંહાર કર્યો. આ રીતે શિવે બાહ્ય પરિબળથી પહેલી જ વાર પ્રતિક્રિયા આપી.શિવ સતીને અત્યંત પ્રેમ કરે છે. એટલે સતી જે આક્રોશથી મૃત્યુને ભેટે છે તેનાથી શિવ સખત ક્રોધે ભરાય છે અને એમનામાં બદલાની ભાવના જાગૃત થાય છે. જે તપસ્વી યોગી પોતાનાં નેત્રો ખુલ્લાં રાખીને જગતને જોવા પણ ઈચ્છતા નહોતા, એમના માટે આ ખૂબ મોટું પરિવર્તન હતું.

ચિત્ર ૪-૮માં શિવ સાચા પ્રેમીની જેમ સતીના મૃતદેહને ઊંચકીને આક્રંદ કરતા બનાવાયા છે. શોકમગ્ન શિવ ફરી હિમાલયની ગુફામાં નિવાસ કરવા ચાલ્યા જાય છે. દેવતાઓ ફરી તેમનાં લગ્ન કરાવવા માટે પ્રપંચ રચે છે. તે માટે એ કામદેવને નિમિત્ત બનાવીને શિવ પાસે મોકલે છે. કામદેવ શિવ પર પુષ્પબાણ ચલાવે છે, પરંતુ શિવમાં કામાગ્નિ ઉત્પન્ન થવાના બદલે તે કોપાયમાન થાય છે. પરિણામે શિવ તેમનું અગ્નિરૂપી ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મ કરે છે. સતીના વિયોગથી વિહવળ બની ગયેલા શિવ ફરી દેવોની વાતને વશ થવા તૈયાર નહોતા. એ પછી સતીનો પુનર્જન્મ હિમાલયની પુત્રી પાર્વતી તરીકે થાય છે. પાર્વતીએ શિવને પ્રાપ્ત કરવા માટે ઉગ્ર તપ કર્યું અને શિવને ગુફામાંથી બહાર આવવા માટે વિનંતી કરી. ત્યારે શિવ રીઝયા અને ગુફામાંથી બહાર આવી પાર્વતીને કહ્યું, 'હું તારા પર પ્રસન્ન છું. તું માગે તે હું તને આપું. પાર્વતીએ ઉત્તર આપ્યો, 'જો આપ મારા પર પ્રસન્ન થયા હો તો આપ મારા પતિ થાઓ. એમ હું ઈચ્છ છું.' પાર્વતીનાં તપ, ભક્તિ અને દૃઢ નિશ્ચયથી શિવ પ્રસન્ન થયા અને પાર્વતી સાથે લગ્ન કરવા સંમત થયા. આમ, શિવ જગતજનની સાથે આસક્તિથી (વાસના) નહીં, પરંતુ કૃપાથી જોડાયા. પાર્વતીએ એમને જગતનું કલ્યાણ કરવા તત્પર બનાવ્યા. ત્યાર પછી એ સંસારી બન્યા. શિવ હવે શંકર બન્યા.

જગતજનની શિવને જગત
સાથે આનંદથી પ્રવૃત્ત થવા
કહે છે તે પહેલાં શિવ ભૌતિક
બાબતો પ્રત્યે અનાસક્ત હતા.



ચિત્ર ૪-૭
શિવ વિશેની પારંપરિક જાણકારી



ચિત્ર ૪-૮
શિવ અને શક્તિનાં લગ્ન

ચિત્ર ૪-૯ શિવવિવાહના પ્રસંગને વર્ણવે છે : શિવને વરરાજા બની પાર્વતી સાથે લગ્ન કરવા માટે શ્વસુરગ્રહના રસ્તે જતા બતાવ્યા છે. એ જોગી હોવાથી વરરાજા તરીકેનું વસ્ત્રપરિધાન કેવું કરવું જોઈએ તેનાથી અજાણ હતા. તેમણે એમના દેહ પર ભસ્મનું લેપન કર્યું હતું. એમની સાથે જાનમાં વિચિત્ર રુદ્ર ગણ અને ભૂતપ્રેતો હતા. હિમાચલ પ્રદેશમાં શિવ-પાર્વતીનાં લગ્ન અંગેની વિવિધ કથાઓ પ્રચલિત છે. શિવના આવા ભિક્ષુવેશથી પાર્વતીનાં માતા અને હિમાલયનાં પત્ની ખૂબ વ્યથિત બની ગયાં. તે પુત્રીને લગ્નના નિર્ણય અંગે ફેરવિચારણા કરવા વિનવવા લાગ્યાં. છેવટે પાર્વતીએ ગૃહસ્થને શોભે એવા વરરાજા તરીકે માન આપ્યું અને ‘સોમસુદર’ અર્થાત્ ચંદ્ર સમાન સુંદર દેવતાનું રૂપ ધારણ કરીને જગતજનની પાર્વતી સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. કથા સૂચવે છે કે શિવ એટલે કે આત્માને સુંદરતા અને કુરૂપતા વચ્ચે, મનુષ્ય અને ભૂતપ્રેત વચ્ચે, શ્વાન અને ગાય વચ્ચે કોઈ ભેદભાવ હોતો નથી. જોકે આ વિચારશૈલી ઉદાત્ત હોવા છતાં સામાજિક ઢાંચામાં એ બંધબેસતી નથી. સમાજમાં અમુક ચોક્કસ રીતિનીતિ અને મૂલ્યો હોય છે. સમાજમાં સારું-નરસું, સુંદર-અસુંદર અને યોગ્ય-અયોગ્ય પણ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિવેકબુદ્ધિ હોય છે. રીતિનીતિ વગર વિવેકબુદ્ધિ અશક્ય છે. જોગી કે જતિ માટે આ રીતિનીતિ સાંસ્કૃતિક ભ્રમણા હોઈ શકે, પરંતુ સંસારીજન માટે એ સંસ્કૃતિનું આવશ્યક અંગ છે.

ચિત્ર ૪-૧૦માં શિવને હળાહળ વિષનું પાન કરતાં બતાવ્યા છે. જગતજનનીએ તેમનાં નેત્રો ખોલાવ્યાં છે. એ હવે જગતનાં દુ:ખોને અનુભવી શકે છે. એક સમયે અમૃત પ્રાપ્ત કરવા દેવ અને

અસુરોએ ક્ષીરસાગરમાં મંથન કર્યું હતું ત્યારે એમાંથી અમૃતની સાથે વિષ પણ બહાર આવ્યું હતું. એ વિષ સૃષ્ટિમાં ફેલાય તો સૃષ્ટિનો નાશ થાય એવી ભીતિ હતી. વિષપાન કરવા કોઈ સમર્થ ન હતું, તેથી બધા દેવતાઓ અમૃત અને વિષમાં ભેદ ન જોનારા એકમાત્ર જગદીશ્વર-પરમાત્મા શિવ પાસે ગયા. સૃષ્ટિને બચાવવા શિવ દેવતાઓની વહારે ધાયા અને હળાહળ વિષનું પાન કર્યું. જોગી શિવ વિષનું પાન કરવા સમર્થ હતા, પરંતુ સંસારી શિવને વિષપાન કરવાની અનુમતિ નહોતી, તેથી શિવે વિષપાન કર્યું ત્યારે જગતજનની પાર્વતીએ એમના કંઠને પકડી રાખી વિષને નીચે ઊતરતું અટકાવ્યું, તેથી વિષ એમના કંઠમાં જ રહ્યું. પરિણામે એમનો કંઠ જાંબલી (નીલવર્ણો) થઈ ગયો તેથી શિવ 'નીલકંઠ' કહેવાય છે.




ચિત્ર ૪-૯
વરરાજા શિવ.



ચિત્ર ૪-૧૦
વિષપાન કરતાં શિવ.



ચિત્ર ૪-૧૧
શિવ મૃત્યુના દેવ યમને અટકાવી રહ્યા છે.



ચિત્ર ૪-૧૨
શિવ ગંગાને તેમની જટામાં જકડી લે છે.

ચિત્ર ૪-૧૧માં બતાવ્યું છે કે સોળ વર્ષની વયે જેમનું મૃત્યુ નિશ્ચિત હતું એવા શિવના બાળભક્ત માર્કંડેયની પ્રાર્થનાથી શિવે યમરાજાને એની પાસે જતા અટકાવ્યા હતા. એમ કરીને શિવે એમનું

પરમાત્માપદ નિભાવ્યું હતું. પ્રારબ્ધ કરતાં પણ જગદીશ્વરની શક્તિ મહાન છે, એનું પ્રમાણ બતાવી દીધું હતું.

જ્યારે નદીઓની દેવી ગંગા સ્વર્ગથી પૃથ્વી પર અવતરણ કરી રહી ત્યારે એનો વેગીલો પ્રવાહ ઝીલવા પૃથ્વી સક્ષમ નહોતી, તેથી શિવે ગંગાના પ્રવાહને પોતાની જટામાં જકડી લીધો અને પછી એમના જટાજૂટમાંથી ગંગાની પાતળી ધારા ચિત્ર ૪-૧૨માં દર્શાવ્યા મુજબ પૃથ્વી પર વહેતી કરી. આ પવિત્ર નદી પૃથ્વી પર જીવન સીંચે છે. મૃત વ્યક્તિના દેહની ભસ્મ જ્યારે ગંગાનદીમાં પધરાવવામાં આવે તો મૃત વ્યક્તિ પુનર્જન્મ પામે છે. નદીને સકારાત્મક અભિગમથી જોઈએ તો એમ કહી શકાય કે એ ભૌતિકજગતમાં પુનર્જન્મની સંભાવના સૂચવે છે અને નદીની સતત પરિવર્તનશીલ રહેવાની સ્થિતિ જીવનમાં આધિ-વ્યાધિ જન્માવતા નકારાત્મક અભિગમને રજૂકરે છે.

આ ત્રણે દૃષ્ટાંતો દ્વારા શિવનું શંકરમાં રૂપાંતર થતું બતાવ્યું છે. વિવાહ કરીને શિવ સંસારી બન્યા છે. એમણે વિષપાન કરીને સૃષ્ટિને બચાવી લીધી છે. એમણે દીર્ઘ આયુષ્ય આપ્યું છે અને મૃત વ્યક્તિઓ પુનર્જન્મ પામે તેમાં સહાયભૂત થયા છે. એમ કહેવાય છે કે જ્યારે ચંદ્રને તેનું તેજ ક્ષીણ થવાનો શ્રાપ મળ્યો હતો ત્યારે તેણે શિવના મસ્તક ઉપર આશ્રય લીધો હતો અને શિવે ક્ષીણ થતા ચંદ્રનું તેજ વધારી આપ્યું હતું. માત્ર શિવ પાસે જ એ સામર્થ્યા હતું તેથી બીજનો ચંદ્ર હંમેશાં શિવના મસ્તક પર દર્શાવાય છે.

ચિત્ર ૪-૧૩માં નૃત્ય કરતાં શિવે દર્શાવ્યા છે. શિવના તાંડવનુત્વની આ જાણીતી અંગભંગી છે. તાંડવન્ત્યમાં પુરુષ-દેહનું લાલિત્ય બતાવ્યું છે, જે સ્ત્રીના નૃત્ય 'લાસ્ય' કરતાં ભિન્ન છે. આ સ્વરૂપમાં શિવને રંગદેવતા નટરાજ સ્વરૂપે બતાવ્યા છે. શિવે કયા સંજોગોમાં તાંડવન્ત્ય કર્યું એની કથા પુરાણોમાં છે. એકવાર કેટલાક મુનિઓએ શિવને દિગંબર અવસ્થામાં ઉત્તેજિત લિંગ સાથે જોયા ત્યારે મોટા ભાગના સામાન્ય જનસમાજની જેમ આ મુનિઓએ પણ શિવના બીડેલાં નેત્રો જોયાં નહોતાં. એમણે ધારી લીધું કે મુનિ પત્નીઓ પર નજર પડવાથી બાહ્ય ઉત્તેજનાને કારણે શિવનું લિંગ ઉત્તેજિત થયું છે તેથી એ સહુએ શિવ પર આક્રમણ કરી એમને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. આથી શિવે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને તાંડવનુત્ય કરી, એમનો પ્રતિભાવ આપ્યો. આ નૃત્યની મુદ્રા જુઓ. શિવ જમણો પગ ધરતી પર સ્થિર રાખી, ડાબો પગ ધરતીથી અધ્ધર ઊંચકી, ગતિશીલ ડાબા પગ તરફ ડાબો હાથ રાખતી મુદ્રા કરે છે. પ્રકરણ-૩માં 'અર્ધનારીના રહસ્ય'માં બતાવ્યું છે તે મુજબ શરીરની ડાબી બાજુ ભૌતિક જગતનો ભોગવાદ રજૂ કરે છે. જ્યારે જમણી બાજુ આધ્યાત્મિક જગતને રજૂ કરે છે. શિવ એક પગ પર ઊભા રહે છે, તેથી તેમને 'એકપદા' પણ કહેવામાં આવે છે. શિવ આધ્યાત્મિક સત્ય પ્રત્યે અડગ છે, તેથી તે જમણો પગ સ્થિર રાખીને ઊભા છે. એ સૂચવે છે કે આપણે જીવનમાં સતત ભય અને અસલામતી અનુભવીએ છીએ, કારણ કે આપણે ભૌતિક સત્યની પ્રકૃતિ સમજતા નથી. ભૌતિક સત્ય (ભોગવાદ) ક્ષણભંગુર છે – એ વધે છે, ઘટે છે. એ સકારાત્મક અને નકારાત્મક લાગણીઓના તુમુલ તરંગોનો, રસનો પ્રદેશ છે.

શિવનો ઊંચકાયેલો
એક હાથ (અભયમુદ્રા)
સૂચવે છે કે સતત
પરિવર્તનથી કોઈએ
ભય ન પામવો જોઈએ.

શિવ ઊંચકાયેલા
ગતિશીલ ડાબા પગ
તરફ ધ્યાન દોરીને
અસ્તિત્વની
ક્ષણભંગુરતા સૂચવે છે.

શિવના હાથમાં રહેલા
ત્રિશૂળનાં ત્રણ પાંખિયાં
એક દંડમાં ભેગા થાય
છે. તે સમાજ, દેહ અને
મનના આત્મા સાથેના
ઐક્યને સૂચવે છે.

શિવના હાથમાં બે ત્રિકોણની
અલગતા સૂચવતું ડમરું છે. એમાં
એક ત્રિકોણ ભૌતિક સત્યને
અને બીજો ત્રિકોણ આધ્યાત્મિક
સત્યનું નિરૂપણ કરે છે.

જમણી બાજુ શાંત અને સ્થિર
આધ્યાત્મિક સત્યનું નિરૂપણ કરે
છે, તેથી શિવે જમણા પગથી
એમનું સમતોલપણું જાળવ્યું છે.


ડાબી બાજુ ભૌતિક સત્યની
પરિવર્તનશીલતાનું સૂચક છે,
તેથી શિવ તેમનો ડાબો પગ
શરીરમાં ડાબી તરફ આવેલા
હૃદય બાજુ લઈ જાય છે.

શાશ્વત આત્માને ભૂલી જઈને
ભોગવાદની ક્ષણભંગુરતા તરફ
ખેંચી જનારી આસુરી વૃત્તિઓને
યાદ રાખતા રાક્ષસને શિવ
એમના પગ તળે કચડી રહ્યા છે.

ચિત્ર ૪-૧૩
રંગદેવતા નટરાજ સ્વરૂપે શિવ

ચિત્ર ૪-૧૪ શિવના પુત્ર કાર્તિકેયનું છે. પુરાણકથા મુજબ જ્યારે પૃથ્વી પર અસુરોનો ત્રાસ વધી ગયો હતો ત્યારે એમનો નાશ કરવા માટે દેવો યુદ્ધ કરવા તૈયાર થયા, પરંતુ અસુરોને વરદાન હતું કે એમને માત્ર છ વર્ષનું બાળક જ મારી શકશે. એવું સમર્થ બાળક મેળવવા માટે દેવોએ શિવની સહાય માગી. માત્ર શિવ જ એવું બાળક આપી શકે તેમ હતા, કારણ કે શિવ યોગી હોઈ એમનો વીર્યપાત થયો ન હતો અને એમના શક્તિશાળી વીર્યમાંથી જ પરાક્રમી બાળક પ્રાપ્ત થઈ શકે. શિવવિવાહ કરાવવાનું એ પણ એક મહત્ત્વનું કારણ હતું. વિવાહ પછી શિવનું વીર્ય, અગ્નિ – અગ્નિના દેવ, વરુણ – વાયુના દેવ, ગંગા – નદીઓની દેવી અને સરવણ – વનદેવતાએ ઝીલ્યુ અને ગ્રહણ કર્યું. એને પરિણામે છ મસ્તક ધરાવતાં બાળકનો જન્મ થયો. એ બાળકનું પોષણ કૃતિકા નક્ષત્રમંડળની છ કૃતિકા તારાઓએ (સ્ત્રીઓએ) કર્યું અને તેને પરાક્રમી યોદ્ધા બનાવ્યો. આવા આ પરાક્રમી બાળયોદ્ધાએ દેવોના સૈન્યના સેનાપતિ બનીને દેવોને વિજય અપાવ્યો.

પ્રકરણ-૧માં વર્ણવેલી ગણેશકથામાં આવતી કાર્તિકેયના જન્મની કથા કરતાં આ કથા વિરોધાભાસી છે. શિવના વીર્યને ભૌતિક અસ્તિત્વ ધરાવતા અગ્નિ, વાયુ, જળ, તારાઓ અને છેલ્લે પાર્વતીએ ગ્રહણ કરવાથી કાર્તિકેયનો જન્મ થયો હતો. એથી ચિત્ર ૪-૧૫માં દર્શાવ્યા પ્રમાણે કાર્તિકેય છ મસ્તક ધરાવે છે. પાર્વતીએ સ્નાન કર્યા પછી એમના શરીર પર લગાવેલા હળદરના લેપનને ઉતારીને એમાંથી ગણેશનું સર્જન કર્યું હતું. જેનો શિવે શિરચ્છેદ કર્યા પછી એના ધડ પર હાથીનું મસ્તક બેસાડયું હતું. આ બંને પુત્રો દ્વારા જગતનિયંતા અને જગતજનનીનું સાયુજ્ય બતાવ્યું છે. જગતનિયંતા (શિવ) કાર્તિકેયનું અને જગતજનનીએ (પાર્વતી) ગણેશનું સર્જન કર્યું છે. જોકે આ બંને પ્રસંગોએ શિવ ઉદાસીન રીતે સહભાગી બન્યા છે. શિવને પિતૃધર્મ ભજવવાની ફરજ પાડવામાં આવી છે. આમ, આધ્યાત્મિકતા ભોગવાદ (ભૌતિક સત્ય) સાથે જોડાવા ઈચ્છતી નથી, જ્યારે ભૌતિક સત્ય એને આનંદિત કરાવવા ઈચ્છે છે. એ બે વચ્ચેનું ઘર્ષણ જીવનને આગળ ધપાવવાનું ચાલકબળ છે.



ચિત્ર ૪-૧૪
કાર્તિકેય

શિવની જેમ જ કાર્તિકેયના લગ્ન વિશે બે પ્રકારના મત પ્રવર્તે છે. ઉત્તર ભારતમાં કાર્તિકેયને

અવિવાહિત માનવામાં આવે છે. જ્યારે દક્ષિણ ભારતમાં કાર્તિકેયને એક નહીં, પણ બે પત્નીઓ હતી એમ માનવામાં આવે છે. અહીં લગ્ન દ્વારા ભૌતિક સત્ય સાથેના જોડાણનું સૂચન છે. ચિત્ર ૪-૧૫ અને ૪-૧૬માં કાર્તિકેયની એમની બે પત્નીઓ સાથેની છબીઓ ખૂબ જાણીતી છે. કાર્તિકેયની એક પત્ની સ્વર્ગલોકના રાજા ઈન્દ્રની પુત્રી દેવસેના છે અને બીજી પત્ની સ્થાનિક આદિવાસી કોમની પુત્રી વલ્લી છે. આમ અહીં જોગી શિવના પુત્રના આકાશ અને ધરતી સાથે લગ્ન બતાવ્યાં છે. આ ચિત્ર ઘણી રીતે ચિત્ર ૧-૭માં વિવિધ કોમની પત્નીઓ સાથેના ખંડોબા અને ચિત્ર ૧-૮માં જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે સ્થાનિક કુંવરી પદ્માવતી સાથે બાલાજીનું સામ્ય ધરાવે છે. આમ, મહાયોગી શિવના પુત્ર કાર્તિકેય શિવનું જ અવતરણ છે અને દક્ષિણ ભારતના પર્વતીય વિસ્તારોમાં તે જોવા મળે છે અને ભક્તિભાવથી પૂજાય છે.

ઉત્તર ભારતમાં કાર્તિકેયને અવિવાહિત માનવામાં આવે છે. એનાં કારણો હજી અસ્પષ્ટ છે. પ્રકરણ-૧માં નિર્દેશ કર્યા પ્રમાણે કાર્તિકેય અને એના ભાઈ ગણેશ વચ્ચે થયેલી પ્રતિસ્પર્ધામાં હાર પામીને ઘવાયેલા કાર્તિકેય આજીવન કોઈ સ્ત્રીનું મુખ જોવા માગતા નહોતા – પોતાની માતાનું મુખ પણ જોવા માગતા નહોતા, તેથી ઉત્તર ભારતમાં આવેલા કાર્તિકેયના ઘણાં મંદિરોમાં કાર્તિકેયની પૂજા કરવા માટે સ્ત્રીઓને નિષેધ છે. કાર્તિકેય એમની માતાથી દૂર રહેવા માટે પિતૃગ્રહનો ત્યાગ કરીને દક્ષિણ તરફ ગયા, પરંતુ એમને ઉત્તર દિશામાં આવેલા પર્વતોનો વિરહ સાલતો હતો. પુત્રનો વતનવિરહ જોઈને શિવે હિડિમ્બ નામના રાક્ષસને ઉત્તરમાંથી બે પર્વતો ઊંચકીને દક્ષિણમાં લઈ જવાની આજ્ઞા કરી. આ બે પર્વતો ઉપર કાર્તિકેયનો નિવાસ છે, તેથી એ સ્થળો અત્યારે તીર્થસ્થાન ગણાય છે. દક્ષિણમાં એ અવિવાહિત દેવ 'કુમાર' તરીકે અને વિવાહિત દેવ 'સુબ્રમણ્યમ' તરીકે પૂજાય છે.

કાર્તિકેયનાં છ મસ્તક સૂચવે છે
કે કૃતિકા નક્ષત્રમંડળની છ
કૃતિકાઓમાં એમનું
ગર્ભાધાન (પોષણ) થયું હતું.

આદિવાસી સ્ત્રી વલ્લી
– કાર્તિકેયની
પૃથ્વીલોકની પત્ની

દેવાધિદેવ ઇન્દ્રની પુત્રી
સેના – કાર્તિકેયની
સ્વર્ગલોકની પત્ની.

હિડિમ્બ નામનો રાક્ષસ
ઉત્તર દિશામાંથી
પર્વતોને ઊંચકીને ડાબી
દિશા તરફ ગયો હતો.

દક્ષિણ ભારતના એક પર્વત
પર આવેલું 'પાલની' મંદિર
જ્યાં કાર્તિકેય 'સુબ્રમણ્યમ્'
તરીકે ઓળખાય છે.

કાર્તિકેય પ્રત્યે ભક્તિભાવ
દર્શાવવા માટે ભક્તો
ખભા પર 'કાવડ'
ઊંચકીને જઈ રહ્યા છે.

ચિત્ર ૪-૧૫

કાર્તિકેય સુબ્રમણ્યમ્ સ્વરૂપે


ચિત્ર ૪-૧૬માં પરસ્પર છેદતાં બે ત્રિકોણો બતાવ્યા છે. આ ચિત્ર ભૌતિક સત્ય અને આધ્યાત્મિક સત્યનું સાયુજ્ય સૂચવે છે. ઉપરની ટોચ તરફ બિંદુ ધરાવતો પર્વત જેવો દેખાતો ત્રિકોણ સ્થિરતા, શાંતિ અને જગતનિયંતાને સૂચવે છે. નીચેની તરફ બિંદુ ધરાવતાં પાણીના ધોધ જેવો ત્રિકોણ અસ્થિરતા, ગતિશીલતા અને જગતજનનીને સૂચવે છે. જ્યારે બંને ત્રિકોણ અલગ પડે છે ત્યારે તે શિવના ડમરું (ચિત્ર ૪-૧) જેવા લાગે છે અને જ્યારે બંને ત્રિકોણ એકત્વ પામે છે ત્યારે છબિંદુ ધરાવતાં તારકનું સ્વરૂપ ધરાવે છે. જગતજનનીના ચિત્રની નીચે આવા છબિંદુ ધરાવતાં તારકો જોવા મળે છે. તેને ‘યંત્ર’ અથવા અધ્યાત્મવિદ્યાનું ભૌમિતિકરૂપ કહેવામાં આવે છે.

ચિત્ર ૪-૧૭માં આ જ યંત્રનું ત્રિપરિમાણીય સ્વરૂપ બતાવ્યું છે. આ ચિત્ર શિવલિંગનું છે. એમાં ઉપરની તરફ ઊઠતો સ્તભ ઉપરની તરફ શિરોબિંદુ ધરાવતાંત્રિકોણના અર્થઘટન સાથે સામ્ય ધરાવે છે. આ બંને ચિત્રો ધરતી પર સૂતેલા શિવના તે સમયના ઉત્તેજિત લિંગના સૂચક છે અને એ સ્તભો જેના પર રહેલો છે તે લાંબું અને સાંકડું પાત્ર (થાળું) તે નીચેની તરફ શિરોબિંદુ ધરાવતા ત્રિકોણના અર્થઘટન સાથે સામ્ય ધરાવે છે. એ બંને જગતજનનીનાં (દેવી) ગર્ભસ્થાનનાં (કૂખ) સૂચક છે. કારણ કે ચિત્ર ૪-૪ અને ચિત્ર ૪-૫માં દેવીને શિવની ઉપર રહેલાં બતાવ્યાં છે. એ રીતે અહીં ભૌતિકતાના બદલાતાં રહેતાં સત્ય એટલે કે ભોગવાદ (નીચેની તરફ શિરોબિંદુ ધરાવતાં ત્રિકોણ-યોનિ) અને શાશ્વત સત્ય એટલે કે અધ્યાત્મવાદ (નીચેની તરફ શિરોબિંદુ ધરાવતા ત્રિકોણ-લિંગ)નો સંયોગ બતાવ્યો છે.

શિવલિંગની ઉપર જળથી ભરેલો એક કળશ મૂકવામાં આવે છે. એ કળશનો પાયો સ્થિર નથી હોતો અને એમાં એક છિદ્ર હોય છે, જેમાંથી શિવલિંગ પર ધીમે-ધીમે જળનો અભિષેક થયા કરે છે. કળશના છીદ્રમાંથી સતત ટપકતું જળ જીવનની ગતિશીલતા સૂચવે છે અને જળ ભરેલા કળશમાંથી ધીમે-ધીમે ટપકતું જળ યાદ અપાવે છે કે જીવનની પ્રત્યેક ક્ષણ પસાર થતાં જીવનનો હાસ થતો જાય છે. માટે આપણને સાંપડેલા આ મહત્ત્વના મર્યાદિત સમયનો ઉપયોગ આપણે પુરુષ અને પ્રકૃતિના (આધ્યાત્મિકતા અને ભૌતિકતાના) સત્યને શોધવામાં અને જ્યારે એ બંને જોડાય છે ત્યારે કેવી રીતે સર્જન થાય છે અને જ્યારે એ અલગ પડે છે ત્યારે કેવી રીતે સંહાર થાય છે તે સમજવામાં કરવો જોઈએ.




ચિત્ર ૪-૧૬
કાર્તિકેય - બે પત્નીઓ સાથે માનવરૂપે.



ચિત્ર ૪-૧૭
શિવનું લિંગ



દેવીનું રહસ્ય
ઈચ્છા અને ભાગ્યથી જીવન બને છે.


તેને બેથી વધારે હાથ નથી.
જે સૂચવે છે કે તે પોતાનામાં
રહેલી દિવ્યતાથી અજાણ છે.
જે કદી આવ્યા જ નહીં
તેવા વર માટેની વરમાળા
વસ્ત્રો સૂચવે છે કે તે
હજી કુમારિકા (કન્યા) છે.

ચિત્ર ૫-૧
કન્યાકુમારી

ચિત્ર ૫-૧માં એક કન્યા. તેના હાથમાં વરમાળા લઈને તેના ભાવિ પતિની રાહ જોતી ઊભી છે. આ આ કન્યા તે કન્યાકુમારી અને તેનું મંદિર દક્ષિણ ભારતના છેક છેડે આવેલું છે. તેની કથા પ્રમાણે, કન્યાકુમારીનાં લગન ભારતની ઉત્તરે આવેલા હિમાચ્છાદિત હિમાલયમાં વસતા ભિક્ષુક જોગી શિવ સાથે નિરધાર્યાં છે. શિવ ઉત્તરથી નીકળીને દક્ષિણમાં એક રાત્રિમાં પહોંચે તે રીતે લગ્નનું શુભ મુહૂર્ત નિશ્ચિત કરવામાં આવ્યું છે, પરંતુ દેવતાઓ એમાં રમત રમે છે. પરોઢ ઊગતા પહેલાંની નિશાનીરૂપ કૂકડાના અવાજથી આબેહૂબ નકલ કરે છે તેથી શિવે માની લીધું કે સૂર્યોદય થઈ ગયો અને લગ્નનું શુભમુહૂર્ત વીતી ગયું છે તેથી તે ઉત્તર તરફ પાછા વળી જાય છે. આ બાજુ સોળે શણગાર સજીને નવોઢા ભાવિ પત્ની રાહ જુએ છે, પરંતુ એ વરરાજા ફરી પાછા ક્યારેય આવ્યા નહીં. લગ્નપ્રસંગ માટે યોજાયેલા ભોજનસમારંભનું અન્ન વેડફાઈ ગયું. રોષે ભરાઈને તેણે અન્ન ભરેલાં પાત્રોને લાત મારી અને પોતાના ચહેરા પરની સૌંદર્યસામગ્રી ધોઈ નાખી. એમ કહેવાય છે કે તે કારણે દક્ષિણ ભારતના સમુદ્રનું પાણી તથા તેના પટની રેતી વિવિધરંગી છે. આ દેવી ખૂબ શક્તિશાળી છે. એની શક્તિનો વિનિયોગ લગ્ન કરીને સમર્થ સંતાનોને જન્મ આપવામાં થવાનો હતો, પરંતુ હવે એ શક્ય નહોતું. દેવતાઓએ એ દેવીની શક્તિનો વિનિયોગ દૈત્યો સામે યુદ્ધ કરી તેમનો નાશ કરવામાં કર્યો. દેવીમાં રહેલી મૂળભૂત શક્તિ તરફ આ કથા ધ્યાન દોરે છે. જો તેનાં લગન થયાં હોત તો એ શક્તિનો વિનિયોગ સંસારી જીવન માટે થયો હોત, પરંતુ તેનાં લગ્ન ન થવાની એ શક્તિનો વિનિયોગ માનવજાતના રક્ષણ માટે થયો છે. 'અર્ધનારીનાં રહસ્ય'માં (પ્રકરણ-૩) દેવીનું નિરૂપણ થયું છે. તે દેવી એટલે આપણે ઈન્દ્રિયો થકી જે વિશ્વની અનુભૂતિ કરીએ છીએ તે લૌકિક વિશ્વનુ પ્રતીક છે. આપણે આ વિશ્વને માતા ગણીએ છીએ, જેથી તે આપણને અન્ન પૂરું પાડી શકે. આપણે આ વિશ્વને 'વીરાંગના' માનીએ છીએ જેથી તે આપણું રક્ષણ કરી શકે. આ રીતે જગતજનની સાંસારિક જીવનની ગ્રારામ્ય દેવીઓ તરીકે માતા તેમજ વીરાંગના તરીકે તથા પ્રેમ અને ભયાનક સ્વરૂપે જોવા મળે છે.

ચિત્ર ૫-૨ ગ્રામ્યદેવીનું ચિત્ર છે. ગ્રામ્ય એટલે ગામ અથવા નગર. આ ચિત્ર વિશિષ્ટ છે. એમાં ગ્રારામ્યદેવીનું માત્ર મસ્તક બતાવ્યું છે અને ગ્રારામ્યદેવીનું ધડ એટલે મનુષ્યો અથવા નગરજનો જેના પર રહે છે, અને જેના પર તે જીવનનિર્વાહ કરી શકે તે ધરતી. નગરજનો એને ચાહે છે, એનો શ્રદ્ધાપૂર્વક આદર કરે છે. એ લોકો જાણે છે કે જો એ દેવી દુ:ખી થશે તો એનો રોષ બતાવવા માટે એ રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. ગ્રારામ્યજીવનનાં અંગ સમાધાન્યથી લચી પડતાં ખેતરો, ફળફળાદિની વાડીઓ તેમજબાગબગીચાની ભીતર વન્યતા (રૌદ્રતા) સુપ્ત અવસ્થામાં છુપાઈને બેઠેલી છે. જ્યારે મનુષ્યો આ દેવીને દુ:ખી કરે છે ત્યારે એ કોપાયમાન થઈને એનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે. એમાંદગી અને મૃત્યુના સ્વરૂપે દેખા દે છે. જ્યારે કોઈ સ્ત્રીને ગર્ભપાત થઈ જાય કે ગામમાં રોગચાળો ફાટી નીકળે કે બાળકો ધગધગતા તાવમાં સપડાઈ જાય ત્યારે ગ્રારામવાસીઓ માને છે કે દેવી રૂઠ્યાં છે.



ચિત્ર ૫-૨
ગ્રામદેવી.




ચિત્ર ૫-૩
મસ્તક અટૅલીને બેઠૅલાં ગ્રામદૅવી.

આપણે જ્યાં સુધી વૃક્ષો કાપતાં નથી, ધરતી પર હળ ચલાવી એને ખેડતા નથી, પર્વતોને તોડતા નથી અને નદીઓનાં વહેણ બદલતાં નથી – એટલે કે પર્યાવરણનો નાશ કરતાં નથી ત્યાં સુધી ગામડાં, ખેતરો કે વાડીઓ અસ્તિત્વમાં આવતી નથી. આ બધી પ્રક્રિયાઓ હિંસક છે. આપણે પૃથ્વી પર, ધરતી પર બળજબરી કરીને તેને અકુદરતી બનાવી રહ્યા છીએ. આપણે એવું શા માટે કરીએ છીએ? આપણે એના પર દબાણ કરીને એને અકુદરતી બનાવી રહ્યા છીએ, કારણ કે આપણે તેમ કરી શકીએ છીએ, કારણ કે આપણે મનુષ્ય છીએ, કારણ કે આપણામાં એમ કરવાની ક્ષમતા છે અને એ ક્ષમતાનો ઉપયોગ આપણે પૃથ્વી પર બળજબરીથી પ્રભુત્વ મેળવવામાં કરીએ છીએ. આપણે સ્વાથી છીએ. આપણે સારું અને સગવડભર્યું જીવન જીવવા ઇચ્છીએ છીએ – એટલે બીજા શબ્દમાં આપણે આપણું અસ્તિત્વ


ટકાવવા માટે પ્રકૃતિ પર નિર્ભર રહેવું નથી.

મનુષ્યનો બીજાઓ સાથેનો સંબંધ એની ઈચ્છાઓ પર આધાર રાખે છે એ સ્વાભાવિક છે. આપણી એ ઈચ્છાઓ દ્વારા જરૂરિયાતો અને લોભ સંતોષી શકાય છે. પ્રકૃતિનું તો બંને રીતે શોષણ થાય છે. મનુષ્ય ખોરાક માટે, કપડાં પહેરવા માટે અને મકાન માટે પ્રકૃતિનું શોષણ કરે છે અને સાથે-સાથે એ દેવીને માતા બનાવવા માટે, સંસારનાં સુખો મેળવવા માટે પ્રાર્થના કરે છે. જોકે મનુષ્ય જાણે જ છે કે એ દેવી ગમે તે સમયે ભયાનક અને કોપાયમાન બની શકે છે. ચિત્ર૫-૩માં દક્ષિણ ભારતની એક ગ્રારામ્યદેવી બતાવી છે. એનાં પગ તળે એક રાક્ષસ ઊંધા મસ્તકે સૂતેલો દેખાય છે. એ રાક્ષસ કોણ છે?

એવું સ્વીકારવું તો કોઈને પણ નહીં ગમે, પરંતુ એ રાક્ષસ એટલે મનુષ્ય, જે પોતાના ભૌતિક સુખસગવડો માટે પ્રકૃતિનો વિનાશ કરતાં અચકાતો નથી. આ રાક્ષસને બાહ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે – એ માનવજાતનો અંશ છે, જે જંગલ પર પ્રભુત્વ મેળવીને દેવીને પોતાની સ્વામિની બનાવવા ઈચ્છે છે. એ કુછંદી પુત્ર છે. દેવી તેના પ્રત્યે નારાજગી દાખવીને હિંસક બને છે અને એના સદ્ગુણી પુત્ર પ્રત્યે પ્રેમ અને સમૃદ્ધિ વરસાવે છે. ચિત્ર૫-૪માં એ દેવીને લક્ષ્મી સ્વરૂપે બતાવી છે – એ પૃથ્વી પરના વૈભવ અને સમૃદ્ધિનું પ્રતીક છે. એ જગતજનની છે. ચિત્ર ૫-૨ અને ચિત્ર ૫-૩ની દેવીઓની જેમ તે એક જ સ્થાને નહીં, પણ સર્વત્ર પૂજાય છે - એ ગહન આધ્યાત્મિક અર્થ સૂચવે છે.



ચિત્ર ૫-૪
લક્ષ્મી



ચિત્ર ૫-૫
ભગવતી

લક્ષ્મી ઐશ્વર્ય તથા પ્રારબ્ધનું વ્યક્ત સ્વરૂપ છે. 'શ્રી' તરીકે એ આપણા જીવનમાં સમૃદ્ધિ લાવે છે અને મનુષ્યને 'રાજા' બનાવે છે. 'ભૂ એટલે પૃથ્વી એટલે તે ઔદાર્યનું પ્રતીક છે, જે પોતાનાં સંતાનોને ઘર અને રક્ષણ આપે છે. આ ચિત્રમાં તે કમળની વચ્ચે બિરાજમાન છે. કાદવમાંથી ઊગેલું કમળ સૂચવે છે કે જીવનરૂપી કાદવમાંથી શ્રેષ્ઠ વસ્તુઓ બહાર આવે છે. લક્ષ્મી પર સફેદ હાથીઓ અભિષેક કરે છે. હાથી વિપુલતા અને શક્તિનું પ્રતીક છે અને તે માન શ્રેષ્ઠ રાજવીઓને મળે છે. પશ્ચાદ્ભૂમાં એક કળશ છે, નદી કે સરોવર નથી. કળશને સંપૂર્ણ અંગત ઐશ્વર્યના સ્રોત તરીકે બતાવ્યો છે. પવિત્ર કળશ માનવસર્જિત કલાકૃતિ છે. એ સૂચવે છે કે કળશમાં રહેલી સંપત્તિ સંસ્કૃતિથી મર્યાદામાં રહીને ઉપાર્જિત કરવામાં આવી છે. એપ્રકૃતિદત્ત ભેટ નથી,પરંતુ તે માનવસર્જિત છે માટે એના પર મનુષ્યોએ પોતાનો હક્ક બતાવ્યો છે.

લક્ષ્મીની આજુબાજુ વનસ્પતિઓ છે. મનુષ્યની ક્ષુધા સંતોષવા વનસ્પતિઓ ઉપયોગમાં આવે છે, તે જીભને આનંદ આપે છે. જીભને તેથી ‘રસના’ કહેવાય છે. લક્ષ્મીની આજુબાજુનારિયેળી અને કેળનાં વૃક્ષો છે. એ બંને વૃક્ષો ઓછી મહેનતે ઊગે છે. એની સારસંભાળ પ્રમાણમાં ઓછી લેવી પડે છે અને તેમ છતાં તેના લાભો અનેકગણા છે અને બધાને પરવડે એટલા સસ્તા પણ છે. તેથી જ તેને પવિત્ર ફળ તરીકે ગણાવાયું છે. કળશની અંદર આંબાનાં પાન મૂક્યાં છે. તે યાદ અપાવે છે કે ઉનાળાની ભરગરમીમાં પણ તે મધુર ફળ આપે છે અને કળશની નીચે મૂકેલાં સોપારીનાં પાન સૂચવે છે કે ભોજન કર્યા બાદ સોપારી ખાવાથી અન્નનું પાચન સારી રીતે થાય છે અને તે કામોદ્દીપક દ્રવ્ય છે. આમ, આ વનસ્પતિઓ સમૃદ્ધિ અને આનંદના પ્રતીક છે. ચિત્ર ૫-૩નો જેમ સ્થાનિક સ્વરૂપે જગતજનનીની અનુભૂતિ કરીને અથવા ચિત્ર ૫-૪ના વૈશ્વિક સ્વરૂપની અનુભૂતિ કરીને મનુષ્ય આ સૃષ્ટિ પાસેથી એ જ સમૃદ્ધિ અને આનંદ માટે પ્રાર્થના કરે છે.

ચિત્ર ૫-૫ પણ એ જ રીતે ચિત્ર૫-૩ અને ચિત્ર ૫-૪ના વિચારોને મિશ્રરૂપે રજૂ કરે છે. આ ચિત્ર કેરાલામાં ભગવતી તરીકે પ્રચલિત સ્થાનિક દેવીનું છે. એના અણિયાળા દાંત અને હાથમાં રક્તરંજિત કટારના કારણે તે વિકરાળ લાગે છે. એ રણચંડી જેવી દેવી છે. એ અસુરોનો સંહાર કરીને એમનું રક્તપાન કરે છે. એમની જમણી બાજુએ શિવલિંગ છે, જે એમના પતિનું પ્રતીક છે અને ડાબી બાજુએ હાથીનું મસ્તક ધરાવતા ગણેશનું – એમના પુત્રનું પ્રતીક છે. અર્થાત્ તે હિમાલયકુમારી પાર્વતીનું સ્વરૂપ છે. એ શક્તિનું – શક્તિની દેવીનું સ્થાનિક સ્વરૂપ છે.




ચિત્ર ૧-૧
શિવ પરિવાર

ચિત્ર ૫-૬માં જગતજનની કામાક્ષી સ્વરૂપે છે. એમની બંને બાજુએ શેરડીના સાંઠા બતાવ્યા છે. ભારતમાં શેરડીને પ્રેમનું પ્રતીક માનવામાં આવે છે. શેરડી આસક્તિ અને કામેચ્છાનું, ઈન્દ્રિયજન્ય આનંદનું પણ પ્રતીક છે. કામાક્ષીના હાથમાં કમળ છે. આ બધા જ કામદેવતાના આયુધો છે. પોપટ પર સવાર થઈને, મત્સયનું છત્ર ઓઢીને, શેરડીનું ધનુષ્યબાણ ચઢાવીને, મધમાખીનું તીર બનાવીને તે પુષ્પોને વીંધે છે, જેનાથી ઈન્દ્રિયો મત્ત બને છે, હૃદય ઉત્તેજના અનુભવે છે અને પરિણામે મન સ્વપ્નસૃષ્ટિમાં વિહરીને સાનભાન ગુમાવી બેસે છે. કામદેવતા કામનાઓના દેવ છે. એ વિનાશકારી શક્તિ ધરાવે છે. આ શક્તિના કારણે હિન્દુઓ કામદેવની પૂજા કરતાં નથી, પરંતુ જગતજનની – કામાક્ષીએ શેરડીનું ધનુષ્ય અને પુષ્પબાણ ધારણ કર્યું છે કામદેવના એ પ્રતીકો કામાક્ષીએ ધારણ કર્યાં છે, જે કામદેવનું અસ્તિત્વ ટકાવી રાખવાનું સૂચક છે.

હિન્દુ ધર્મમાં આસક્તિઓને – ઈચ્છાઓને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઋગ્વેદમાં કહ્યું છે કે સૃષ્ટિના સર્જનહારના મનમાં સૃષ્ટિ રચવાની ઈચ્છા જાગી અને તેણે સૃષ્ટિનું સર્જન કર્યું. એ જ રીતે મનુષ્ય પણ જગતમાં કાર્યરત રહીને પોતાની ઈચ્છાઓની પૂર્તિ કરે છે. જગતમાં રહીને જ સંપત્તિ, જ્ઞાન અને શક્તિ મેળવે છે. મનુષ્યને આ બધું જ જગતજનનીની કૃપાથી પ્રાપ્ત થાય છે, પરંતુ જગતજનની એનો બદલો મનુષ્ય પાસે માગે છે. બદલામાં એ મનુષ્ય પાસેથી કંઈક માગે છે. એ કંઈક ભૌતિક વસ્તુ પણ માગી શકે, પરંતુ એ ઈચ્છે કે દ્રષ્ટા એની સાથે આધિપત્યની ભાષાથી નહીં, પણ પ્રેમની ભાષાથી જોડાયેલો રહે.

કામાક્ષીના ઉપરના બે હાથમાં–એક હાથમાં હથોડી અને બીજા હાથમાં પાશ (દોરડું) છે. હથોડી મૃત્યુ અને વિભાજનનું સૂચક છે. દેહનો નાશ કરીને તેને આત્માથી અલગ પાડવાનું કાર્ય હથોડી કરે છે. બાંધવાનું કાર્ય પાશ કરે છે. આત્મા અને દેહને જોડવાનું કાર્ય પાશ કરે છે – બધા જ જીવોને એના પ્રારબ્ધ સાથે જોડવાનું કાર્ય પાશ કરે છે. જીવને પ્રારબ્ધ સાથે એ જોડી દે છે – બાંધી દે છે. પ્રારબ્ધ પાસેથી કોઈ છટકી શકતું નથી. પ્રારબ્ધ પાસેથી મૃત્યુ પણ છટકી શકતું નથી. આપણા ભાગ્યનાં બંધનોને પૂરાં કરવા માટે અનેક નવા જન્મો ધારણ કરવા પડે છે, અને જ્યાં સુધી કર્મનાં બંધનો પૂરાં ન થાય ત્યાં સુધી પ્રારબ્ધના પાશમાંથી છૂટી શકાતું નથી. તેથી જ વારંવાર પુનર્જન્મો થયા કરે છે. આપણે જે દેહ ધારણ કરવો પડ્યો હોય તેનો સ્વીકાર કરવો પડે છે અને આપણે સાંપડેલા સંજોગોને આધીન રહીને જીવન ગાળવું પડે છે. આપણે સ્ત્રી તરીકે જન્મ લેવો કે પુરુષ તરીકે જન્મ લેવો એ આપણે જાતે નક્કી કરી શકતા નથી. આપણે ક્યાં માતાપિતાના ઘેર જન્મ લેવો તે નક્કી કરી શકતા નથી, ગરીબ ઘરમાં કે શ્રીમંત ઘરમાં જન્મ લેવો તે નક્કી કરી શકતા નથી. આપણે આપણા પ્રારબ્ધના તરંગોને સ્વીકાર્યાવિના છૂટકો જ નથી.



દુર્ગાના પતિ શિવ
જગતજનનીનો ઉપલો અર્ધો દેહ નવવધૂનો છે, જે ઇન્દ્રિયજન્ય આનંદ અને ભૌતિક ઔદાર્ય સૂચવે છે.
સરસ્વતી કળાની સૂચક છે.
લક્ષ્મી ઐશ્વર્યની સૂચક છે.
ગણેશ પાંડિત્યના સૂચક છે.
કાર્તિકેય વીરતાના સૂચક છે.
જગતજનનીનો નીચેનો અર્ધો દેહ વીરાંગનાનો છે. અન્ન ઉગાડવા માટે તેણે શક્તિનો ઉપયોગ કરવો પડે છે તેમજ આત્મસંરક્ષણ માટે તેણે સંહારક પણ બનવું પડે છે.
મહિષાસુર નામનો દાનવ ત્રણે લોક પર વિજય મેળવીને દુર્ગાને રાણી બનાવવા ઇચ્છતો હતો.

ચિત્ર ૫-૭


દુર્ગા અને તેનો પરિવાર

હિન્દુ ધર્મમાં મૃત્યુના દેવ યમ પાસે આપણા પ્રારબ્ધની લગામ છે. યમ રાજાનું વાહન મહિષ (પાડો) છે અને તેમના હાથમાં પાશ (દોરડું) છે. એમની પાસે એક ખાતાવહી છે, જેમાં એ દરેક વ્યક્તિનાં કાર્યોની નોંધણી કરે છે અને એ કાર્યો અનુસાર આપણે લાભ અથવા ગેરલાભ પામીએ છીએ – એ જ ‘કર્મ’ છે – એ જ આપણાં સંચિત કર્મો કહેવાય છે. આપણાં કર્મ અનુસાર આપણે સુખ અને દુ:ખ ભોગવીએ છીએ. જ્યાં સુધી આપણાં કર્મોનું ખાતું સરભર ન થઈ જાય ત્યાં સુધી યમ એના પાશથી આપણને બાંધી રાખે છે. ચિત્રપ-૭માં જગતજનની એક મહિષ (પાડા) નામના અસુરનો વધ કરી રહેલા બતાવ્યા છે. જોકે સ્પષ્ટપણે ક્યાંય એવું બતાવાયું નથી તેમ છતાં પ્રશ્ન થાય છે કે જગતજનની પ્રારબ્ધના સંચાલક એવા યમનો શા માટે વધ કરે છે. શું આપણી બધી ઈચ્છાઓથી પૂર્તિ કરવા માટે જગતજનની આપને પ્રારબ્ધનાં બંધનોમાંથી મુક્ત કરાવે છે?

ચિત્ર ૫-૭ શક્તિનું અતિ પ્રચલિત સ્વરૂપ મા દુર્ગાનું છે, જેની કથા દેવી ભાગવતમાં આપેલી છે. મા દુર્ગાપ્રેમ અને શક્તિની દેવી છે. એનું મુખારવિંદ નવવધૂ જેવું છે, પરંતુ એના હાથોમાં યુદ્ધનાં આયુધો છે. નવવધૂ તરીકેનો પ્રેમભાવ એમના મુખારવિંદ પર છે અને એમનામાં વીરાંગના તરીકેનો શક્તિભાવ જોઈ શકાય છે. નવવધૂ તરીકે એ આસક્તિને સંતોષે છે અને વીરાંગના તરીકે એ પ્રારબ્ધને અતિક્રમી જાય છે. એનાં આયુધોથી એ આપણું રક્ષણ કરે છે. એ આપણને સુરક્ષિત રાખે છે અને આપણું પોષણ કરે છે. આમ માદુર્ગામાં પ્રેમ અને શક્તિ બંને છે. એ આપણને બધી રીતે સાચવે છે અને તેથી જ તે ‘મા’ કહેવાય છે. આ જ ચિત્રમાં સરસ્વતી અને લક્ષ્મીને માદુર્ગાની પુત્રીઓ તરીકે બતાવ્યાં છે. જેનો અર્થ એ થાય છે કે શક્તિ અને પ્રેમ દ્વારા ઐશ્વર્ય અને જ્ઞાન પ્રાપ્ત થાય છે.



ચિત્ર ૫-૮
વૈષ્ણવો દેવી




ચિત્ર ૫-૯
વૈષ્ણોદેવીની પ્રતિમા

દુર્ગાનું વાહન સિંહ છે. સિંહ જંગલનો રાજા અને અતિ શક્તિશાળી પ્રાણી છે. ચિત્ર ૫-૮ તેમને વાઘ પર સવાર થયેલાં બતાવાયાં છે. વાઘને પાળીને તે પોતાની શક્તિ બતાવે છે. એનું નામ દુર્ગાછે. દુર્ગા એટલે જેને કોઈ જીતી ન શકે તે. આમ તે અજેય છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ શક્તિ એટલે શું? આપણી આજુબાજુની ભૌતિક દુનિયામાં જોવા મળતી શક્તિ નહીં. શક્તિ એટલે મનની શક્તિ એવો પણ અર્થ છે. મૂળભૂત રીતે આપણું મન જંગલી (અસંસ્કારી) અને નિરંકુશ છે, પરંતુ કાળક્રમે આપણી ઈચ્છાઓને કારણે સારું જીવન જીવવા માટે આપણે એને કેળવ્યું છે. ધાર્મિક મહાગ્રંથોમાં મનને આત્મા કરતાં અલગ ગણાવ્યું છે, કારણ કે મન અક્ષુબ્ધ – ચંચળ છે. જ્યારે આત્મા સ્વસ્થ અને શાંત છે. મન પર નિયંત્રણ લાવી શકાય છે, એને પ્રેમાળ બનાવી શકાય છે. એના પર આધિપત્ય સ્થાપવાની કે તેને પ્રેમાળ બનાવવાની જરૂર છે, જ્યારે આત્મા આધિપત્ય અને પ્રેમ બંનેનો સાથી બની રહે છે.

ચિત્ર ૫-૭માં વૈશ્વિક દાનવનો સંહાર વૈશ્વિક દુર્ગા કરે છે. તે જ રીતે સ્થાનિક દાનવ(રાક્ષસ)નો સંહાર સ્થાનિક દેવી કરે છે, તે ચિત્ર ૫-૩માં બતાવ્યું છે. દાનવ એટલે કોણ? દુર્ગાકોણ છે અને શક્તિ કોણ છે તે ઓળખી ન શકે તે દાનવ કહેવાય. તે રાક્ષસ કહેવાય. આ દાનવ તે નિરીક્ષકનું મન છે. જેમાતા અને પત્નીએ કરેલા ઉપકારોને ભૂલી જઈને એના પર આધિપત્ય મેળવી તેને ગુલામીમાં રાખવા માગે એ 'દાનવ' છે. કેટલાક વિદ્વાનો 'અહંકાર'ને આ દાનવ તરીકે ઓળખે છે. અહંકારને કીર્તિ તથા પ્રતિષ્ઠાની લાલચ છે. અહંકારને સત્તા, આધિપત્ય અને પ્રમાણભૂતતાની ભૂખ છે. આ અહંકાર 'દાનવ' છે. કેટલાક વિદ્વાનોના મતે એ જગતજનનીના સાચા સ્વરૂપનું વિસ્મરણ કરાવતો 'વિસ્મૃતિરૂપી દાનવ' છે.

જગતજનનીએ જેદૈત્યોનો સંહાર કર્યો હોય, તેમને તેમના રક્ષક તરીકે – ભૈરવ તરીકે સ્થાપ્યા છે એવું ભારતનાં ઘણાં મંદિરોમાં જોવા મળે છે. ચિત્ર ૫-૮ તથા ચિત્ર ૫-૯માં વૈષ્ણવોદેવીનું માનવસ્વરૂપ છે અને ભૈરવોને તેમની રક્ષા કરતાં બતાવાયા છે. કેટલાક જોગીઓ તીવ્ર કામાવેગનાના કારણે તેમની પાછળ પડી ગયા હોવાથી કોપાયમાન જગતજનનીએ વિકરાળ, સ્વરૂપ ધારણ કરીને અને તેમનો શિરચ્છેદ કર્યો હતો. પોતાના અધમ કૃત્ય બદલ જોગીઓ પસ્તાવો વ્યક્ત કરીને જગતજનનીને શરણે આવીગયા હતા. આથી જગતજનનીની પ્રતિમાની નજીક તેમને સ્થાન આપવામાં આવ્યું છે, જેથી જગતજનનીનાં દર્શને આવતાં ભક્તો તેમને પણ જોઈ શકે. આર્થાત્ જે જગતજનની પર આધિપત્ય મેળવવા ઇચ્છે છે, તેમને છેવટે જગતજનનીનાં શરણે જ જવું પડે છે, બીજા શબ્દોમાં જે કામાતુર બને છે તેણે નિયતિનાં શરણે જવું પડે છે.




ચિત્ર ૫-૧૦
જગતજનનીનાં વિવિધ સ્વરૂપો ધરાવતી દેવીઓ-મહાવિદ્યાઓ

ચિત્ર ૫-૮માં જગતજનનીના રક્ષક તરીકે વાનરદેવતા હનુમાન બતાવ્યા છે. તેમની કથા અનુસાર ભગવાન વિષ્ણુએ જ્યારે પૃથ્વી પર રામ તરીકે જન્મ (અવતાર) લીધો ત્યારે વિષ્ણુને અનુસરીને જગતજનનીએ પણ સીતા તરીકે પૃથ્વી પર જન્મ લીધો. અસુરોના રાજા રાવણે સીતાનું અપહરણ કર્યું હતું, ત્યારે સીતાને શોધવામાં હનુમાને રામને ખૂબ મદદ કરી હતી. હનુમાને નિ:સ્વાર્થભાવે રામને મદદ કરી હતી અને સીતા તરફ ક્યારેય વિકારી દૃષ્ટિએ જોયું ન હતું. એમણે આજીવન બ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું. હનુમાન નિષ્કામ – વાસનારહિત હતા. વાનરે દાખવેલા આત્મસંયમના કારણે હનુમાન પૂજનીય બન્યા. એ જગતજનનીના માત્ર રક્ષક જ નથી બન્યા,પણ આપબળે એ દેવતા પણ બન્યા છે.

હિન્દુ પુરાણકથામાં આ પ્રકારના રૂપાંતરણની અનેક કથાઓ છે. આ જગતમાં કશું જ સ્થાયી નથી.

જંગલમાંથી મેદાનો બની જાય છે અને ફરી પાછા ત્યાં જંગલો બની જાય છે. નવવધૂ વીરાંગના બની જાય છે. હત્યા કરનાર માતા બની જાય છે. ત્રાસ આપનાર રક્ષક બની જાય છે અને પ્રાણી દેવતા બની જાય છે. ચિત્ર ૫-૭માં જગતજનનીના મસ્તક ઉપર વિવિધ દેવીઓની શૃંખલા બતાવી છે. એમાં કેટલીક દેવી વિકરાળ છે, કેટલીક સૌમ્ય છે, કેટલીક પ્રેમાળ છે, તો કેટલીક ભયાનક છે. આ બધાં જ જગતજનનીનાં વિવિધ સ્વરૂપો છે. આ બધી 'મહામાયાઓ' કહેવાય છે. એ વિદ્યાઓ દ્વારા જાણી શકાય છે કે પ્રકૃતિનાં અનેક સ્વરૂપો છે અને ભૌતિક સ્વરૂપો પણ અનેક રીતે વ્યક્ત થાય છે. જેમાંના બધાં સ્વરૂપો આપણી નૈતિકતા અથવા સૌંદર્ય વિભાવનાને સ્પર્શી શકતાં નથી. ચિત્ર ૫-૪માં જગતજનની ઐશ્વર્યની અધિષ્ઠાતા લક્ષ્મી સ્વરૂપે છે, તો ચિત્ર ૫-૫માં તે અણિયાળા દાંત ધરાવતી ભગવતી છે અને વળી ચિત્ર ૫-૬માં એ પ્રેમાળ સૌંદર્યમૂર્તિ કામાક્ષી છે. આમ, ઐશ્વર્યની શક્તિ પ્રાપ્ત થાય છે. શક્તિ પ્રેમ અને કરુણા બની શકે છે, આધિપત્યનું પ્રેમમાં રૂપાંતરણ થઈ શકે છે અને હિંસા આનંદ પામવાનો માર્ગ પણ બની શકે છે. આમ આ વિશ્વમાં કશું સ્થાયી નથી.


ભિક્ષુ જેવી જટા.
રાજાનો સુવર્ણમુકુટ.
ઊભું તિલક.
ત્રિપુંડ.
શંખ શ્વસનશક્તિ સૂચવવા માટે ફૂંકવામાં આવે છે
રુદ્રાક્ષની માળા – સુષુપ્ત શક્તિઓની સૂચક.
પુષ્પો આનંદિત કરે છે.
વ્યાઘ્રચર્મ – તપસ્વી જીવનશૈલીનું સૂચક.
રેશમી વસ્ત્રો તે સમાજમાં વણકરોનું અસ્તિત્વ બતાવે છે.
નંદિ – સ્વનિયમન અને સંસારના અસારપણાનું સૂચક.
ગરુડ – બાજપક્ષી વિહંગાવલોકન કરવાની દૃષ્ટિનું સૂચક છે.


ચિત્ર ૫-૧૧
હરિ-હર

જગતમાં જ્યારે રૂપાંતર થાય છે ત્યારે જેનું રૂપાંતર થવાનું છે તેને જગતજનની ઉત્તેજિત કરે છે. સર્જક હિંસક બની શકે છે અને હિંસકનું રક્ષક તરીકે રૂપાંતર થાય છે. જે હાનિકર્તા છે, તે લાભકર્તા બની શકે છે, જે કામ-આસક્ત છે, તે આત્મસંયમી બની શકે છે. જે ઉદાસીન છે. તે ક્રિયાશીલ બની શકે છે. એક સમયે સાક્ષીભાવે દરેક વસ્તુને જોતા હોય એવા શિવ બની શકે છે. તે જ બીજા સમયે પ્રકૃતિમાં વધારે હકારાત્મક પરિવર્તન લાવવાનો નિર્ણય કરતા વિષ્ણુ બની શકે છે.

શિવ એટલે 'હર' અને વિષ્ણુ એટલે 'હરિ.' ચિત્ર ૫-૧૧ 'હરિ-હર'નું ચિત્ર છે – શિવ અને વિષ્ણુના એકત્વનું ચિત્ર છે. શિવ અને વિષ્ણુ બંને સૃષ્ટિના દ્રષ્ટા છે. બંનેનો અભિગમ ભિન્ન હોવા છતાં બંનેમાં ઐક્ય છે. શિવ અંગ પર ભભૂત લગાવીને નિયતિનો સ્વીકાર કરે છે. વિષ્ણુ અંગ ઉપર ચંદનનો લેપ કરીને આસક્તિઓનો – ઈચ્છાઓનો સ્વીકાર કરે છે, એનો મહિમા કરે છે. શિવ રુદ્રાક્ષની માળા ધારણ કરે છે અને શરીર પર વ્યાઘ્રચર્મ વીંટાળે છે. જ્યારે વિષ્ણુ સુગંધિત પુષ્પો અને સુવર્ણની માળા પહેરે છે અને રેશમી વસ્ત્રપરિધાન કરે છે. શિવનું સ્વરૂપ તે સમાજથી પર હોવાની અભિવ્યક્તિ કરે છે. એ જીવનને યથાવત્ – કંઈ જ પરિવર્તન કે નિયંત્રણ વગર સ્વીકારવા પર ભાર મૂકે છે. જ્યારે વિષ્ણુનું સ્વરૂપ સમાજની અંદર રહીને, સંસ્કૃતિના નિયમનના પાલન કરવા પર ભાર મૂકે છે. એ જંગલમાંથી બગીચા અને મેદાન બનાવી દે છે. જગતજનની એટલે આપણી ચોતરફ ફેલાયેલી તે સૃષ્ટિ – જે આપણને પ્રોત્સાહિત કરે છે અને આપણે જેને 'હરિ' અથવા 'હર' તરીકે ઓળખીએ છીએ અને પૂજીએ છીએ તે આપણામાં ઈચ્છાઓ – આસક્તિઓ જાગૃત કરે છે અને નિયતિનું પાલન કરવાની આપણને ફરજ પાડે છે.



વિષ્ણુનું રહસ્ય
નિષ્કામ કર્મથી સભ્ય સંસ્કૃતિનું નિર્માણ થાય છે.




ચિત્ર ૬-૧
ગૌ-માતા – ગાય સ્વરૂપે પૃથ્વી

હિન્દુઓ ગાયને અતિપવિત્ર અને પૂજનીય પ્રાણી ગણે છે અને તે હિન્દુઓની શ્રદ્ધાનું પ્રતીક છે. ચિત્ર ૬-૧ તેને રજૂ કરે છે હિન્દુઓ ગો-હત્યાને ભયંકર પાપ માને છે અને ડુક્કરના માંસ-ભક્ષણને કલંક માને છે. ગાય ઉમદા પ્રાણી છે તે માનવજાત પાસે કશું માગતી નથી, તેમ છતાં નિ:સ્વાર્થભાવે માનવજાતને પોતાનું દૂધ આપે છે, જેમાંથી દહીં, માખણ, છાશ તથા માવો બને છે. ગાયનાં છાણમાંથી ખાતર બને છે. એનાં છાણમાંથી બનાવેલાં છાણાં રસોડામાં બળતણ તરીકે ઉપયોગમાં આવે છે. ગાયનાં છાણમાંથી ઓરડાની ભોંય તેમજ ભીંતો પર લીંપણ કરવામાં આવે છે. ગાય જીવતાં તો મનુષ્યજાતને ઉપયોગી છે જ, પરંતુ મૃત ગાયનાં ચામડાંમાંથી પણ અનેક બનાવટો બનાવાય છે. ગાયનાં હાડકાંમાંથી કાંસકા તેમજ બટન બનાવાય છે, માનવજીવનની મુખ્ય જરૂરિયાતો – રોટી, કપડાં અને મકાન માટે ગાય મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી જ અર્થવ્યવસ્થામાં ગાયનું મહત્ત્વ રહ્યું છે. જૂના જમાનામાં અને આજે ગામડાંઓમાં પણ ગૌ-પાલન દ્વારા ગૃહસ્થી જળવાય છે. એટલા માટે જ ગૌ-દાન એ જીવનભરનું દાન ગણવામાં આવતું હતું. ગૌ-પાલનથી જીવનજરૂરિયાતની બધી જ વસ્તુઓ મળી રહેતી હતી. હિન્દુઓની માન્યતા છે કે સ્વર્ગમાં દેવતાઓ પાસે પણ કામધેનુ ગાય છે, જે તેમની બધી જ ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે અને એના થકી જસ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ગાયો ઊતરી આવી છે.

ઘણાને સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય છે કે ગાયનું દૂધ કોના માટે હોય છે? – એના વાછરડા માટે કે માનવજાત માટે? મનુષ્યએ ગાયનું કેટલું દૂધ દોહવું જોઈએ અને કેટલું એના વાછરડા માટે રહેવા દેવું જોઈએ? આ બધા પ્રશ્નોને વિશાળ દૃષ્ટિએ જોવા જોઈએ અને પૃથ્વી સાથેના માનવજાતના સંદર્ભમાં વિચારવા જોઈએ. આ પૃથ્વી શા માટે ટકી રહી છે? સમસ્ત પ્રાણીજગત માટે કે માનવજાત માટે? આપણે સહેજ વિચારીએ. આપણે – માનવજાતે જ પોતાનું જીવન ટકાવવા માટે પર્યાવરણનો નાશ કર્યો છે. આપણે અનાજ ઉગાડવા માટે અને ગાયને ચરાવવા માટે જંગલો આડેધડ કાપ્યાં, ધાતુઓ, ખનીજદ્રવ્યો અને કીમતી રત્નો મેળવવા માટે પર્વતોને ખોદી કાઢયા. નદીઓનાં વહેણ બદલ્યાં અને પાણી મેળવવા માટે ધરતીના પેટાળને પણ ચીર્યું છે. ગાયની જેમ ધરતી (પૃથ્વી) એ બધું મૂંગે મોંએ સહન કરતી આવી છે અને તેથી જગૌ-માતાને બધા જીવોની પાલનહાર પૃથ્વી સાથે સરખાવવામાં આવી છે.

ભગવદ્પુરાણમાં કહ્યું છે કે જ્યારે પૃથ્વીએ અનુભવ્યું કે માનવજાત તેનું વધારે શોષણ કરી રહી છે, ત્યારે ગાયનું સ્વરૂપ ધારણ કરીને ચાલી નીકળી. ત્યારે વિષ્ણુએ એને માનવજાતને ક્ષમા આપવાની વિનંતી કરી. ઘણી સમજાવટ પછી એ વિનંતી પૃથ્વીએ માન્ય રાખી, પરંતુ એણે એના માટે એક પૂર્વશરત મૂકી કે ભવિષ્યમાં માનવજાત એનો આદર કરશે અને વિષ્ણુ તેનું રક્ષણ કરશે. તેથી ગૌ-માતાના રક્ષણ માટે વિષ્ણુ 'ગો-પાલ' બન્યા. આમ વિષ્ણુ પાલનહાર પણ છે અને રક્ષણહાર પણ છે. ચિત્ર ૬-૨માં વિષ્ણુને (બાલકૃષ્ણ સ્વરૂપે) પ્રેમથી દૂધ પીતાં બતાવ્યા છે. પ્રકૃતિએ માનવજાત પ્રત્યે દર્શાવેલા ઔદાર્યનું વિષ્ણુ સન્માન કરે છે.



ચિત્ર ૯-૨
ગાય સાથે કૃષ્ણ

વિષ્ણુની કથા દ્વારા સમજાવ્યું છે કે પ્રકૃતિને નિયંત્રિત કરીને ઘડેલો સમાજ અકુદરતી છે. વિષ્ણુના સિદ્ધાંત પ્રમાણે પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચે સંવાદિતા છે. પ્રકૃતિના ભોગે સમાજનું અસ્તિત્વ ન ટકે. પ્રકૃતિ નાશ પામે છે ત્યારે કશું જ બચતું નથી, પરંતુ પ્રકૃતિમાં 'જે બળવાન હોય તે ફાવે' એ નિયમ છે. એ ન્યાયે બળવાન હોય તે નિર્બળ પર વર્ચસ્વ જમાવે છે, પરંતુ સમાજ અને તેના નીતિનિયમો આ પ્રણાલિથી તદ્દન વિરુદ્ધ છે. સમાજમાં સક્ષમ વર્ગે નિ:સહાય અને ગરીબ વર્ગને સહાયભૂત થવું જોઈએ. માનવજાત જંગલના નિયમોથી જેટલી દૂર રહેશે ધર્મ એટલો વધુ ઉપર ઊઠશે.

અહીં ગાય માત્ર પ્રકૃતિ (બાહ્ય ભૌતિક સત્ય) નથી. એ મન (આંતરિક ભૌતિક સત્ય) પણ છે.

આપણે સિંહ બનીને આ જગત પર વર્ચસ્વ મેળવવા ઈચ્છતા હોઈએ છીએ, પરંતુ સમાજ આપણને ગાય જેવા બનવા પર ભાર મૂકે છે. ગાયની જેમ દૂધ આપીને મૂલ્યવાન બનવા પર ભાર મૂકે છે. ગાય જે રીતે પોતાનું દૂધ માત્ર પોતાના વાછરડાને જ નહીં, માનવજાતને પણ આપે છે. તે રીતે આપણે એ દૂધ માત્ર આપણા પોતાના માટે નહીં, બીજાઓને આપવા પર પણ ભાર મૂકે છે. સમાજ આપણને શિવના પોઠિયા (આખલા) જેવો બનાવવા નથી માગતો, પરંતુ સમાજ આખલાની ખસી કરીને, નીતિનિયમોને અનુસરનાર, ફરજઅને માગણીઓરૂપી ગાડાનો ભાર વહન કરવા સક્ષમ બળદ બનાવવા માગે છે.

નારાયણ એ વિષ્ણુનું 'પ્રાગટય' રૂપ છે. વિષ્ણુ એટલે નારાયણનું જાગૃત સ્વરૂપ. દક્ષિણ ભારતનાં મંદિરોમાં વિષ્ણુનું આ સ્વરૂપ હોય છે, જે ચિત્ર ૬-૩માં બતાવ્યું છે. ચિત્ર ૪-૧ના શિવના ચિત્ર કરતાં આ ચિત્ર તદ્દન વિરુદ્ધ છે. શિવ સાથે હિમ – થીજેલું પાણી જોડાયેલું છે. જ્યારે વિષ્ણુ ચોતરફ ફેલાયેલા સમુદ્ર સાથે જોડાયેલા છે. શિવના ગળા પર ફેણવાળો નાગ વીંટળાયેલો છે. જ્યારે વિષ્ણુ એવા જ ફેણવાળા વીંટળાયેલા નાગ પર ઊભા છે. શિવના દેહ ઉપર રાખ (ભસ્મ) ચોપડેલી છે. જ્યારે વિષ્ણુના દેહ ઉપર સુગંધી ચંદનનો લેપ લગાવેલો છે. શિવે દેહ પર વ્યાઘ્રચર્મ વીંટાળ્યું છે, જ્યારે વિષ્ણુએ રેશમી વસ્ત્રનું પીતાંબર પહેર્યું છે. શિવે રુદ્રાક્ષની માળા પહેરી છે. જ્યારે વિષ્ણુએ પુષ્પમાળા તથા રત્નજડિત સુવર્ણમાળા પહેરી છે. શિવના કપાળ પર પવિત્ર ચિહન આડું ત્રિપુંડ છે, જે નિર્લેપતા સૂચવે છે અને વિષ્ણુના કપાળ પર ઊભું તિલક છે, જે પ્રવૃત્તિનો નિર્દેશ કરે છે. શિવ નેત્રો બંધ રાખીને શાંત અને નિશ્ચલ બેઠા છે, જ્યારે વિષ્ણુના વિશાળ નેત્રો ખુલ્લાં રાખીને સમિત વદને સૃષ્ટિમાં પ્રવેશવા તૈયાર ઊભા છે.

ચિત્ર ૬-૩
કેરાલમાં ગુરુવચુર તરીકે કૃષ્ણ

વિષ્ણુની ચાર ભુજાઓમાં તેમના ચાર હથિયાર છે. એક, તેમની ઉપસ્થિતિ દર્શાવતો શંખ, બીજું,

ચક્ર જે જીવનની ગતિશીલતા અને જે જાય છે તે પાછું ફરે છે તેની યાદ અપાવે છે. ત્રીજું, કુહાડી જે નિયમોનું ઉલ્લંઘન કરે છે તેના પર પ્રહાર કરે છે અને ચોથું, કમળ જે નિયમોનું પાલન કરે છે. તે રંગ, સુગંધ અને મીઠાશ પામે છે તેનું સૂચન કરે છે.વિષ્ણુનો નિયમ નૈતિક મૂલ્યોનું આચરણ કરતી જીવનશૈલી સમજાવે છે, જેને ‘ધર્મ’ કહેવામાં આવે છે. જેનાથી સમાજમાં સ્થિરતા આવે તેને ધર્મ કહેવાય. એક તરફ એપ્રકૃતિ સાથે અનુકૂલન રાખે છે અને મનુષ્યમાં રહેલી પશુત્તિને નિયંત્રણમાં રાખે છે અને બીજી તરફ એપ્રકૃતિનો વિનાશ થતાં રોકે છે અને મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે સજાગ રહે છે.

ચિત્ર ૬-૪માં વિષ્ણુ સાથે લક્ષ્મી શેષનાગ પર બિરાજમાન છે. જ્યારે ચિત્ર ૬-૫માં વિષ્ણુ અને લક્ષ્મી ગરુડ નામના બાજપક્ષી પર સવાર થયેલાં છે. લક્ષ્મી ઐશ્વર્ય અને શક્તિની દેવી છે. તે સમૃદ્ધિનું પાત્ર છે. વિષ્ણુ કદાપિ એની પાસે જતા નથી. લક્ષ્મી વિષ્ણુને અનુસરે છે. વિષ્ણુ જ્યારે સ્થિર (ફેણવાળા નાગ દ્વારા દર્શાવાય છે) હોય છે ત્યારે અને વિષ્ણુ જ્યારે ગતિમાન (ઊડતા બાજપક્ષી પર સવાર) હોય છે ત્યારે લક્ષ્મી એમની સાથે હોય છે. આર્થાત્ સમતોલ અને ગતિશીલ સમાજ સમૃદ્ધ બને છે. વિષ્ણુ ક્ષેત્રપાળ છે અને લક્ષ્મી ક્ષેત્ર છે. વિષ્ણુ આગેવાન છે અને લક્ષ્મી સંસ્થા છે. બંને એકમેકનાં પૂરક છે. એક વગર બીજાનું અસ્તિત્વ નથી.

ચિત્ર ૬-૬માં જગતજનનીનાં ચરણો પાસે ઘુવડ બેઠેલું છે. ઘુવડને લક્ષ્મીની બહેન અલક્ષ્મી માનવામાં આવે છે અને અલક્ષ્મી કંકાસ-કજિયાની દેવી છે. લક્ષ્મીની પૂજા કરવામાં આવે ત્યારે અલક્ષ્મીને પણ યાદ કરવી જોઈએ, કારણ કે લક્ષ્મીની સાથે કજિયા-કંકાસ પણ આવે છે તે આપણે ભૂલવું ન જોઈએ. આપણે એના માટે સાવધાન રહેવું જોઈએ.



ચિત્ર ૬-૪
ગૂંચળું વળેલા રોષનાગ ઊપર



ચિત્ર ૬-૫
ગરુડની પાંખો ઊપર



ચિત્ર ૬-૬
લક્ષ્મી સાચે અલક્ષ્મી


લક્ષ્મી વિષ્ણુને અનુસરે છે, કારણ કે વિષ્ણુ ધર્મનું સમર્થન કરે છે અને ધર્મની રક્ષા માટે એ

જંગલના નિયમોને તોડે છે. જંગલમાં અસ્તિત્વ ટકાવવા માટે વર્ચસ્વનો નિયમ લાગુ પડે છે. જંગલનાં પ્રાણીઓ માટે પોતાનું અસ્તિત્વ જમહત્ત્વનું છે. તેને શક્તિની અથવા તો લુચ્ચાઈથી ટકાવી રાખવાનું જ મહત્ત્વ સમજે છે, પરંતુ સમાજમાં આ નિયમ લાગુ ન પડે. સમાજ તો પ્રેમના તાંતણે બંધાયેલો હોવો જોઈએ – જ્યાં લોકો પરસ્પર એકમેકનું ધ્યાન રાખતા હોય. એકમેકની સંભાળ રાખતા હોય એવો સમાજ હોવો જોઈએ. જંગલમાં પ્રાણીઓ પોતાનાં રહેઠાણ અને ખોરાક પૂરતું જ વિચારતાં હોય છે. જ્યારે સમાજમાં મનુષ્ય પાસે પોતાના ઉપરાંત અન્ય લોકોને ઉપયોગી થવાની વિચારશક્તિ છે. મનુષ્ય પાસે સમગ્ર માનવજાતના કલ્યાણ માટે પ્રાણીઓ, વનસ્પતિ અને ખનીજદ્રવ્યોની સંભાળ રાખવાની, સાચવવાની શક્તિ છે.

કાળક્રમે સમાજમાં પણ પરિવર્તન આવતું જાય છે. સમાજનાં મૂલ્યોમાં પરિવર્તન આવતું જાય છે. પૂર્ણતાથી શરૂ થયેલો સમાજ અપૂર્ણતા તરફ જવા લાગે છે. સમાજમાં મૂલ્યો બદલાતાં જવાથી છેવટે એ તૂટી પડે છે અને વળી પાછો બેઠો પણ થઈ જાય છે. વિષ્ણુનું (સુદર્શન) ચક્ર આ યુગચક્રની યાદ અપાવે છે. શંખ ફૂંકવાથી શંખની અંદર ભરાતી હવા વિસ્તરણ પામે છે, તેથી શંખનાદ ઉત્પન્ન થાય છે અને ફરી ધીમે-ધીમે તે નાદ શાંત થઈ જાય છે. એ સૃષ્ટિમાં એક ચોક્કસ પ્રકારની લયબદ્ધતા છે, તે સૂચવે છે.

ભૌતિક વિશ્વ કાળક્રમે પરિવર્તન પામે છે, પરંતુ એ પરિવર્તન લયબદ્ધ છે, વિધેયાત્મક છે અને ચક્રાકારે થાય છે. વિષ્ણુ કાળના પરિવર્તનનું સંચાલન કરે છે – એ તેને અટકાવતા નથી. શિવ જગતજનની તરફ એમનાં નેત્રો બંધ કરી શકે, પરંતુવિષ્ણુનાં વિશાળ નેત્રો હંમેશાં ખુલ્લાં હોય છે, તેમના મુખ પર સદા મિત હોય છે, કારણ કે જગતજનની સાથે તે નૃત્ય કરવા ઈચ્છે છે અને નૃત્યનું તે મહત્ત્વ સમજે છે.

વિષ્ણુને 'માયા'ના દેવ કહેવામાં આવે છે. મૂળભૂત રીતે માયા એટલે પરિમાણ. આપણે ભૌતિક સત્યોને સતત મૂલવતા રહીને નિર્ણયો લેતા હોઈએ છીએ. એ સાચું છે કે ખોટું છે? – એ સારું છે કે ખરાબ છે? એ મોંઘું છે કે સસ્તુ છે? એનો જવાબ એનું પરિમાણ નક્કી કરતા સાધન (ત્રાજવા) પર છે. વિષ્ણુએ બધી માયાજાળ રચી છે – એટલે એ નક્કી કરે છે કે શું સુંદર છે અને શું અસુદર છે, શું યોગ્ય છે અને શું અયોગ્ય છે. એમના પરિમાણ પ્રમાણે જે સાચું અને શુભ છે, જે સુંદર છે તેનો તે સ્વીકાર કરે છે. વિષ્ણુનું આ પરિમાણ એક જ નિયમ પર કામ કરે છે – અને તે છે અન્ય જીવો પ્રત્યે પ્રેમ, કરુણા અને સદ્ભાવ – બીજા શબ્દોમાં વિષ્ણુ જંગલના આધિપત્ય અને શક્તિના નિયમોથી દૂર રહેવાનું સૂચવે છે. વિષ્ણુ જાણે છે કે આ બધાં પરિમાણો માનવસર્જિત છે અને તે સમયાંતરે બદલાતાં રહે છે, તેથી એના નિયમો પણ તે અનુસાર બદલાઈ શકે. એટલે કે વિષ્ણુ જાણે કે સંસ્કારિતા અને સંસ્કૃતિ બંને પ્રકારની રમત છે – લીલા છે. જો બધાં લોકો સૃષ્ટિના નિયમોનું પાલન કરે, એમાં સહભાગી બની આનંદ કરે તો એ 'લીલા' બને છે, રમત બને છે, પરંતુ જો એ બધા લોકો જ્યારે એ નિયમોને જુદો વળાંક આપે અથવા જીતવાની ઘેલછા વધી જાય ત્યારે આપણી વર્તણૂક જંગલના નિયમોને અનુસરવા લાગે છે અને આપણે રાક્ષસો કે અસુરો બની જઈએ છીએ.



ચિત્ર ૬-૭
વિષ્ણુના દસ અવતાર

વિષ્ણુ ધર્મચાલક અને ધર્મપાલક બંને છે, તેથી જ્યારે જ્યારે પૃથ્વી પર અધર્મ વધી જાય છે ત્યારે (ઐતિહાસિક કે ભૌગોલિક દૃષ્ટિએ પૃથ્વી જોખમાય ત્યારે) અધર્મનો નાશ કરીને ધર્મની સ્થાપના કરવા

માટે વિષ્ણુ પૃથ્વી પર અવતાર લે છે. ચિત્ર ૬-૭માં વિષ્ણુના આ દસ અવતારો બતાવ્યા છે.

આ સર્વ અવતારોમાં પ્રથમ અવતારમાં વિષ્ણુ મત્સ્યરૂપે અવતાર ધારણ કરે છે, તેથી તેને મત્સયાવતાર કહેવાય છે. સૃષ્ટિનો સર્વપ્રથમ માનવ એટલે કે મનુએ સમુદ્રમાં તરતી એક નાની માછલીને મોટી માછલીની પકડમાંથી ઉગારી લઈને એને પાણી ભરેલા એક મોટા કળશમાં મૂકી દીધી હતી. આ ઉમદા કૃત્યથી સમાજમાં કરુણાભાવ જાગે છે. કળશ એ માનવસમાજનું પ્રતીક છે અને ચિત્ર ૬-૬માં આપણે કળશને લક્ષ્મીના હાથમાં જોઈ શકીએ છીએ. કળશમાં રહેલી માછલી ધીમે-ધીમે મોટી થતી જાય છે એટલે મનુ એ માછલીને મોટા કળશમાં મૂકે છે અને એમ ઉત્તરોત્તર એ માછલીને સરોવરમાં, નદીમાં અને છેલ્લે ફરી સમુદ્રમાં મૂકી દે છે. માછલીનું કદ એટલું મોટું થતું જાય છે કે એને સમાવવા જેટલું સમુદ્રનું પાણી વધારવા માટે અતિશય જળવર્ષા થાય છે. પૃથ્વી જળબંબાકાર બની જાય છે, પૃથ્વીનો પ્રલય થાય છે અને સમુદ્રમાં રહેલી નાની માછલીને બચાવનાર મનુ સૃષ્ટિનો નાશ થતો જુએ છે. આવું કેમ બને છે? કારણ કે માછલી કદમાં મોટી થતી જાય છે તેમ-તેમ મનુ તેને મદદ કર્યા કરે છે. એને સમજાતું નથી કે હવે અટકવાનો સમય આવી ગયો છે, માછલીને હવે એનો રસ્તો શોધી લેવાનો સમય પાકી ગયો છે. આ દૃષ્ટાંત બતાવે છે કે દયા અને કરુણાભાવ જાગે છે ત્યારે સંસ્કૃતિનો જન્મ થાય છે, પરંતુ જ્યારે મર્યાદા બહારનો – અતિશય કરુણાભાવ જાગે ત્યારે એમાંથી ક્યારે અટકી જવું તેની મર્યાદા નક્કી કરવી જોઈએ. જો તે મર્યાદા જાણી ન શકાય તો સંસ્કૃતિ ભાંગી પડે છે, તેનો વિનાશ થાય છે. અંતે માછલી મનુને બચાવી લે છે અને મનુને માનવસમાજમાટેનો આ અતિકીમતી બોધ આપે છે.




ચિત્ર ૬-૮



ચિત્ર ૬-૯
કુર્મ અવતાર



ચિત્ર ૬-૧૦
વરાહ અવતાર



ચિત્ર ૬-૧૧
નૃસિંહ અવતાર




ચિત્ર ૬-૧૨
વામન અવતાર


ત્યાર પછી વિષ્ણુ ‘કુર્મ અવતાર’ – કાચબાનો અવતાર ધારણ કરે છે. તે ચિત્ર ૬-૯માં બતાવ્યો છે. ક્ષીરસાગરમાંથી લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે દેવો અને દાનવો સાથે મળીને સમુદ્રમંથન કરે છે, ત્યારે વિષ્ણુ કાચબાનું સ્વરૂપ ધારણ કરી તેમની પીઠને મંથન કરવા માટેની ધરી બનાવે છે. સમુદ્રમાંથી જ્યારે બધી સંપત્તિ બહાર આવવા લાગે છે ત્યારે તે સઘળી અતિકીમતી સંપત્તિ દેવોને મળે તે માટે વિષ્ણુ એક સુંદર સ્ત્રી મોહિનીનું સ્વરૂપ ધારણ કરે છે. એ સંપત્તિ તરફ દાનવોનું ધ્યાન ન જાય એ રીતે દાનવોને એ આકર્ષિત કરે છે અને એથી ક્રોધે ભરાયેલા દાનવો દેવોના કાયમી દુશ્મન બની જાય છે. આ બનાવથી રોષે ભરાયેલા દાનવો પૃથ્વીને સમુદ્રના તળિયે ધકેલી દે છે. એ સમયે વિષ્ણુ વરાહનું (ડુક્કર) રૂપ ધારણ કરીને પૃથ્વીને સમુદ્રમાંથી ઊંચકીને બહાર લાવે છે. તે વિષ્ણુનો ‘વરાહ-અવતાર’ છે. તે ચિત્ર ૬-૧૦માં બતાવ્યું છે.

ક્ષીરસાગરમાંથી દેવોને અમૃત પ્રાપ્ત થાય છે. દેવો અમૃતપાન કરીને અમરત્વ પામે છે, તેથી દાનવોને પણ અમરત્વ મેળવવાની ઉત્કંઠ ઈચ્છા જાગે છે. દાનવો સૃષ્ટિના બ્રહ્મા પાસે તે માટે વિવિધ પ્રયત્નો કરે છે અને વરદાન મેળવવા મથે છે, પરંતુ દરેક પ્રયત્નો વિષ્ણુ તેમને સફળ થવા દેતા નથી. ચિત્ર ૬-૧૧માં વિષ્ણુને દાનવનો વધ કરતા બતાવાયા છે. હિરણ્યકશિપુ નામના દાનવને વરદાન મળ્યું હતું કે તેનું મૃત્યુ મનુષ્ય પશુ નહીં કરી શકે તેથી વિષ્ણુએ કદી ઉત્પન્ન નહીં થયેલા અર્ધા નર અને અર્ધા પશુનું

સ્વરૂપ – અર્ધો દેહ માનવનો અને અર્ધો દેહસિંહનો, એમ નૃસિંહ સ્વરૂપ ધારણ કરીને એ દાનવનો વધ કર્યો હતો. હિરણ્યકશિપુની આ કથા 'નારાયણના રહસ્ય' પ્રકરણ-૨માં સવિસ્તર કહેવાઈ છે. એમાં નરસિંહનું વિકરાળ સ્વરૂપ ચિત્ર ૨-૮માં અને સૌમ્ય સ્વરૂપ ચિત્ર ૨-૯માં બતાવ્યું છે.



ચિત્ર ૬-૧૩
પરશુરામ અવતાર



ચિત્ર ૬-૧૪
રામ અવતાર



ચિત્ર ૬-૧૫
બલરામ અવતાર



ચિત્ર ૬-૧૬
કૃષ્ણ અવતાર




ચિત્ર ૬-૧૭
કલ્કિ અવતાર

પાતાળલોકમાં રહેતા દાનવો શિવ પાસેથી સંજીવની વિદ્યા પ્રાપ્ત કરે છે, જેના કારણે તે લોકો મૃત્યુ પામેલા લોકોને સજીવ કરી શકે છે. દેવોએ અમૃતપાન કરીને અમરત્વ મેળવ્યું હતું તે જ રીતે હવે સંજીવની વિદ્યા પામવાને કારણે અસુરો પણ દેવોના સમકક્ષ બની ગયા. એથી વિષ્ણુએ દેવો અને દાનવોને અલગ રાખવા માટે વિષ્ણુએ બ્રાહ્મણ તરીકે – વામન સ્વરૂપે (ચિત્ર ૬-૧૨) અવતાર ધારણ કર્યો અને દાનવોને પાતાળમાં ધકેલી દીધા. એ રીતે સુર અને અસુર – દેવ અને દાનવો સમકક્ષ શક્તિશાળી હોવા છતાં વિષ્ણુએ બંનેને અલગ-અલગ કાર્યક્ષેત્ર આપી દીધાં ત્યારથી દાનવો ધરતીની નીચે પાતાળમાં ખનીજદ્રવ્યો અને વનસ્પતિ સંવર્ધિત કરે છે. સ્વર્ગમાં રહેલા દેવો માનવજાતના કલ્યાણ માટે એ ખનીજદ્રવ્યો અને ધાન્ય બહાર લાવે છે. આથી એમ કહી શકાય કે તેમની વચ્ચેનો સંઘર્ષ સંપત્તિ લાવે છે. દેવો અને દાનવો આ વૈશ્વિક ચેતનાનાં બળ અને પ્રતિબળ છે. જે સૃષ્ટિની આસપાસ ઘૂમે છે અને તેનું મંથન કરે છે. આમ, વિષ્ણુએ ધર્મ દ્વારા સર્જેલી સંસ્કૃતિનાં મહત્ત્વનાં બે પરિબળો એટલે બળ અને પ્રતિબળનું પરસ્પર ખેંચાણ અને ધર્મવ્યાપકપ્રભુત્વ.

હવે આગળ વિષ્ણુ એમનું બ્રાહ્મણ-સ્વરૂપ ત્યજી દઈને ચિત્ર ૬-૧૩માં બતાવેલું, હાથમાં પરશુ (કુહાડી) લઈને વીરયોદ્ધાનું સ્વરૂપ ધારણ કરે છે. એમના આ અવતારને ‘પરશુરામ અવતાર’ કહેવાય છે. જે રાજાઓ પોતાનો ધર્મ ચૂકી ગયા હોય અને પ્રજાનું રક્ષણ કરવાના બદલે પ્રજાનું શોષણ કરતા હોય


તેવા રાજાઓ પર તે પરશુ લઈને ત્રાટકે છે એ પરશુરામ છે. એટલે કે પરશુ (કુહાડી) સાથેના રામ છે. રામના હાથમાં પરશુ છે. પૃથ્વી પરના રાજાઓ જ્યારે તેમની શક્તિનો ઉપયોગ ધરતીની સંપત્તિ લૂંટી લેવામાં કરતા હતા, ત્યારે એમને પડકારવા માટે એ તૈયાર થાય છે. પરશુરામે તેમના પિતાની ગાયની ચોરી કરનારની હત્યા કરી હતી. એમણે એમની માતાની પણ હત્યા કરી હતી, કારણ કે તેમની માતા તેમના પિતા સિવાયના અન્ય પરાયા પુરુષ પ્રત્યે આકર્ષાયાં હતાં. આ બંને પ્રસંગો દ્વારા ભૌતિક ચીજો મેળવવાની લાલસા અને કામવાસનાની ભયાનક શક્તિનું નિરૂપણ થયું છે. સંપત્તિના નીતિનિયમો અને લગ્નસંસ્થાનો આદર કરવામાં ન આવે, તેનું પાલન કરવામાં ન આવે તો સંસ્કૃતિનું પતન થઈ શકે છે.

ચિત્ર ૬-૧૪માં વિષ્ણુ રામનો અવતાર લઈને પૃથ્વી પર અવતરે છે. રામ આદર્શ રાજા છે. ધર્મના કારણે તે અંગત સુખોનું બલિદાન આપે છે. ચિત્ર ૬-૧૫માં વિષ્ણુ બલરામ તરીકે અને ચિત્ર ૬-૧૫માં વિષ્ણુ, કૃષ્ણનો અવતાર ધારણ કરે છે. આમ કૃષ્ણ અને બલરામ બંને ભાઈઓનું સ્વરૂપ વિષ્ણુએ ધારણ કર્યું છે. બલરામ આ સૃષ્ટિથી વિમુખ રહે છે અને સૃષ્ટિના નિયમોનો પણ ત્યાગ કરે છે, જ્યારે કૃષ્ણ આ સૃષ્ટિમાં સહભાગી બનીને બધા નિયમોને સ્વીકારે છે. સર્વસામાન્ય ચિત્રકળામાં બલરામને બુદ્ધ જેવા શાંત અને શિવ જેવા તપસ્વીની મુદ્રામાં વૈરાગી બતાવ્યા છે. સંસારના નીતિનિયમોની પકડને કારણે ઉદાસીન થયા હોય અથવા સમાજના નિયમોની કૃત્રિમતાને કારણે થતાં સંઘર્ષને જાણવાથી તેમનામાં વૈરાગ્યભાવ આવ્યો હોય અને તેથી સંસારથી વિમુખ બની ગયા હોય તેવા બતાવ્યા છે. બીજી તરફ રામ અને કૃષ્ણ આ વિશ્વ સાથે સંકળાયેલા છે, વિશ્વ સાથે અભિમુખતા ધરાવે છે. રામ નીતિનિયમોનું, સદાચારનું પાલન કરે છે. જ્યારે કૃષ્ણ નીતિનિયમોમાં પરિવર્તન લાવે છે – છતાં બંનેનું લક્ષ્ય એક જ છે – ધર્મપાલન કરવું તે. ચિત્ર ૬-૧૭માં વિષ્ણુનો છેલ્લો અવતાર 'કલ્કિ અવતાર' બતાવ્યો છે, જેમાં તે એક યોદ્ધારૂપે, હાથમાં તલવાર લઈને અશ્વ પર સવાર થયેલા જણાય છે. નીતિભ્રષ્ટ થયેલી પૃથ્વી જંગલ જેવી બની ગઈ છે. તેનો તે નાશ કરશે અને ચિત્ર ૬-૮માં દર્શાવેલા મત્સયાવતારથી અવતારોનું ચક્ર ફરી શરૂ થશે.



ચિત્ર ૬-૧૮
રામની રાજયસભા

આ સર્વ અવતારોમાં ચિત્ર ૬-૧૮માં બતાવેલા રામ સૌથી વધારે પૂજનીય છે. જગતનિયંતાનું આ એક જ સ્વરૂપ રાજા તરીકે પૂજાય છે. સમાજમાં રાજા કે નેતાનો ધર્મ બજાવવાનું કાર્ય ખૂબ કઠીન છે. પ્રકૃતિથી સંસ્કૃતિ સુધી, જંગલના નિયમોથી સંસ્કૃતિ સુધી, મત્સયન્યાયથી ધર્મ સુધી (માછલીઓના નિયમથી મનુષ્યના નિયમ સુધી) રાજા જ લઈ જાય છે. માનવસમાજના કલ્યાણ માટે પોતાના હાથમાં ચાબૂક રાખવા માટે રાજાએ દ્દઢનિશ્ચયી થવું પડે છે. રાજા પાસે જ એ નક્કી કરવાનું સામર્થ છે કે શું સારુ છે અને શું નરસું છે, શું સાચું છે અને શું ખોટું છે, કોણે જીવવું જોઈએ અને કોનું મૃત્યુ થવું જોઈએ. જગતનિયંતાની (રાજા રામ) બાજુમાં જગતજનની, એમના ગૌરવશાળી પત્ની સીતા બેઠાં છે. તે જગતનિયંતાના સાંનિધ્યમાં સુરક્ષિત છે. વાનરસેવક હનુમાન તેમનાં ચરણો પાસે બેઠા છે. તે સૂચવે છે કે શક્તિ અથવા લુચ્ચાઈથી વર્ચસ્વ મેળવવા માગતી પશુત્તિને ભગવાન પોતાના વશમાં કરીને તેમના પર અનેકવિધ સ્વરૂપે આશીવાદ વરસાવે છે. રામની બંને બાજુએ તેમના પ્રત્યે આદરભાવ રાખતા બંને સેવાભાવી ભાઈઓ છે.



ચિત્ર ૬-૧૯
સીતા-હરણ

મહાકાવ્ય રામાયણમાં રામની કથા છે. રામ અયોધ્યાનગરીના રાજા તરીકે અને એમના ભાઈઓ એમને સાથ આપીને પ્રજાની ખૂબ સારી સંભાળ લઈને રાજ્યનું વહીવટીતંત્ર ખૂબ સરસ રીતે ચલાવતા હોવાથી તે આદર્શ 'રામરાજ્ય' તરીકે ઓળખાય છે. તેનું નિરૂપણ તેમાં કરવામાં આવ્યું છે, પરંતુ રામની

મહત્ત્વાકાંક્ષી અપરમાતા કૈકેયી રામના પિતા રાજા દશરથ પાસેથી રામનો ચૌદ વર્ષનો વનવાસ અને પોતાના પુત્ર ભરતને રાજગાદી આપવાનું વચન માગે છે ત્યારે એ નગરીના પ્રજાજનો વ્યાકુળ થઈ જાય છે. રામ આજ્ઞાકારી પુત્ર છે. પિતાની આજ્ઞાનું પાલન કરવા વનમાં જાય છે, પરંતુ કૈકેયીનો પુત્ર ભરત માતાની ઈચ્છાની અવજ્ઞા કરીને, કપટથી મળતી રાજગાદી પર બેસવા તૈયાર થતો નથી. રામ વનવાસ પૂરો કરીને પાછા અયોધ્યા નગરીમાં આવીને રાજગાદીનો સાચો વારસાહક્ક સંભાળી લે તે માટે ભરત રાહ જુએ છે. રામ સાથે તેમની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ પણ વનમાં જાય છે. વનમાં રામની પત્ની સીતાને લંકાનો રાજા રાવણ નામનો અસુર ઉપાડી જાય છે અને અશોકવાટિકામાં રાખે છે. (ચિત્ર ૬-૧૯) રાવણ યક્ષોના રાજા કુબેરનો ભાઈ છે અને શ્રીલંકાના ટાપુ પરના તેમના રાજ્યમાંથી તેને હાંકી કાઢીને રાવણ શ્રીલંકાનો રાજા બની બેઠો છે. રાવણ બ્રાહ્મણ હોવા છતાં તે પશુઓની જેમ વર્તે છે. એ બીજા લોકોની સંપત્તિ ખૂંચવી લે છે, પરસ્ત્રીને – બીજી કોઈની પત્નીને ઉપાડી લાવે છે. રાવણ નીતિમાં નહીં, પણ શક્તિમાં માને છે. રામનું વ્યક્તિત્વ એનાથી તદ્દન અલગ છે. રામે સીતાને શોધવા માટે પ્રાણીસેનાને (વાનર, રીંછ, ગીધ) તૈયાર કરી છે. રામના સંસર્ગમાં આવ્યા પછી પ્રાણીઓ પણ ઉમદા બની ગયાં છે. એ બધાંએ પોતાના માટે નહીં, પણ રામ માટે યુદ્ધ કર્યું છે. પરોપકારનો આ વિશિષ્ટ ગુણ માત્ર માનવોમાં છે – પણ જો એને યોગ્ય રીતે બજાવે તો –.

રામનો જન્મ ઘણાં વર્ષો પહેલાં થયો હતો. તે સમયે રાવણ જેવા લોકો સભ્ય રીતભાત કે નીતિમાં માનતા નહોતા. કૃષ્ણ એ પછીના સમયમાં થયા છે. તે સમયમાં કંસ અને દુર્યોધન જેવા લોકો સમાજનો વિધ્વંસ કરવા તૈયાર થાય છે ત્યારે નૈતિકતાથી ધર્મનું સમર્થન થાય છે. વિષ્ણુ આ પૃથ્વી પર કૃષ્ણ તરીકે અવતાર લે છે, તે સમયના તેમના જીવનના વિવિધ પ્રસંગો ચિત્ર ૬-૨૦માં બતાવ્યા છે. ભાગવતપુરાણમાં આ બધા પ્રસંગોનું વર્ણન છે. ભાગવતપુરાણમાં માનવીય ઊર્મિઓનું અને ભક્તિભાવનું સંવેદનશીલ અને સં[illegible] નિરૂપણ કરવામાં આવ્યું છે. જો રામ નીતિ અને સદાચાર પર ભાર મૂકે છે, તો કૃષ્ણ ઊર્મિ અને પ્રેમ પર ભાર મૂકે છે.


યમુના નદીના જળને ઝેરી બનાવનાર નાગની ફેણ પર કૃષ્ણ નૃત્ય કરે છે.
અતિવર્ષા અને વાવાઝોડાથી ગામને બચાવવા માટે કૃષ્ણ પર્વત ઊંચકીને તેની છત્રી બનાવીને ગ્રામજનોનું રક્ષણ કરે છે, તેથી તે 'ગિરિરાજધરણ' કહેવાયા છે.
મોરપીંછ કૃષ્ણની સૌંદર્યદૃષ્ટિ અને લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનવાની ઇચ્છા સૂચવે છે, તે શિવની જેમ લોકોને દૂર રાખતા નથી.
વૃક્ષોમાં ફસાયેલા ગાંધર્વોને કૃષ્ણ મુક્ત કરે છે.
નદીમાં સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્ર નટખટ કૃષ્ણ ચોરીને સંતાડી દે છે.
જેલમાં જન્મેલા કૃષ્ણને કંસ કે અન્ય કોઈ જાણે નહીં તે રીતે ઉછેરવા માટે ગોકુળમાં લઈ જવામાં આવે છે.
દુષ્ટ કંસની કૃષ્ણ હત્યા કરી રહ્યા છે.

ચિત્ર ૬-૨૦

કૃષ્ણની બાળલીલા

રામ રાજા છે, કૃષ્ણ રાજા નથી. કૃષ્ણને જન્મ લેતાંની સાથે જ તેમના અત્યાચારી મામા કંસના ત્રાસમાંથી બચવા માટે ગોકુળમાં લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં એ ગોપાલક તરીકે જ મોટા થયા હતા. ચિત્ર ૬-૨૦માં માતા યશોદા અને બાલકૃષ્ણની સુંદર છબી છે. યશોદા એમની જન્મદાત્રી માતા નથી, પરંતુ પાલક માતા છે. તેમ છતાં એ બંને વચ્ચેના સનેહમાં કોઈ જ તફાવત નથી. એ બંને એકમેકને અનન્ય પ્રેમ કરે છે. પ્રેમનું બંધન માત્ર લોહીની સગાઈથી જ બંધાતું નથી. આ ચિત્રને બે દૃષ્ટિએ મૂલવી શકાય. એક, બાળક જે રીતે માને ચાહે છે તે રીતે મનુષ્યએ પૃથ્વીને ચાહવી જોઈએ અને બીજું, મા જેમ બાળકનું હિતવિચારીને એક-એક પગલું ભરે તેમ મનુષ્યએ એના આત્માનું હિત વિચારવું જોઈએ.

ચિત્ર ૬-૨૧માં મન આત્માને પ્રિયતમ બનાવીને પૂજે છે. તેનું નિરૂપણ છે. આ ચિત્ર હિન્દુ તત્ત્વમીમાંસાને બે ભાગમાં વહેંચી દે છે. અહીં કૃષ્ણને તેની પ્રિય સખી રાધાની સાથે બતાવ્યા છે. બારમી સદીમાં થઈ ગયેલા કવિ જયદેવે સંસ્કૃતમાં 'ગીત-ગોવિંદ'ની રચના કરી. તેમાં તેમણે રાધા-કૃષ્ણનાં ઉત્કૃષ્ટ પ્રણયનું ગાન કર્યું છે. ત્યારથી કૃષ્ણ સાથે રાધાની કલ્પના અતિ લોકપ્રિય રહી છે. એ પહેલાં કૃષ્ણનો સંબંધ માત્ર એક ગોપી સાથે નહીં, પણ અનેક ગોપીઓની સાથે આલેખાયેલો જોવા મળે છે. કૃષ્ણની એ પૌરાણિક ભૂમિ પર રાધાનો પરિચય કરાવીને ભારતના અનેક કવિઓ અને ઋષિઓ તેમના પ્રેમને દિવ્યતાની ઊંચાઈ પર લઈ ગયા છે. એ બાબત કેટલાકને સ્વીકાર્ય છે અને કેટલાકને સ્વીકાર્ય નથી.

વેદોમાં પ્રગટ થયેલાં દિવ્યતાના રહસ્યોને વિદ્વાનો વૈદિક જ્ઞાનના સર્વોચ્ચ શિખર માને છે. કેટલાક વિદ્વાનો માને છે કે દરેક મનુષ્ય પોતાના જ પૂર્વગ્રહોથી મુક્ત થઈને પોતાને સારી રીતે ઓળખી શકે ત્યારે એ પોતાની ભીતર જ દિવ્યતા પામી શકે છે, પરમ આનંદ મેળવી શકે છે. જગતનિયંતા સાથેના આ ઐક્યને 'અદ્વૈત' કહેવાય છે – અદ્વૈતવાદ કહેવાય છે તો કેટલાક વિદ્વાનો માને છે કે જગતનિયંતા અને મનુષ્ય જુદા જ છે, તે ભિન્ન છે. મનુષ્ય જ્યારે સર્વશક્તિમાન જગતનિયંતાને શરણે જાય છે ત્યારે એને આનંદની અનુભૂતિ થાય છે. તેને 'દ્વૈત' અથવા 'દ્વૈતવાદ' કહેવાય છે. અદ્વૈત પરંપરા પ્રમાણે તેના ભક્તો ગોપીરસ્વરૂપે કૃષ્ણને પૂજે છે. ગો-પાલ કૃષ્ણ જ જગતનિયંતા છે તેનાથી તે અજાણ છે, તેથી કૃષ્ણ સાથે એ રાસલીલા પણ કરે છે. કૃષ્ણની આસપાસ રાસ રમે છે. પરંતુ જ્યારે તે સહુ જાણે છે કે ગો-પાલ કૃષ્ણ જગતનિયંતા છે, અને એ જગતનિયંતા એમનામાં જ સમાયેલા છે. એ અને જગતનિયંતા એક જ છે, ત્યારે દ્વૈતભાવ ભૂંસાઈ જાય છે અને અદ્વૈતભાવ સધાય છે.



કૃષ્ણ મોર બનીને તેમની ઢેલરૂપી ગોપીઓને (ભક્તોને) રીઝવવા માટે નૃત્ય કરે છે.
રાધા કૃષ્ણની પ્રિયતમા છે, રાણી નહીં.
રાધાનો સંગ છોડ્યા પછી કૃષ્ણએ વાંસળી વગાડવાનું બંધ કરી દીધું છે. તે સૂચવે છે કે અપૂર્ણ જગતની જવાબદારી પ્રત્યે ધ્યાન આપવાનો સમય થાય છે, ત્યારે સહજ નિર્દોષતા ચાલી જાય છે.
જગત પ્રત્યેની ફરજ નિભાવવા માટે કૃષ્ણએ રાધાનો સંગ ત્યજવો પડે છે.
કૃષ્ણ જમણો પગ (આધ્યાત્મિક સત્ય) ડાબા પગ (ભૌતિક સત્ય) તરફ લઈ જાય છે. તે સૂચવે છે કે ભૌતિક જીવનમાં રહીને આધ્યાત્મિક અનુભૂતિ મળી શકે છે.
જગતનિયંતા હોવા છતાં કૃષ્ણ ગોવાળ (ગોપાલ) છે, તે સૂચવે છે કે દિવ્યતા એ સામાજિક પ્રતિષ્ઠાની પક્ષપાતી નથી.

ચિત્ર ૬-૨૧
કૃષ્ણ સાથે રાધા

દ્વૈત પરંપરામાં ભક્તો રાધા અને કૃષ્ણના દિવ્ય યુગલના પુરુષ અને પ્રકૃતિના દાસ (સેવક) માને છે અને શાશ્વત દિવ્યતાનો સ્વીકાર કરે છે. અદ્વૈત પરંપરામાં અંતે કૃષ્ણ અદશ્ય બની જાય છે અને ગોપીઓને માત્ર વાંસળીના મધુર સૂરો જ સંભળાય છે. આ રીતે અહીં જગતનિયંતાનાં સાકાર અને નિરાકાર સ્વરૂપનું નિરૂપણ થયું છે. દ્વૈત પરંપરામાં રાધા-કૃષ્ણના દિવ્ય યુગલને સર્વોચ્ચ સ્વર્ગ સમા શાશ્વત ગો-લોકમાં હંમેશ માટે નિવાસ કરતા બતાવાયા છે. એમના બધા જ ભક્તો જીવનના અંતે આ સ્વર્ગલોકમાં પહોંચીને એ દિવ્ય યુગલની સેવા કરવાની મનોકામના રાખે છે.


ધાર્મિક ગ્રંથોમાં કહ્યું છે કે કૃષ્ણ કાયમ માટે ગોકુળમાં રહ્યા નથી. એમણે છેવટે તો રાધાની વિદાય લઈને મધુવન છોડવું પડે છે અને મથુરાનગરીમાં જવું પડે છે. કૃષ્ણના જન્મદાતા પિતા વસુદેવ મથુરાનગરીના રાજા છે. કૃષ્ણના મામા કંસે મથુરાનગરીના પ્રજાજનો ઉપર કાળોકેર વર્તાવ્યો છે. કંસના ત્રાસથી પ્રજાજનો ત્રાહિમામ્ પોકારી ગયા છે. કંસના ત્રાસમાંથી પ્રજાજનોને ઉગારવા માટે કૃષ્ણ, મથુરા પહોંચે છે, પરંતુ કંસના સસરા જરાસંધ મથુરાનગરીમાં આગ લગાવે છે. તેથી મથુરાના નગરવાસીઓ તથા યાદવોની સાથે કૃષ્ણ પણ નાછૂટકે મથુરા છોડીને દ્વારકા – બેટદ્વારકા જાય છે. કૃષ્ણનાં લગ્ન ઘણી સ્ત્રીઓ સાથે થયાં છે, જેમાંની મોટા ભાગની રાજકુમારીઓ છે. કૃષ્ણની અનેક રાણીઓમાંની એક રાણી રુકિમણીને ચિત્ર ૬-૨૨માં કૃષ્ણની સાથે બતાવવામાં આવી છે.

ચિત્ર ૬-૨૧માં કૃષ્ણની સાથે રાધા છે અને ચિત્ર ૬-૨૨માં કૃષ્ણની સાથે રુકિમણી છે. એ રીતે એ બંને ચિત્રો જુદાં પડે છે. પહેલા ચિત્રમાં કૃષ્ણપ્રિયતમ છે અને બીજા ચિત્રમાં તે સ્વામી છે. પહેલા ચિત્રમાં એ મોરલી વગાડે છે, બીજા ચિત્રમાં એ શંખનાદ કરે છે. પહેલા ચિત્રના કૃષ્ણ ગોકુળ ગામમાં રહીને ગાયો ચરાવે છે, ગોપીઓ સાથે રાસ રમે છે અને મધુરી મોરલી વગાડે છે. જ્યારે બીજા ચિત્રના કૃષ્ણ મથુરાનગરીના રાજા અને નગરપિતા તરીકે જવાબદારીથી ધર્મ બજાવે છે. પહેલા ચિત્રના કૃષ્ણની કથા ભાગવતપુરાણમાં સવિસ્તર કહેવાઈ છે, જ્યારે બીજા ચિત્રના કૃષ્ણની કથા મહાભારતમાં કહેવાઈ છે. જેનું મુખ્ય વિષયવસ્તુ 'શક્તિ' પર આધારિત છે.


વાઘ પર સવાર થઈને આવેલા તાંત્રિકને મળવા માટે જ્ઞાનેશ્વર એમની સિદ્ધિશક્તિનો ઉપયોગ કરીને એ જે દીવાલ પર બેઠા હતા તે દીવાલને ખસેડીને તાંત્રિકને મળવા જાય છે.



મત્સ્યાકારના કર્ણફૂલ સતત ગતિશીલતા સૂચવે છે.
કૃષ્ણ એમના સંત ભક્ત જ્ઞાનેશ્વર પોતાની દુન્યવી ફરજ પૂરી ન કરે ત્યાં સુધી એમને મળવા માટે વિઠ્ઠલ પાંડુરંગ સ્વરૂપે હાથની કોણીઓ વાળીને રાહ જોતા ઊભા છે.
કૃષ્ણ સાથે દ્વારકાનગરીમાં રુક્મિણી રહે છે.


જ્ઞાનેશ્વર એમની ગૂઢ વિદ્યાનો (સિદ્ધિની શક્તિનો) ઉપયોગ કરીને, પોતાના દેહમાં રસોઈ કરવા જેટલી ગરમી ઉત્પન્ન કરીને એમની બહેન પાસે પોતાના શરીર પર રસોઈ કરાવે છે.


જ્ઞાનેશ્વર સિદ્ધિશક્તિનો ઉપયોગ કરીને ભેંસ પાસે વેદના શ્લોકોનું ગાન કરાવે છે.


જ્ઞાનેશ્વરે 'ભગવદ્ગીતા'નું સામાન્ય લોકો સમજે તેવી સરળ ભાષામાં ભાષાંતર કરી આપવાથી બ્રાહ્મણો એમના પર રોષે ભરાયા હતા.


જ્ઞાનેશ્વરનાં માતાપિતાએ સંન્યાસ ધારણ કર્યાં પછી ફરી સંસારમાં પ્રવેશ કરવાની શિક્ષારૂપે એમના ગ્રામવાસીઓએ એમનો તથા એમના ભાઈઓનો સામાજિક બહિષ્કાર કર્યો હતો.




પંઢરપુરમાં દર વર્ષે વિઠ્ઠલ પાંડુરંગની પ્રતિમાની શોભાયાત્રા નીકળે છે.


ચિત્ર ૬-૨૨

વિઠ્ઠલ-પાંડુરંગના સંત જ્ઞાનેશ્વર

ચિત્ર ૬-૨૨માં કૃષ્ણની સાથે રુકિમણીની પૂજા કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક પ્રજા કૃષ્ણને 'પાંડુરંગ' કહે છે. આ ચિત્રમાં મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વરના જીવનપ્રસંગો પાંડુરંગ અને રુકિમણીના ચિત્રની સાથે બતાવ્યા છે. સંત જ્ઞાનેશ્વરના પિતાએ સંન્યાસ ધારણ કર્યો હતો, પરંતુ એમના આધ્યાત્મિક ગુરુએ સંસારી જીવનની જવાબદારી નિભાવવા માટે એમને ફરી સંસારમાં પાછા ફરવાની આજ્ઞા કરી હતી, તેનું પાલન કરવા એ ફરી સંસારી બન્યા હતા. પરંતુ એક સંન્યાસી ફરી સંસારી બને, એની શિક્ષારૂપે રૂઢિચુસ્ત ગ્રામવાસીઓ એમને એમનાં ચાર બાળકો સાથે ન્યાત બહાર મૂકી દે છે અને તેમનો બહિષ્કાર કરે છે. ઘણી વિનંતીઓ પછી ગ્રામવાસીઓ એમનાં ચાર બાળકોને ન્યાતમાં – સમાજમાં પાછા સ્વીકારવા તૈયાર થાય છે, પરંતુ પૂર્વશરત મૂકે છે કે તે માટે તેમનાં માતાપિતાએ સ્વચ્છાએ પ્રાણત્યાગ કરવો. બાળકોના હિત ખાતર જ્ઞાનેશ્વરનાં માતાપિતા એમના પ્રાણ ત્યજી દે છે, તેમ છતાં ગ્રામજનો અનાથ થઈ ગયેલાં બાળકોને ગામમાં રહેવા દેતાં નથી. બહિષ્કૃત થયેલાં બાળકો પાસે રહેવાનું ઠેકાણું ન હોવાથી તે લોકો સાધુ-સંતો સાથે રહેવા લાગે છે. સાધુસંતોના સંસર્ગની અસરનાં પરિણામ રૂપે જ્ઞાનેશ્વર મહાન સંત બન્યા. જ્ઞાનેશ્વર 'સિદ્ધ' બન્યા. સિદ્ધ જ્ઞાની પુરુષ બ્રહ્મચર્ય પાળે છે, પોતાની ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખી શકે છે અને ગૂઢ વિદ્યા તેમને હસ્તગત હોય છે. ગૂઢ વિદ્યાની જાણકારીને પરિણામે જ્ઞાનેશ્વર એમના બરડા પર ગરમી ઉત્પન કરીને એમની બહેન પાસે રસોઈ કરાવી શકે છે. પાડા પાસે વેદના શ્લોકોનું ગાન કરાવી શકે છે, વાઘ પર સવાર થઈને એમને મળવા આવેલા તાંત્રિક પાસે જવા માટે જ્ઞાનેશ્વર જે દીવાલ પર બેઠા હતા તે દીવાલને ખસેડી શકે છે.


સિદ્ધ પુરુષો 'નાથ' અથવા 'યોગી' કહેવાતા હતા. એ લોકો ગૂઢ વિદ્યાના નિષ્ણાત હતા. ગામની બહાર રહેતા અને એમની ગૂઢ વિદ્યાનો પરચો બતાવતા હતા. એ સમાજ વચ્ચે ભાગ્યે રહેતા અને સામાજિક રીતરસમ અપનાવતા. એ યોગીઓ હતા – એ માત્ર ઋષિઓ જ નહીં, તાંત્રિક અને ભૂવા તરીકે પણ આ વિદ્યાનો ઉપયોગ કરતા.

'નાથ પરંપરા'માં નવ નાથ અથવા નવ સિદ્ધ મુખ્ય ગણાય છે. ચિત્ર ૬-૨૩માં આ નવ-નાથનું ચિત્રણ છે. સંત જ્ઞાનેશ્વર તથા એમના ભાઈ પર આ નવ-નાથનો ઘણો પ્રભાવ હતો. ચિત્ર ૬-૨૪માં નવ નાથના આદિ ગુરુ – પ્રથમ ગુરુ આદિનાથને બતાવ્યા છે. એમનામાં શિવ અને વિષ્ણુ બંને સ્વરૂપોનો સમન્વય છે.



મત્સ્યેન્દ્રનાથ, જેમણે એમના પૂર્વજન્મમાં માછલીના સ્વરૂપે શિવ અને શક્તિ વચ્ચેનો ગુપ્ત વાર્તાલાપ સાંભળ્યો હતો.
રેવનનાથ
ગાહિનીનાથ
નાગેશનાથ
ભરતનાથ
ચારપદીનાથ
જાલિન્દરનાથ
કનીફનાથ
ગોરખનાથ, જેમણે એમના ગુરુ મત્સ્યેન્દ્રનાથને સ્ત્રીઓના મોહમાંથી છોડાવ્યા હતા.

ચિત્ર ૬-૨૩
નવ-નાય



ચિત્ર ૬-૨૪
આદિનાથ દત્તાત્રેય

શિવ અને વિષ્ણુ બંનેનું દૃષ્ટિબિંદુ ભિન્ન છે. શિવ જીવન પ્રત્યે તાંત્રિક અભિગમ ધરાવે છે. વિષ્ણુ જીવન પ્રત્યે વૈદિક અભિગમ ધરાવે છે. શિવ ભૌતિક સત્યને શક્તિ સ્વરૂપે જુએ છે અને બ્રહ્મચર્ય તથા ઇન્દ્રિયનિગ્રહ દ્વારા તેને કેળવી શકાય તેમ માને છે. વિષ્ણુ ભૌતિક સત્યનો સ્વીકાર કરે છે. એ માયા છે એમ સમજીને માયાથી વિચલિત થઈ ન જવા માટે મનને કાબૂમાં રાખતાં કેળવે છે. તાંત્રિક પંથ મુખ્ય પ્રવાહમાં નથી ગણવામાં આવતો. એમાં સમાજના નીતિનિયમોનાં બંધનોને ત્યાગી દેનાર સ્ત્રી-પુરુષોનો –યોગીઓનો સમાવેશ થાય છે. જ્યારે વિષ્ણુનો પંથ મુખ્ય પ્રવાહ ગણાય છે, કારણ કે એના સામાજિક નીતિનિયમો ગૃહસ્થ-જીવનને અનુકૂળ આવે તેવા છે. તાંત્રિક પંથમાં – ધર્મમાં ઇન્દ્રિયજન્ય તીવ્રતા, ભડકીલા રંગનાં વસ્ત્રો, માદકદ્રવ્યો, માંસ-મદિરા અને કામવાસના સંકળાયેલી છે. જ્યારે વૈદિક પંથમાં – ધર્મમાં – ધ્યાન, મોક્ષ અને પરમ શાંતિનું મહત્ત્વ છે. બંને પંથોમાં યોગસાધનાનું મહત્ત્વ છે, જે બંને પંથોમાં સમતોલપણું લાવે છે.

મધ્યકાલીન સમયમાં નવ-નાથ લોકપ્રિય હતા. એમાં મત્સયેન્દ્રનાથ અને એમના શિષ્ય ગોરખનાથ મુખ્ય હતા. મત્સયેન્દ્રનાથના નામના મૂળમાં 'મત્સય' એટલે કે 'માછલી' છે, જ્યારે ગોરખનાથના નામના મૂળમાં 'ગો-રખ' એટલે ગાયોનું રક્ષણ કરનાર – ગાયોને રાખનાર છે. એ સૂચવે છે કે મત્સયેન્દ્રનાથ પર તાંત્રિક પંથનો વધારે પ્રભાવ હતો. (માછલી જંગલના નિયમો – અસ્તિત્વ ટકાવવા માટેના નિયમો, પશુસમાન જાતીય વૃત્તિ, ભૌતિક સત્યની ચંચળતા તેમજ માંસાહારીની સૂચક છે)

જ્યારે ગોરખનાથ વૈદિક ધર્મનું વધારે સમર્થન કરે છે. (ગાય સંસ્કૃતિનું સંયમી જાતીય વૃત્તિનું ભૌતિક સત્યના નિયમોને આધીન જીવનશૈલીનું અને શાકાહારી હોવાનું સૂચવે છે.) એ બંને નાથ દત્તાત્રેય અથવા આદિનાથને તેમના ગુરુ માને છે. જોકે એમાં મત્સયેન્દ્રનાથ ગૂઢવિદ્યા તેમજ યોગીઓ તરફ અને ગોરખનાથ સંસારીઓ તરફ વધારે ઝોક આપે છે. જ્ઞાનેશ્વર પર ગોરખનાથનો પ્રભાવ વધારે હતો અને તેમના મોટાભાઈ ઉપર મત્સયેન્દ્રનાથનો પ્રભાવ હતો. પરિણામે, જ્ઞાનેશ્વર ગૂઢવિદ્યાના જાણકાર હોવા છતાં તેમણે ભગવદ્ગીતાનું લોકભોગ્ય સરળ શૈલીમાં ભાષાંતર કર્યું અને તેને કારણે તે વધારે લોકપ્રિય થયા છે. સામાન્ય મનુષ્ય સંસારમાં રહીને પણ કેવી રીતે આધ્યાત્મિક વલણ રાખીને રહી શકે તે માટે જ્ઞાનેશ્વરે કરેલું આ ભગવદ્ગાન સહુને ઘણું માર્ગદર્શક બન્યું છે.



ચિત્ર ૬-૨૫
કૃષ્ણ દ્વારા અર્જુનને ગીતા સંદેશ.




ચિત્ર ૬-૨૬
કૃષ્ણના સારથિ પદે રહેલા રથમાં સવાર થયેલ અર્જુન

ચિત્ર ૬-૨૫માં કૃષ્ણને ગીતાગાન કરતાં બતાવ્યા છે, જેને 'ભગવદ્ગીતા' કહેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિના મહાન ધાર્મિક ગ્રંથ મહાભારતમાં રાજ્ય માટે કૌરવો-પાંડવો – પિતરાઈ ભાઈઓ વચ્ચે યુદ્ધ થાય છે, તે પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. યુદ્ધ શરૂ થતાં પહેલાનું આ દૃશ્ય છે. કૃષ્ણના ભાઈ બલરામ આ યુદ્ધમાં ભાગ લેવાની ના પાડે છે અને કૃષ્ણ અર્જુનના સારથિ બનીને, યુદ્ધ કરવા માટે અને યુદ્ધમાં વિજયી બનવા માટે તેને પ્રોત્સાહિત કરે છે, પરંતુ યુદ્ધની ઉદ્ઘોષણા થતાં જ અર્જુનનાં ગાત્રો ગળી જાય છે અને તે કહે છે કે રાજ્ય મેળવવા માટે હું મારા પોતાના કુટુંબીજનોને તેમજ મિત્રોને મારવા ઈચ્છતો નથી. એના પ્રત્યુત્તરમાં કૃષ્ણ અર્જુનને યુદ્ધ કરવા માટેનાં કારણો આપતો ઉપદેશ સંભળાવે છે, તે જ 'ભગવદ્ગીતા'. ભૌતિક જગત સાથે કેવી રીતે પ્રવૃત્ત રહેવું, તે તેમાં બતાવ્યું છે. કૃષ્ણ સ્પષ્ટ કહે છે કે આ જગત ક્ષણિક છે. અહીં ક્ષણે-ક્ષણે બધું જ બદલાયા કરે છે. દેહ નશ્વર છે અને આત્મા શાશ્વત છે. શરીર હણાય છે, આત્મા હણાતો નથી. આપણા જીવનનું લક્ષ્ય આત્માને ઓળખવાનું છે અને આત્માને ઓળખવા માટે જીવન જીવવું જરૂરી છે. મનુષ્યનો આત્મા સાથેનો સંપર્ક જેટલો ઓછો એટલો તે મનુષ્ય તરીકે ઓછો વર્તશે – એટલો એ પશુની જેમ વર્તશે – જે રીતે એના પિતરાઈ ભાઈ કૌરવો વર્તે છે એ રીતે પશુની જેમ વર્તશે, સત્તા અને વર્ચસ્વ માટે યુદ્ધ કરશે. માટે મનુષ્યએ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, આત્માને ઓળખવો હોય તો પશુની જેમ વર્તતાં અટકવું પડશે. જગત પર આધિપત્ય મેળવવાની ઈચ્છાનો નાશ કરવો પડશે. બીજા શબ્દોમાં, એણે કૌરવોનો

નાશ કરવો પડશે. કૌરવી વૃત્તિઓનો નાશ કરવો પડશે. સમાજ પ્રત્યેના કર્તવ્યભાનથી કૌરવોનો નાશ થશે ત્યારે આત્મા મુક્ત થશે. આમ અહીં ઈન્દ્રિયો તેમજ મન પર નિયંત્રણ લાવી, મોહમાં અટવાયા વગર પોતાનો ધર્મ બજાવવાનો છે, તેમજ તેના ફળની આશા રાખ્યા વગર કર્મ કરવાનું છે.

ભગવદ્ગીતામાં કહે છે કે કૌરવોને હણવાના નથી, પરંતુ સંઘર્ષ ઉત્પન્ન કરનારી કૌરવીવૃત્તિઓને હણવાની છે. જ્યારે જ્યારે પ્રેમના બદલે સત્તાથી વર્તવામાં આવે ત્યારે ત્યારે સંઘર્ષ ઉત્પન થાય છે. અર્જુન યુદ્ધ કરવાની 'ના' કહે છે એ એટલા માટે નહીં કે એને આ દુનિયા પ્રત્યે પ્રેમ નથી. એ 'ના' એટલા માટે કહે છે કે એને આત્મનિરીક્ષણથી થયેલો ભય સતાવે છે. કૃષ્ણ અર્જુનને યુદ્ધભૂમિ પર પોતાનું વિરાટ વિશ્વસ્વરૂપ બતાવે છે, આત્મા અને દેહ વિશે જ્ઞાન આપે છે. સમાજના નીતિનિયમો સમજાવે છે. કૃષ્ણ અર્જુનને સમજાવે છે કે જગતમાં સબળ વ્યક્તિઓ નિર્બળ વ્યક્તિઓને મદદરૂપ થાય તો જ સમાજ ટકી રહે છે. જ્યારે આ નીતિનિયમોનું ઉલ્લંઘન થાય ત્યારે સમાજમાં અરાજકતા ફેલાય છે. જંગલના નિયમોનું રાજ્ય ફેલાઈ જાય છે, જેને 'અધર્મ' કહેવાય છે. જ્યારે પૃથ્વી પર અધર્મ ફેલાઈ જાય ત્યારે ધર્મની રક્ષા થવી જોઈએ.



વિષ્ણુનું સુદર્શન ચક્ર
વિષ્ણુનું રત્ન કૌસ્તુભમણિ
વિષ્ણનું ધનુષ્યબાણ – સારંગ
વિષ્ણુની કુહાડી – પરશુ
વિષ્ણુની તલવાર – નન્દક
વિષ્ણુની ગદા – કૌમુદકી

ચિત્ર ૬-૨૭

વિષ્ણુ-કૃષ્ણ એમના આયુધો સાથે

અને એ કાર્ય વિષ્ણુ કરે છે. પૃથ્વી પર જ્યારે અધર્મ વધી જાય છે ત્યારે ધર્મનું રક્ષણ કરવા વિષ્ણુ પૃથ્વી પર અવતાર ધારણ કરી જન્મ લે છે. એ સમયે શિવ જેમ જગતજનની તરફ એમનાં નેત્રો બંધ રાખે છે, તેવું વિષ્ણુ નથી કરતા. વિષ્ણુ જગતજનની પ્રત્યે એમના વિશાળ નયનો ખુલ્લા રાખીને, સ્મિત વદને તેમની સાથે ક્રીડા કરશે. ચિત્ર ૬-૨૭માં વિષ્ણુ-કૃષ્ણને આયુધો સહિત બતાવ્યાં છે. આ આયુધોથી એ ધર્મની જાળવણી કરશે, એ ધર્મની સ્થાપના કરશે, પાલન કરશે અને પછી પુનઃ સ્થાપના કરશે, જેથી પ્રત્યેક યુગમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ જળવાઈ રહે.



માનવજીવન આપણને મળેલી એક અમૂલ્ય તક છે.


વૃદ્ધ પુરુષ તરીકે બ્રહ્મા, જે કામનાઓ ભોગવીને ક્ષીણ થઈ ગયા છે. (કરમાયેલું પુષ્પ)
પરિપક્વ પુરુષ તરીકે વિષ્ણુ, જે કામનાઓનું કુશળતાથી નિયમન કરી શકે છે. (પુષ્પ)
નિર્દોષ બાળક તરીકે શિવ, જે કામનાઓથી મુક્ત છે. (બીજ)

ચિત્ર ૭-૧
વિષ્ણુના નાભિ-કમળમાંથી ઉદ્ભવ પામેલા બ્રહ્મા

શિવ, વિષ્ણુ તથા ત્રણ જગતજનનીઓ વિશે ઘણું બધું કહેવાયું છે, પણ બ્રહ્મા વિશે કેટલું કહેવાયું છે? ખાસ નહીં. ચિત્ર ૭-૧માં અન્ય દેવ-દેવીઓની જેમ પ્રસંગોપાત્ તેમની છબી જોવા મળે છે એવું કેમ?

એ સમજવા માટે આપણે આપણી જાતને બે પ્રશ્નો પૂછવા જોઈએ: આપણે સૃષ્ટિના સર્જનહારને શા માટે આટલું મહત્ત્વ આપવું જોઈએ? સૃષ્ટિના સર્જનહારને આપણા પુરાણગ્રંથોમાં સૃષ્ટિના પાલનહાર અને સંહારક જેટલું મહત્ત્વ કેમ આપવામાં નથી આવ્યું?

આપણે જ્યારે 'સર્જક' શબ્દ બોલીએ છીએ, ત્યારે બાઈબલને ધ્યાનમાં રાખીને ધારી લઈએ છીએ કે બાઈબલ પ્રમાણે આ જગતની રચના God (જગતનિયંતા) દ્વારા થઈ છે, તેથી હિન્દુજગતમાં પણ ર જ સર્જક અથવા સર્જનહાર ગણાવા જોઈએ, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે હિન્દુજગતમાં આ સૃષ્ટિની રચના ખાસ હેતુસર થયેલી મનાય છે. બ્રહ્મા ખાસ હેતુસર આ સૃષ્ટિની રચના કરે છે અને પછી બ્રહ્માને એ હેતુનું વિસ્મરણ થઈ જાય છે, તેથી બ્રહ્માને પૂજનીય ગણવામાં આવતા નથી.

વેદોના રચયિતા કવિઓ વિચારે છે કે આ સૃષ્ટિનું અસ્તિત્વ શા માટે છે? ઘણી વિચારણાને અંતે એ એવા નિષ્કર્ષ પર આવે છે કે આપણા 'સ્વ'ને ઓળખવામાં સહાયભૂત થવા માટે આ સૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે. ઉપનિષદમાં આ વિચાર સવિસ્તર કહેવાયો છે. ઉપનિષદ પ્રમાણે આદિ સ્વરૂપ 'સ્વ'ને ઓળખવા માટે 'સ્વ'એ દ્વિભાજિત થવું પડે - 'અન્ય'ની રચના કરી બે ભાગમાં વિભાજિત થવું જોઈએ. આમ, 'સ્વ'ને સમજવા માટે 'અન્ય'નું અસ્તિત્વ છે. પુરાણોમાં આ તાત્ત્વિક વિચારનું નિરૂપણ બ્રહ્માની કથા દ્વારા કરવામાં આવ્યું છે. એ કથા વાંચતી વખતે પ્રકરણ-૩માં નિરુપાયેલી અર્ધનારીના રહસ્યને (આધ્યાત્મિક સત્યને) મનમાં યાદ કરવું જોઈએ. એમાં દેવ-દેવીનું – નર-નારીનું ઐક્ય સ્વરૂપ બતાવ્યું છે. એ સ્વરૂપમાં નર (બ્રહ્મા) ભીતરમાં રહેલી દિવ્ય આધ્યાત્મિક શક્તિ 'સ્વ' (દ્રષ્ટા)ને વ્યક્ત કરે છે, જ્યારે નારીસ્વરૂપ (શતરૂપા)દિવ્યતાના અભાવવાળી ભૌતિકતાને 'અન્ય'ને - દ્રષ્ટાને વ્યક્ત કરે છે.

બ્રહ્માએ પોતે કોણ છે એ જાણવા માટે સૃષ્ટિની રચના કરી હતી, તેથી આ સૃષ્ટિ – તેમનું સર્જન – તેમની પુત્રી હતી. તે સ્ત્રી હતી. પોતે કોણ છે તેનું જ્ઞાન સૃષ્ટિ પાસેથી મેળવવાના બદલે બ્રહ્મા પોતાની પુત્રી પ્રત્યે મોહિત બને છે. જ્યારે સૃષ્ટિ પિતા પ્રત્યે પોતાનો આદરભાવ વ્યક્ત કરવા માટે તેમની પ્રદક્ષિણા કરે છે. ત્યારે બ્રહ્મા તેને ચારે બાજુએથી જોવા માટે પોતાના બીજાં ચાર મસ્તક ઊભાં કરે છે. સૃષ્ટિ જ્યારે ગાયનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે બ્રહ્મા બળદનું સ્વરૂપ ધારણ કરે છે, તે જ્યારે હંસિણીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે બ્રહ્મા હંસનું સ્વરૂપ ધારણ કરે છે, બીજા શબ્દમાં બ્રહ્માએ આત્મસંયમ ગુમાવી દીધો છે. સૃષ્ટિ જે-જેમાદાનું સ્વરૂપ ધારણ કરે છે, બ્રહ્મા તે-તે જાતિના નરનું સ્વરૂપ ધારણ કરીને સૃષ્ટિની પાછળ આસક્ત બને છે. છેવટે બ્રહ્માને જ્ઞાન થાય છે કે તે શતરૂપા, વિવિધ સ્વરૂપ ધારણ કરનાર પ્રકૃતિ હતી, શક્તિ હતી, મહામાયા હતી.



ચિત્ર ૭-૨
દેવી જગતજનની



ચિત્ર ૭-૩
જગતજનનીનો ડરામણો રક્ષક ભૈરવ

જે 'સ્વ'ને ઓળખવાના બદલે હજી સુધી ભૌતિક જગતમાં રમમાણ રહે તેવા બ્રહ્માને કોઈ કેવી રીતે પૂજે? આ બ્રહ્મા કોણ છે? વાચક, એ તમે છો? આ લખનાર એવો હું છું? કે પછી ચિત્ર ૭-૨માં જગતજનનીના પગ નીચે કચડાયેલો, જીવન પર નિયંત્રણ કરવાનો પ્રયત્ન કરી રહેલો રાક્ષસ છે? એ સ્પષ્ટપણે ક્યાંય કહેવાયું નથી.

પરંતુ એવું સ્પષ્ટપણે કહેવાયું છે કે બ્રહ્માનું પાંચમું મસ્તક શિવ છેદી નાખે છે અને એની ખોપરીમાંથી કમંડળ બનાવે છે, તેથી શિવ 'કાપાલિક' – ખપ્પરધારક કહેવાયા છે. શિવ, બ્રહ્માની તીવ્ર

કામેચ્છાનો વિરોધ કરનાર ભૈરવ છે. ચિત્ર ૭-૩માં ભૈરવનું ચિત્ર છે. ભૈરવ જગતજનનીનો ભય પમાડે તેવો રક્ષક છે, પરંતુ તેનો ચહેરો બાળક જેવો નિર્દોષ છે. એના હાથમાં બ્રહ્માનું છેદાઈ ગયેલું મસ્તક છે. આ પાંચમું મસ્તક અહંકારવૃત્તિનું સૂચક છે. ભૌતિક સત્ય પર મનના એ ભાગનું–અહંકારનું–નિયંત્રણ હોવું જોઈએ. શિવ સર્વેસવાં છે, સર્વસ્વ છે, બ્રહ્મા સર્વસ્વ નથી. બ્રહ્મા જેનું જેનું સર્જન કરે છે, શિવ તે બધાનું વિસર્જન કરે છે – સંહાર કરે છે. બ્રહ્માએ 'કામ'નું સર્જન કર્યું. બ્રહ્માએ મૃત્યુના દૈવ 'યમ'નું સર્જન કર્યું. બ્રહ્માએ જન્મજન્માંતરના ચક્રને ફેરવનાર 'કર્મ'નું સર્જન કર્યું. બ્રહ્માએ 'અહંકાર'ની રચના કરી, બ્રહ્માએ ત્રિલોકની રચના કરી. આમ, કામ, યમ, કર્મ, અહંકાર અને ત્રિલોકની રચના કરી અને એ બધાને કારણે પૂજનીય બન્યા નહીં.

જીવનનો હેતુ શું છે? સાચું જીવન જીવવા માટે મનુષ્યએ પોતાના અહંકારને ઓળખીને, એના પર નિયંત્રણ મેળવીને એને ઓગાળી દેવો જોઈએ – કાં તો શિવની જેમ એનો નાશ કરીને અથવા વિષ્ણુની જેમ એના પ્રત્યે અનાસક્ત રહીને. અને એના માટે જન્મ લેવો જરૂરી છે. જન્મ ધરીને જ તે શીખી શકાય. જ્યાં સુધી મનુષ્યને આ સત્ય સમજાતું નથી ત્યાં સુધી એણે અનેક જન્મો ધારણ કરવા પડે છે. એટલા માટે જ બ્રહ્માની સાથે સરસ્વતી દેવી છે. ચિત્ર ૭-૪માં જ્ઞાનની દેવી સરસ્વતી છે. તે સરળ છે. શ્વેતવસ્ત્ર ધારણ કરનાર, હાથમાં પુસ્તક અને વીણા ધરાવનાર આ દેવી નિરાસક્ત અને નિર્વિકાર છે. લક્ષ્મી મનુષ્યને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવી શકે. દુર્ગા મનુષ્યમાં પ્રેમ અને ભય લાવી શકે, પરંતુ સરસ્વતી પવિત્રતા અને શાંતતા લાવે છે. સમગ્ર વિશ્વનું જ્ઞાન તેનામાં સમાયેલું છે, જે વખત જતાં 'અભિજ્ઞાન' બને છે. સરસ્વતીની સાથે ક્યારેક હંસ અથવા સારસ હોય છે, પરંતુ મોટે ભાગે માતા સરસ્વતી દેવીની સાથે રાજહંસ જોવા મળે છે. હંસ અથવા રાજહંસમાં દૂધ અને પાણીને જુદાં તારવવાની શક્તિ છે, જેને નીરક્ષીરવિવેક કહેવામાં આવે છે. એ માનવમનની સારા-નરસાનો ભેદ પારખવાની શક્તિનું પ્રતીક છે. એની સાથે મોર પણ છે. આ મોર પીછાં ફેલાવીને, કળા કરીને પોતાનું સૌંદર્ય બતાવતો નથી, પરંતુ એનાં પીછાં નીચાં રાખીને એ બતાવે છે કે પોતાના વિશિષ્ટ ગુણોને કારણે મનુષ્યએ નમ્રતા કેળવવી જોઈએ. તમે જેટલું જ્ઞાન મેળવશો એટલી પ્રતીતિ થતી જશે કે હજી તમારે ઘણું જ્ઞાન પામવાનું બાકી છે. જ્ઞાન પામવાની આ સંશયવૃત્તિ જેટલી વધારે હશે તેટલું વધારે જ્ઞાન તમે પામી શકશો.

મોરના નીચે ઢળેલાં પીંછાં સૂચવે છે કે નમ્રતા એ જ જ્ઞાનનું સાચું પરિમાણ છે.

લાક્ષણિક રીતે જગતજનની સાથે કોઈ પુરુષ બતાવાયો નથી. તે સૂચવે છે કે જ્ઞાન ઇન્દ્રિયજન્ય આસક્તિઓથી મુક્ત છે.

પુસ્તકો એ વેદો અને ધર્મગ્રંથોનું પ્રતીક છે, જે વૈશ્વિક શાણપણ પ્રગટ કરે છે.

એકાગ્રતા પામવામાં માળા સહાયભૂત થાય છે.

વીણા કળા પ્રત્યેનો પ્રેમ સૂચવે છે.

શ્વેત ચૂંદડી દ્વારા કોઈ પણ પ્રકારની મોહકતા કે આકર્ષણનો અભાવ સૂચવાયો છે.

રાજહંસમાં દૂધ અને પાણીને જુદા તારવવાની શક્તિ છે, (નીરક્ષીરવિવેક) તે પૃથક્કરણ શક્તિનું સૂચક છે.


ચિત્ર ૭-૪
જ્ઞાનની દેવી સરસ્વતી

મનુષ્યમાં રહેલી આ જ શક્તિ માનવજીવનને વિશેષ બનાવે છે. માત્ર મનુષ્ય પાસે જ જીવનનું

ચિંતન કરવાનું અને તેનો અર્થ પામવાનું સામર્થ્ય છે. ઈશ્વરે મનુષ્યને મન જેવી અમૂલ્ય ભેટ આપી છે. તેના કારણે તે વિશ્વની દરેક વસ્તુનું પૃથ્થકરણ કરીને તેનું મૂલ્યાંકન કરી શકે છે, મનુષ્ય આત્મખોજ કરી શકે છે અને તેથી જમનુષ્યને માનવ કહેવામાં આવે છે.

હિન્દુઓ માને છે કે ચોર્યાશી લાખ ફેરા ફર્યા પછી માનવજન્મ મળે છે.

જીવન અને મૃત્યુ વચ્ચેના સમયગાળાની વચ્ચે દેહ પોતાનું કાર્ય કરે છે અને એ પ્રત્યેક કાર્યોના પ્રત્યાઘાત પડે છે અને આત્માએ એના ધારણ કરેલા દેહ પર એના પ્રત્યાઘાતો અનુભવવા પડે છે – એને 'કર્મ' કહેવામાં આવે છે. એટલા માટે જ આકર્મોની ગતિ પ્રમાણે જે નક્કી થાય છે તેના પર આપણો કાબૂ હોતો નથી. આપણે આપણું શરીર, આપણાં માતાપિતા, આપણા સંજોગો પસંદ કરી શકતા નથી. એના પર આપણો કાબૂ નથી.



યલિ, હાથીનું મસ્તક ધરાવતો સિંહ
બુદ્ધિશાળી અને ચતુર બુધ (મરક્યુરી)
સર્જનાત્મક શુક્ર (વિનસ)
ભાવનાઓની અભિવ્યક્તિ કરતો ચંદ્ર (મૂન)
બુધ
શુક્ર
ચંદ્ર
તર્કનિપુણ બૃહસ્પતિ (જ્યુપીટર)
તેજસ્વી સૂર્ય (સન)
આક્રમક મંગળ (માર્સ)
ગુરુ
મંગળ
સૂર્ય
કેતુ
શની
રાહુ
ચંચળ કેતુ (કૉમેટ)
વિલંબ કરાવનાર શનિ (સૅટર્ન)
ગ્રહણ કરનાર રાહુ (એકલીપ્સ)


ચિત્ર ૭-૫
નવ ગ્રહ

આપણા મનની અંદર બ્રહ્માનું છેદાઈ ગયેલું મસ્તક છુપાઈને બેઠું છે. તે શરીરની ઘટનાઓને સમજી શકતું નથી. અહકારને પૂર્વજન્મનાં સંચિત કર્મોની સમૃતિ નથી. આપણું મન આજુબાજુની ઘટતી ઘટનાઓની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. બીજા અર્થમાં, બ્રહ્મા – એટલે કે માનવદેહમાં રહેલી દિવ્યશક્તિ – તેની આસપાસ રહેલી, તેની સર્જેલી સૃષ્ટિને, પોતાની પુત્રીને, જગતજનનીને સ્વીકારવા તૈયાર નથી. એ એને પ્રાપ્ત કરીને એના પર કાબૂ મેળવવા માગે છે. એમાને છે કે આ સૃષ્ટિને નિયંત્રણમાં રાખીને પોતાના અસ્તિત્વને પ્રમાણભૂત બનાવશે. એમ કરવામાં પોતાની અંદર રહેલા દિવ્ય આત્મા પરથી એનું ધ્યાન ખસી જાય છે અને એનું પ્રયોજન આધ્યાત્મિક સુખ મેળવવાનું નહીં, પણ માત્ર ભૌતિક સુખ મેળવવાનું રહે છે. તેથી જેમાં દિવ્યતાનો અભાવ છે તેવી ભૌતિક સ્થિતિનું સંચાલન પોતાને હસ્તક લઈ લે છે. એનું પ્રયોજન આ જગતને સ્વીકારીને, ભીતર રહેલી આધ્યાત્મિકતા તરફ મનને કેળવવાના બદલે ભૌતિકશુખની વૃદ્ધિ કરવા માટે બધાં જ કાર્યો તથા ધાર્મિકવિધિઓ કરવામાં રોકાયેલું રહે છે.

હિન્દુઓ માને છે કે આપણાં કર્મો નવ ગ્રહો – નવ દિવ્ય સ્વરૂપો દ્વારા વ્યક્ત થાય છે અને એની અસર આપણા જીવન પર પડે છે. (ચિત્ર ૭-૫) ગ્રહો સ્વયં દૈવ હોવા છતાં તેની પોતાની કોઈ સ્વતંત્ર ઈચ્છા હોતી નથી. આપણા જીવનકાળ દરમિયાન અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન આપણા પ્રારબ્ધમાં જેનિર્મિત થયું હોય તે પ્રમાણે ગ્રહો એનો ભાગ ભજવે છે.

વેદોના સમયમાં આપણા ઋષિમુનિઓએ જ્યોતિષશાસ્ત્રની રચના કરી. જ્યોતિષશાસ્ત્ર એટલે જ્યોતિનું શાસ્ત્ર એટલે કે મનુષ્યના જન્મના સમય અને સ્થળના આધારે આપણા જીવનમાં ગ્રહોના સ્થાનની ગણતરી કરી આપતું શાસ્ત્ર. આપણે તેને 'કુંડળી' કહીએ છીએ. એ કુંડળીના આધારે કયા ગ્રહની કઈ અસર થશે, તેની ગણતરી માંડીને ભવિષ્ય ભાખી શકાય છે. તેના આધારે આપણા જીવનમાં ઘટનારી આફતો માટે સાવધાન રહી શકાય છે અથવા સાનુકૂળ ભવિષ્યની આશા રાખી શકાય છે.

જ્યોતિષશાસ્ત્રના આધારે મનુષ્યના ભવિષ્યની આગાહી કરી શકાય છે, પરંતુ જો ભવિષ્યકથન અણગમતી ઘટનાની આગાહી સૂચવતું હોય તો શું? ઋષિઓએ તેના નિવારણ માટે 'ઉપાય' બતાવ્યા છે. આપણી કુંડળીમાં રહેલા ગ્રહોની અસર વધારવા કે ઘટાડવા માટે ઋષિઓએ રત્નો, ચોક્કસ મંત્રોના જાપ તેમજ વિધિવિધાન સૂચવ્યાં છે, જેની અસર આપણા પ્રારબ્ધને વધારે સાનુકૂળ બનાવી શકે છે. નવ ગ્રહો અને જ્યોતિષશાસ્ત્ર ઉપરાંત આપણા પ્રારબ્ધ પર આપણી ઈચ્છાશક્તિનો પણ પ્રભાવ પડે છે.



ચિત્ર ૭-૬
વાસ્તુપુરુષ


પ્રારબ્ધની પ્રતિકૂળ અસરોને દૂર કરવા માટે કે અસરની માત્રા ઘટાડવા માટે ઋષિઓએ

વાસ્તુશાસ્ત્રની રચના કરી એ માટે આપણે વાસ્તુશાસ્ત્ર કેવી રીતે રચાયું તે સમજીએ. આપણે જેમાં રહીએ છીએ, તે પૃથ્વી ગોળ છે અને ક્ષિતિજ સુધી વિસ્તરેલી છે. પૃથ્વીની એ ગોળાઈની હદમાં મનુષ્યો વસે છે. મનુષ્યોનાં રહેઠાણો ચતુષ્કોણ આકારના છે. આ મુખ્ય ચતુષ્કોણમાં વાસ્તુપુરુષ રહે છે. મુખ્ય ચતુષ્કોણને નાના-નાના એકસરખા ચતુષ્કોણમાં વિભાજિત કર્યા છે. હવે અવકાશની બધી જ દિશાઓ પર દિગ્પાલ નામના દેવનું આધિપત્ય છે. ઘરની દીવાલો, બારીઓ અને બારણાંઓની દિશા બદલીને દેવની શક્તિનો ઘરમાં પ્રવેશ કરાવીને શુભ ફળ પ્રાપ્ત કરી શકાય છે અને ભવિષ્ય વધારે સારું બનાવી શકાય છે. આમ, આપણી ઈચ્છાશક્તિથી નડતર દૂર કરવા માટે ખાસ વિધિ અથવા ફેરફાર કરીને પ્રારબ્ધને સાનુકૂળ બનાવી શકાય છે.

ચિત્ર ૭-૬ વાસ્તુપુરુષનું છે. વાસ્તુપુરુષ નામનો દાનવ ધરતી પરથી ઊંચે ઊઠીને આકાશમાં છવાઈ જઈને અંતરાયરૂપ બનવા માગતો હતો. એ વાસ્તુપુરુષ ઉપર ન ઊઠે માટે એનાથી બચવા માટે વિવિધ દેવતાઓએ એને દસે દિશાઓથી નીચે દબાવી રાખ્યો છે અને તે તે દિશાઓના તે દેવતા અધિષ્ઠાતા છે. ઉત્તર દિશામાં દેવોના કોષાધ્યક્ષ. કુબેર ભંડારીનું, દક્ષિણ દિશામાં મૃત્યુના દૈવ યમરાજાનું, પૂર્વ દિશામાં પર્જન્ય વરસાદના દૈવ ઈન્દ્રનું અને પશ્ચિમ દિશામાં સમુદ્રના દૈવ વરુણનું આધિપત્ય છે. ઈશાન ખૂણામાં સોમ એટલે કે ચંદ્રનું, નૈઋત્ય ખૂણામાં સૂર્યનું, વાયવ્ય ખૂણામાં વાયુદેવનું અને આગ્નેય ખૂણામાં અગ્નિદેવનું આધિપત્ય છે. બધી જ સામસામી દિશાઓ એકબીજાંની પૂરક છે. એ રીતે પૃથ્વી પર સમતોલપણું જળવાઈ રહે છે. વાસ્તુપુરુષની નાભિ પાસે બ્રહ્મા – પુરુષ સ્વયં છે તે આ સૃષ્ટિનું મધ્યબિંદુ છે.

આ રીતે વાસ્તુશાસ્ત્રમાં અધિષ્ઠાતા દેવનો પ્રભાવ હોય છે, જે પ્રારબ્ધ પર અસર કરે છે.

તે ઉપરાંત આપણને ભૌતિક સંપત્તિ પૃથ્વીના પેટાળમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે વનસ્પતિઓ ધરતીની અંદરથી અંકુરિત થઈને બહાર આવે છે. ખનીજ પદાર્થો ધરતીને ખોદીને – ખાણમાંથી બહાર કાઢવામાં આવે છે. ધરતીના પેટાળમાં વહેતા પાણીના ઝરાને બહાર લાવવામાં આવે છે અને તેથી જ હિન્દુ ધર્મમાં ધરતીની અંદર સમાયેલાં આ તત્ત્વોની ખૂબ ભક્તિભાવથી પૂજા કરવામાં આવે છે. એ જ રીતે ફેણવાળા નાગની – ખાસ કરીને રાફડાની અંદર રહેતા નાગની પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં નાગને 'નાગદેવતા' કહેવામાં આવે છે. તેને કુદરતની ગહનશક્તિઓ છુપાઈને બેઠેલી હોય છે તેવી ધરતીના પેટાળનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે. નાગજાતિ સુવર્ણ અને રત્નોથી જડિત 'ભોગવતી' નગરીમાં વસે છે. સમુદ્રમંથન વખતે જ્યાં અમૃતનો કુંભ રાખવામાં આવ્યો હતો, તે સ્થળે ઘાસ ઉપર થોડું અમૃત ઢોળાયું હતું. એના પર નાગ આળોટયા હતા, તેથી જ નાગ પોતાની જૂની કાંચળી ઉતારીને નવી કાંચળી ધારણ કરી શકે છે એમ મનાય છે. એથી એને નવસર્જન અને નવજીવનના પ્રતીક માનવામાં આવે છે.




ચિત્ર ૭-૭
નાગ

કેટલાક નાગની ફેણ પર મણિ હોય છે (ચિત્ર ૭-૭) તેને નાગમણિ કહેવાય છે. નાગમણિમાં કોઈ પણ ઈચ્છાની પૂર્તિ કરવાની ક્ષમતા છે, તેથી નાગમણિ મેળવવા માટે સૌ તત્પર હોય છે. એમ કહી શકાય કે નાગમણિ પ્રાપ્ત કરવાની ઈચ્છા કે નાગદેવતાના આશીવાદ પામવાની ઈચ્છા એ સારું પ્રારબ્ધ મેળવવા માટેની એક પ્રશાખા છે – નાગને પૂજવાથી પ્રારબ્ધ જે નથી આપ્યું, તે મળવાની આશા રહે છે.

ચિત્ર ૭-૮માં યક્ષ જાતિ બતાવવામાં આવી છે. નાગ પાતાળમાં વસે છે. જ્યારે યક્ષ ઉત્તરે આવેલા હિમાલયમાં અલકાનગરીમાં વસે છે. અલકાપુરી વિવિધ ખજાનાની નગરી છે. નાગજાતિ વનસ્પતિ તેમજ બાળકો સાથે સંકળાયેલી છે, જ્યારે યક્ષ જાતિ વિવિધ રત્નો તથા ધાતુ સાથે સંકળાયેલી છે. નાગણો તેમજ યક્ષિણીઓ કાતિલ મોહક સૌંદર્ય ધરાવે છે, જ્યારે યક્ષ પુરુષો સ્થળ, ઢીંગણા કદના અને

બેડોળ, હોય છે. તેમના રાજા કુબેર છે. એની દંતકથા મુજબ દક્ષિણમાં આવેલી લંકાનગરી કુબેરની હતી, પરંતુ એના ભાઈ રાવણે બીજું સૈન્ય ઊભું કરી, કુબેરને દક્ષિણમાંથી ઉત્તર દિશામાં ધકેલી દીધો. કુબેર દેવતાઓના કોષાધ્યક્ષ છે તે 'કુબેરભંડારી' કહેવાય છે. એમણે વાનરને પાળ્યો છે. વાનર સર્પોનો દુશ્મન છે. એ સૂચવે છે કે નાગ અને યક્ષો વચ્ચે દુશ્મનાવટ છે. નાગ સંપત્તિમાં વૃદ્ધિ કરે છે, જ્યારે યક્ષો સંપત્તિનો સંગ્રહ કરે છે.

આમ, જ્યોતિષશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, નાગપૂજા તેમજ યક્ષની પૂજા, સમય અને આકાશનાં પરિબળોને અમુક ચોક્કસ દિશા તરફ દોરીને પ્રારબ્ધમાં સારો બદલાવ લાવી શકે છે. જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર માને છે કે મનુષ્ય પ્રારબ્ધ પર, દૈવ પર કાબૂ મેળવીને એના નસીબને બદલી શકે છે, પરંતુ આ વિશ્વનું સંચાલન કરતા અન્ય પરિબળો પણ છે અને તે છે તીવ્ર ઈચ્છાશક્તિ. સૌપ્રથમ બ્રહ્માને જગતજનનીને પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા થઈ હતી. એમની ઈચ્છાથી એ જગતજનનીનું સ્વરૂપ બદલી શક્યા. આમ, ઈચ્છાશક્તિથી મનુષ્ય એનું વિશ્વ બદલી શકે છે. સુખી જીવન જીવવાની ઈચ્છા માટે ઘણી ધાર્મિકવિધિઓ–વ્રત કરવામાં આવે છે.



જ્યોતિષશાસ્ત્રના નવ દિવ્ય ગ્રહો, આકાશમાં જેના સ્થાન પ્રમાણે પ્રારબ્ધનું ભવિષ્યકથન થઈ શકે છે.
ઉત્તર દિશામાં આવેલી અલકાપુરી પર કુબેર રાજ્ય કરે છે.
લક્ષ્મીને કુબેરની બહેન માનવામાં આવે છે.
કુબેરની પત્ની નિધિ, જે સંપત્તિની દેવી છે.
સ્થૂળકાય યક્ષો કુબેરના ભંડારનું રક્ષણ કરે છે.
કુબેરનો નોળિયો મોંમાંથી રત્નો બહાર કાઢે છે.
અસુરોના ગુરુ અને લક્ષ્મીના રક્ષક એવા શુક્રનો અપરોક્ષ ઉલ્લેખ હાથી દ્વારા થયો છે.
લક્ષ્મી સમુદ્રદેવ – જળના દેવ વરુણની પુત્રી છે, જેને માછલી દ્વારા બતાવી છે.

ચિત્ર ૭-૮

ચિત્ર ૭-૯માં સત્યનારાયણના વ્રતનું અને ચિત્ર ૭-૧૦માં સંતોષીમાના વ્રતનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સત્યનારાયણનું વ્રત કોઈ પણ દિવસે થઈ શકે છે. આ વ્રત પતિ-પત્ની સાથે કરે છે, જ્યારે સંતોષીમાનું વ્રત શુક્રવારે કરવામાં આવે છે અને તે વ્રત માત્ર સ્ત્રીઓ જ કરી શકે છે. સત્યનારાયણનું વ્રત જીવનમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ અને ઉજજવળ ભવિષ્ય અને પરિવારના સભ્યોના સ્વાસ્થય માટે કરવામાં આવે છે. સંતોષીમાનું વ્રત લગ્ન માટે, સંતતિ માટે તેમજ દુ:ખના દિવસો દૂર કરવા માટે સ્ત્રીઓ કરે છે. સત્યનારાયણના વ્રતમાં બ્રાહ્મણ દ્વારા પૂજા કરાવવામાં આવે છે. જ્યારે સંતોષીમાના વ્રતમાં સ્ત્રીઓ જાતે જ પૂજા કરે છે. સત્યનારાયણના રૂપે ભગવાન વિષ્ણુ હોય છે. જ્યારે સંતોષીમાના રૂપે 'શક્તિ' હોય છે. જોકે મંદિરોની ધાર્મિક વિધિવિધાન દર્શાવતા ગ્રંથોમાં કે પરંપરાગત આગમોમાં આ બંને દેવ કે દેવીનો ઉલ્લેખ નથી, પરંતુ સાંસારિક પ્રશ્નોના નિવારણ અર્થે સંસારી લોકો આ ધાર્મિક ક્રિયાઓ કરે છે. સત્યનારાયણના વ્રતમાં વિષ્ણુ ભગવાનના એક હજાર નામનો જપ કરવાનું મહત્ત્વ છે, જેને 'વિષ્ણુસહસ્રનામ' કહેવામાં આવે છે. ભગવાન વિષ્ણુના સ્વરૂપસમાન સત્યનારાયણ દેવ ઉપર વિષ્ણુના એક-એક નામોચ્ચારણ સાથે તુલસીપત્ર ચઢાવવામાં આવે છે. વિષ્ણુસહસ્રનામના જાપ કરવાથી દંપતીમાં ભક્તિભાવ જાગૃત થાય છે અને ભગવાન વિષ્ણુપ્રસન્ન થઈને એમની મનોકામના પરિપૂર્ણ કરે છે. સંતોષીમાનું વ્રત સ્ત્રીઓ કરે છે. સ્ત્રીઓ અમુક શુક્રવાર કરવાની માનતા રાખીને દર શુક્રવારે એક સમય ભોજન લે છે, તેમાં ખાટી ખાદ્યસામગ્રીનો ત્યાગ કરે છે. સંતોષીમાને ગોળ અને ચણાનો પ્રસાદ ધરાવે છે. વ્રત કરનાર સ્ત્રી આ પ્રકારનું વિશિષ્ટ ભોજન [illegible] મા પ્રત્યેની પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે અને માની કૃપાથી સારા ફળની આશા રાખે છે.


નારદ વ્રતનું મહત્ત્વ સમજાવતી
કથાનું નિરૂપણ કરે છે.
વ્રતનું પાલન કરનાર વેપારી
સુખી ગૃહસ્થજીવન ગાળે છે.
ભક્તો સત્યનારાયણ ભગવાનને ભૂલી
જાય છે, ત્યારે એમને કાયદાકીય
સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
દુઃખી માતા અને દુઃખી પુત્રી
સત્યનારાયણની કથાનું શ્રવણ
કરે છે અને તેનું વ્રત કરે છે.


હિન્દુ ધર્મમાં દિવ્યતાના
સાર્વત્રિક પ્રતીકરૂપે કુંભ ઉપર
શ્રીફળ મૂકવામાં આવે છે.
પતિની રાહ જોતી સ્ત્રીને
નણંદ ત્રાસ આપે છે.
ભૌતિક ભાગ્યની (દુન્યવી
સુખ) માગણી કરતાં પતિને
પત્નીથી અલગ બતાવ્યા છે.
સંતોષીમાનું વ્રત પરિપૂર્ણ
થયા પછી બાળભોજન કરાવીને
તેને ઉજવવામાં આવે છે.

ચિત્ર ૭-૯

સત્યનારાયણનું વ્રત.

ચિત્ર ૭-૧૦
સંતોષીમાનું વ્રત

આ બંને વ્રતમાં એક-એક કથાનું નિરૂપણ થયું છે. તે મુજબ અમુક વેપારીઓ જ્યારે જે તે દેવ કે દેવીની ઉપેક્ષા કરે છે ત્યારે તેમને કપરા સમયનો સામનો કરવો પડે છે, પરંતુ જ્યારે તેમને પસ્તાવો થાય છે ત્યારે તેમને આદરપૂર્વક યાદ કરીને ભક્તિભાવથી તેમનું પૂજન કરે છે ત્યારે તે પ્રસન્ન થાય છે અને તેમના આશીવાદ પામી સુખ-સંપન્ન થાય છે. આ બંને વ્રતની પૂજા સરળ છે. ભગવાન સત્યનારાયણ તથા સંતોષીમાની પ્રાર્થના કરીને પોતાની મનોકામના વ્યક્ત કરવા માટે વ્રતધારક ઉપવાસ કરીને પૂજા કરે છે, એમની કથા સાંભળે છે. સંતોષીમાના વ્રતમાં સ્ત્રીઓ પૂજા કરે છે, રાત્રિજાગરણ કરે છે. મંદિરે દર્શન કરવા જાય છે. તેમજ પવિત્ર નદી કે સરોવરમાં સ્નાન કરે છે. ભગવાન સત્યનારાયણ કે સંતોષીમા પાસે પોતાની મનોકામના વ્યક્ત કરી તેમના આશીવાદ મેળવવાનું આ કાર્ય પવિત્ર મનાય છે. આ વ્રત દ્વારા પોતાનું ભાગ્ય પલટવા માટેનો આ શ્રેષ્ઠ માર્ગ ગણાય છે.

આમ, હિન્દુ ધર્મમાં સામાન્ય પુરુષ ભૌતિક સુખ મેળવવા માટે આ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ કે વ્રત પર વધારે ભાર મૂકે છે એવું સ્પષ્ટ જણાય છે. પરંતુ હિન્દુ ધર્મના મહાન ધર્મગ્રંથોમાં કહ્યું છે કે, આ ભૌતિક જગત તો માત્ર માધ્યમ છે. જીવનનો અંત નથી. ભૌતિક જગતમાં અંતે તો દુ:ખ અનિવાર્યપણે આવશે જ. કારણ કે એ જગત(સૃષ્ટિ)ની પ્રકૃતિ છે. એ ચંચળ છે તેથી એ સતત પરિવર્તન પામે છે. માનવજીવનમાં કરુણ ઘટનાઓ બને છે તે ખરેખર તો મનુષ્યને જીવનનાં સાચાં પ્રયોજન તરફ દોરી જવા માટે બને છે. 'સ્વ'ને સાચી રીતે ઓળખવા માટે બ્રહ્માએ સૌપ્રથમ – પોતાનાં ચાર મસ્તક ઊભાં કર્યાં તે પહેલા – સૂચવ્યું હતું.

ચિત્ર ૭-૧૧માં ભગવાન વિષ્ણુ હાથીને મગરના જડબામાંથી મુક્ત કરે છે, તે બતાવ્યું છે. હાથી ભૌતિક જગતનો આનંદ માણનાર મનુષ્ય છે. હાથી કમળ-સરોવરમાં મોજમસ્તીથી સ્નાન કરવામાં મગન છે ત્યારે સરોવરમાં રહેલો મગરમચ્છ તેના જડબામાં હાથીનો પગ પકડી લે છે. તે રૂપક દ્વારા સમજાવ્યું છે કે ભૌતિક જગતમાં સામાન્ય મનુષ્ય નામ, સંપત્તિ, કીર્તિ અને બળને જ જીવનનો આનંદ સમજે છે. એ આનંદનો ઉપભોગ કરવામાં રમમાણ થઈ જવાના પરિણામે તે ઘોર હતાશા, દુર્બળતા, સંતાપ અને ઉદ્વેગની ગર્તામાં સપડાઈ જાય છે. અહીં દુન્યવી સંતાપ અને પીડાને મગરમચ્છ સાથે સરખાવવામાં આવી છે. આ બધા સંતાપો અને ઉદ્વેગોમાંથી મુક્તિ મેળવવા માટે મનુષ્ય સમર્થ નથી. મનુષ્ય અહકારી છે, પરંતુ અહંકાર કરતાં પણ વધારે મહાન શક્તિને ઓળખીને તેના પર શ્રદ્ધા રાખવાથી મુક્તિ મળે છે. આ શક્તિ એ જ જગતનિયંતા છે. એ મનુષ્યની ભીતર જ રહેલો છે. એને આ ચિત્રમાં વિષ્ણુ સ્વરૂપે બતાવવામાં આવ્યા છે.




યિત્ર ૭-૧૧
હાયીઓના રાજાને (ગજમોક્ષ) વિષ્ણ મુકત કરે છે.

આમ, દરેક મનુષ્ય પાસે બે વિકલ્પ છે. કાં તો આપણામાં રહેલા પશુને – પશુત્તિને બળ અને કપટથી આ જગત પર હાવિ થવા દેવી અને આપણામાં રહેલી રિક્તતાને (ખાલીપણાને) પુરાવા ન દેવી અથવા તો, આપણામાં રહેલી એ પશુત્તિને કાબૂમાં લઈને, લોકો સાથે સંપર્કમાં રહીને, તેમને સમજીને, તેમના પ્રત્યે પ્રેમપૂર્વક રહીને આપણી ભીતર રહેલી દિવ્યતાને પામીને પરિપૂર્ણતા પામવી. ચિત્ર ૭-૧૨માં આ વિચારને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ ચિત્ર હનુમાનજીનું છે. હનુમાનને સંકટને દૂર કરનાર સંકટમોચન દેવ કહેવાયા છે. હનુમાન વાનર છે. હનુમાને જેમ ભગવાન રામ પર આવી પડેલાં સંકટોને દૂર કર્યાં હતાં, તે જ રીતે એ મનુષ્ય પર આવી પડેલા સંકટોને દૂર કરીને સારું જીવન જીવવા માટે તે હનુમાનની પૂજા ભક્તિભાવથી કરે છે. મનુષ્યનાં કાર્યોમાં વિલંબ કરાવનાર શનિદેવતાને તેમજ દરેક કાર્યોને ઢાંકી દેતાં ગ્રહણના દેવતા રાહુદેવને હનુમાન અતિક્રમી જઈને તેમની અસર ઓછી કરી શકે છે.

વાનર મનુષ્યના મનની ક્ષુબ્ધ અવસ્થા, અજંપો તથા જિજ્ઞાસાવૃત્તિને રજૂ કરે છે. હનુમાને પોતાનું મન ભગવાન પર કેન્દ્રિત કર્યું છે. હનુમાનના હૃદયમાં ભગવાન રામ બિરાજે છે. જગતનિયંતા પ્રત્યેની અખૂટ શ્રદ્ધાએ હનુમાનને શક્તિશાળી બનાવ્યા છે. પ્રારબ્ધ પર વિજય અપાવવામાં તે સહારૂપ થાય છે. તે એમ સમજાવવાનો પ્રયત્ન કરે છે કે મનુષ્યનું પ્રારબ્ધ બદલી શકાતું નથી, પરંતુ એ ધીરજ રાખતાં શીખવે છે. એ નિ:સ્વાર્થભાવે સહુને મદદ કરે છે. એ આધિપત્ય કે સત્તા મેળવવા ઝંખતા નથી. એ પરમાત્મા પ્રત્યેના એમના પ્રેમથી આત્મ-સંતુષ્ટ છે અને એમનો એ જ પ્રેમ માનવજાત માટેના એમના પ્રેમમાં છલકતો દેખાય છે. એ બ્રહ્મચારી મનાય છે, પણ એ બ્રહ્મા જેવા બ્રહ્મચારી નથી – જે બ્રહ્મા જગતજનની પ્રત્યે આસક્ત થઈને મોહાંધ બન્યા હતા તે બ્રહ્મા જેવા નથી. એ અનાસકત છે. એમણે પોતાના પ્રારબ્ધનો સ્વીકાર કર્યો છે. એ રામ-સીતાનાં ચરણો પાસે બેઠા છે (ચિત્ર ૬-૧૮) અને જગતજનની તથા જગતનિયંતા ભૌતિક સત્ય અને આધ્યાત્મિક સત્યની સેવાથી સંતુષ્ટ છે.


વાનર મનની ચંચળતા
અને વ્યગ્રતાનું સૂચક છે.
હનુમાનમાં પર્વત
ઊંચકવાની તાકાત છે,
તે સૂચવે છે કે માનવમનમાં
એટલી તાકાત રહેલી છે કે
તે કોઈ પણ સમસ્યાનો
સામનો કરી શકે છે.
હનુમાનના હૃદયમાં રામનું
ચિત્ર તેનું
સૂચવે છે.
હનુમાનનું કટિવસ્ત્ર
(લંગોટ) સંયમનું પ્રતીક છે.

ચિત્ર ૭-૧૨

હનુમાન

જો વાનર પરમાત્માની કક્ષાએ પહોંચી શકે, તો માનવ પણ તે કક્ષાએ પહોંચી શકે. એ જ રીતે નહીં પૂજાતા એવા બ્રહ્મા માટે આપણે હજી આશા રાખી શકીએ.

આભારદર્શન

આ પુસ્તકનું સર્જન કરવામાં અહીં નિર્દેશ કરેલા મારા મિત્રો સહિત મને સહાયભૂત બનેલા સહુ કોઈનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

- ધૈવત છાયા - જેમણે આ પુસ્તકનો લે-આઉટ તૈયાર કરવામાં અંગત રસ દાખવ્યો છે.
- રાહુલ સુંદર - જેમણે મૂળ ચિત્રો મેળવવામાં મદદ કરી છે.
- ડૉ. સતીષ રેડ્ડી, ચેન્નાઈ- જેમણે અમને મૂળ ચિત્રો મેળવવામાં મદદ કરી છે.
- જનાર્દન સાટોસે - જેમણે મારાં ચિત્રોના સંગ્રહને બારીકાઈથી ચકાસી આપ્યાં છે.
- મારાં તંત્રી દીપ્તિ તલવાર - જેમણે મને આ પુસ્તક લખવાની તક આપી છે અને એમાં સંપૂર્ણ સ્વતંત્રત આપી છે.